
રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## સંસ્થાના ૭૩માં સ્થાપના દિને મનોરથને વાગોળિયે...




વર્ષ: ૭૯ અંક : ૧૦ ૧૫ મે, ૨૦૨૬

સૌ. ર. સમિતિના સહયોગથી લોકભારતી ગોશાળા ખાતે શરૂ થયેલ મફત છાશ કેન્દ્ર



સૌ. ર. સમિતિના સહયોગથી ગ્રામદક્ષિણામૂર્તિ- આંબલા ખાતે શરૂ થયેલ મફત છાશ કેન્દ્ર



સૌ. ર. સમિતિના સહયોગથી પંડિત સુખલાલજી લોકવિદ્યાલય માઈધાર ખાતે શરૂ થયેલ મફત છાશ કેન્દ્ર



# કોડિયું

વર્ષ : ૭૯ | મે ૨૦૨૬ | અંક : ૧૦


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | હૃદયગમ્ય ભરોસાનું ભજન<br>ભાવના પાઠક | ...૦૬ |
| ૦૨ | માનવતાની માવજત એ જ ધર્મ...<br>ગુણવંત શાહ | ...૧૬ |
| ૦૩ | બાઉલ ઘાટ, બાઉલ આશ્રમ<br>સતીશચંદ્ર વ્યાસ | ...૧૮ |
| ૦૪ | એકનિષ્ઠ સમર્પણ : વૈદ્યરાજ મજીઠિયાભાઈ<br>મનસુખ સલ્લા | ...૨૦ |
| ૦૫ | હરિ અનંત હરિકથા અનંતા<br>ઉદયન ઠક્કર | ...૨૩ |
| ૦૬ | કથા આશા અને વિકાસની : લોકશાહીની પાઠશાળા<br>બિંદુ - પાર્થેશ | ...૨૫ |
| ૦૭ | ‘રૂપાંતર’: બાળકોના ભવિષ્ય નિર્માણની યાત્રા<br>છાયા પારેખ | ...૨૯ |
| ૦૮ | શિક્ષણ દ્વારા દેશની સેવા કરવી<br>ભાણદેવજી | ...૩૨ |
| ૦૯ | ‘સન્માન’ હોવું જોઈએ મહેમાન !<br>હા. શ. ભટ્ટ | ...૩૪ |
| ૧૦ | સંસ્થા સમાચાર<br>પ્રશાંત મહેતા | ...૩૮ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી મેહુલભાઈ ભટ્ટ
(મો. ૯૪૨૭૨૩૩૪૬૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૯૯૦૩૪

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

◆ **સૂચના** ◆

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

◆ **લેખ મોકલવા માટે** ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

◆ **લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર** ◆

શ્રી રવિભાઈ પંડ્યા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

◆ **લેખકોને** ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

◆ **લવાજમ** ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

અમુક તારીખો અને તિથિઓ પણ નસીબદાર હોય છે. જે અમર થઈ જાય છે ! આજે વૈશાખી પૂર્ણિમા છે, હા, બુદ્ધજયંતી છે. ભારતની સર્વ પ્રથમ નઈ તાલીમ અને ગાંધીવિચારને સમર્પિત એવી સંપૂર્ણ નિવાસી ગ્રામવિદ્યાપીઠ 'લોકભારતી'નો ૭૩મો સ્થાપના દિવસ, જન્મદિવસ છે. મા લોકભારતીને દંડવત પ્રણામ સાથે શુભેચ્છાઓ પાઠવીએ. આજથી અઢીહજાર વર્ષ પૂર્વેની ઘટના આપણા માટે કાયમ તાજગી પૂરનારી બની ગઈ. ભગવાન બુદ્ધની ત્રિવિધ જયંતીનો આ પવિત્ર દિવસ છે. વૈશાખી પૂનમે ભગવાન બુદ્ધનો જન્મ, જ્ઞાન- બોધિત્વ - બોધિપ્રાપ્તિ અને મહાપરિનિર્વાણ એમ ત્રણે ઘટના બનેલી. આ પણ કેવી ચમત્કારી નિયતિ કહેવાય ! વૈશાખી પૂનમ હવે બુદ્ધજયંતીથી ઓળખાય છે. બુદ્ધે કરુણાનું તો ભગવાન મહાવીર સ્વામીએ અહિંસાનો તો મહાત્મા ગાંધીજીએ સત્યનો મારગ બતાવ્યો. સત્ય, પ્રેમ અને કરુણાની ત્રિપગી ઘોડી ઉપર વિશ્વશાંતિનું માટલું ટક્યું છે. હૃદયને શાતા આપતું ટાઢું - શીતળજળ આ માટલામાં અખૂટ ભર્યું છે. આ જળનાં પાનની નહીં, અભિષેકની પણ અત્યારના વિશ્વને બહુ જરૂર છે. સત્ય અને અહિંસાના સાધનોથી સાધ્ય કરુણાને પામવાની છે. યુદ્ધ, હિંસા, અતિશોષણ, રાગ-દ્વેષ, તમામ પ્રકારના ભેદભાવ ભૂલીને - હા, આપણે 'અમે'ના ડસ્ટરથી 'હું'ને ભૂંસી નાખવાનો છે. આપણા સ્થાપકો બરાબર સમજતા હતા કે બુદ્ધ વિના પ્રબુદ્ધ નહીં થવાય. બીજું કે જેમ બુદ્ધને લોકો સુધી પહોંચવું હતું તેમ લોકભારતીને પણ લોકો સુધી પહોંચવું છે. આથી તેમણે લોકાભિમુખ અભિગમ અપનાવ્યો માતૃભાષાને પ્રાધાન્ય આપ્યું.

આ માટેનું સર્વશ્રેષ્ઠ માધ્યમ કોઈ હોય તો તે છે જીવનલક્ષી કેળવણી. આથી લોકભારતીની સ્થાપના સમયે કેળવણીવિદ્ કાકાસાહેબ કાલેલકર સહિતના મહાનુભવોની હાજરીમાં ઋષિવર્ય પૂજ્ય નાનાદાદાએ કહેલું કે, ''લોકભારતી ગ્રામવિદ્યાપીઠની કલ્પના સાવ નવી નથી, તે લાંબા સમયથી મારા મનમાં અસ્પષ્ટ રીતે પડેલી હતી. ત્યારબાદ શ્રી રાધાકૃષ્ણનના અધ્યક્ષપદ હેઠળના યુનિવર્સિટી કમિશનના અહેવાલમાં ગ્રામવિદ્યાપીઠનું પ્રકરણ વાંચવામાં આવ્યું અને ડૉ. મોર્ગનના વિચારોનો પ્રભાવ મારા પર પડ્યો. આ વિચારોએ ધીમે-ધીમે આકાર ધારણ કર્યો, જેનું મૂર્ત સ્વરૂપ એટલે આ લોકભારતી સંસ્થા''

તેમણે વધુમાં સ્પષ્ટ કર્યું હતું કે, ''આપણી ગ્રામવિદ્યાપીઠ એ કોઈ અન્ય યુનિવર્સિટીઓના વિરોધમાં નથી, પરંતુ ગ્રામજનોની સાચી સેવા કરવાની એકમાત્ર મહેચ્છાથી આ કાર્ય ઉપાડ્યું છે. ગ્રામીણ યુવાનોમાં અખૂટ શકિત અને કોઠાસૂઝ રહેલી છે. જેમ ગોળકોંડાની ખાણમાંથી નીકળતા પથ્થરની કિંમત તેને 'બેલ્જિયમ કટ' મળ્યા પછી જ લાખોમાં અંકાય છે, તેમ ગામડાંઓમાં અનેક છૂપાં રત્નો પડેલાં છે. તેમને યોગ્ય સંસ્કારી તાલીમ અને ઓપ આપવાની જરૂર છે. આ હેતુથી જ ગ્રામદક્ષિણામૂર્તિ અને ત્યારબાદ લોકભારતીની સ્થાપના થઈ છે.''

નાનાભાઈના મતે, બાહ્ય સુધારાવાદ એ સંસ્કૃતિ નથી, પરંતુ જે માણસના અંતઃકરણને માનવતાસભર બનાવે તે જ સાચી સંસ્કૃતિ છે. ગામડાંના ગરીબમાં ગરીબ માણસમાં સુષુપ્ત રીતે પડેલા સંસ્કારને જાગૃત કરી, નવી કેળવણીની અખંડજ્યોત તેમના ઝૂંપડા સુધી પહોંચાડવી એ લોકભારતીનો મુખ્ય મનોરથ રહ્યો છે.

— [signature]

# ૦૧ હૃદયગમ્ય ભરોસાનું ભજન

**ભાવના પાઠક**

(ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને કાર્યકરોની તીવ્ર માંગણીઓને કારણે તથા આ સામગ્રી વિવિધ રીતે પ્રેરણારૂપ બની રહેશે તેવી અપેક્ષાથી અહીં સળંગ લેખ પ્રકાશિત કરેલ છે.- તંત્રી)

તા.૨૦ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ એકાએક મારો રાગ બેસી ગયો, ગળામાં દુખવા લાગ્યું. કાકડાને કારણે થયું હશે તેમ જણાતા સ્થાનિક ડૉ.પાસેથી એરીથ્રોમાઈસીન દવાનો કોર્સ કર્યો. પછીથી લોકભારતીમાં પૂ.મોરારિબાપુની કથાનું આયોજન થયું હોવાથી સંગીતવૃંદ સાથે પૂર્વતૈયારી માટે તા. ૮ જાન્યુઆરી ૨૦૨૪ સુધી લોકભારતીમાં રહેવાનું થયું. આ દરમિયાન ઉધરસ શરૂ થઈ હતી. જે ધીમે ધીમે વધતી હતી. છાતીમાં છએક મહિનાથી એક નાનકડી ગાંઠ જણાતી હતી. પણ આ અહિંસક સહેલી કાંઈ દુખતી નહોતી તેમજ નડતી પણ નહોતી. તેથી તેની તરફ બહુ ધ્યાન આપ્યું નહીં. અંતરના ઊંડાણમાં થોડી બીક પણ હતી. તેથી થયું આગળ જોયું જશે! મને ક્યારેય ઉધરસ થઈ નહોતી તેથી ઉધરસ, શરદી - ઠંડીથી થઈ હશે તેમ માની ઘરગથ્થુ ઉપચાર તરીકે હળદર- કફસીરપ - હોમિયોપથી વગેરે ઉપચાર કર્યા. ખાસ્સા છ -આઠ મહિના થયા પરંતુ ઉધરસ ધીરેધીરે વધતી જ ગઈ. સપ્ટેમ્બર ૨૦૨૪માં શરીરમાં થાક લાગવો, સ્ફૂર્તિ ન લાગે, જમવાનું ભાવે નહીં વગેરે ફરિયાદો શરૂ થઈ. વજન પણ ઘટવા માંડયું હતું. ૭૩ કિ.ગ્રા.માંથી ૬૦ કિ.ગ્રા. થતાં હું તો મનમાં રાજી થાઉં ! કારણકે છેલ્લા ચારેક વર્ષથી વજન ઘટાડવાનું ઘેલું લાગ્યું હતું. તેથી ઘઉં - મીઠાઈ વગેરે ખાઉં નહીં. પણ આના કારણે શરીરમાં પોષણ ઘટ્યું અને રોગપ્રતિકારક શક્તિ ઘટી. સંસ્થા પરિસરમાં હું બે-ત્રણ વખત આંટો મારુ, પરંતુ એમ કરતાં થાક લાગે. ૭ ઑક્ટોબર-૨૦૨૪ના રોજ અરુણભાઈ દવે (મૅનેજિંગ ટ્રસ્ટી લોકભારતી ગ્રામવિદ્યાપીઠ) માઈધાર મિટિંગમાં આવ્યા હતા. પાતુભાઈએ (કેન્દ્ર સંચાલક લોકવિદ્યાલય માઈધાર) તેમને વાત કરી કે,

'બેનની તબિયત વધારે બગડી હોય તેવું લાગે છે.'

આ દરમિયાન મેં પણ મોટા બેન હર્ષાબેનને આ તકલીફની વાત કરી હતી. પરંતુ છાતીની ગાંઠ અંગે કોઈને પણ વાત કરી નહોતી. અરુણભાઈને પાકી શંકા થઈ ગયેલી કે કાંઈક ગંભીર બીમારી તો છે એટલે એમણે મારી બંને મોટીબહેનોને ગંભીરતાથી જાણ કરેલી પણ ત્યારે અમે માન્યા નહોતા. અંતે અરુણભાઈએ તાત્કાલિક ભાવનગર રિપોર્ટ કરાવવાનું આગ્રહપૂર્વક સૂચવતા મોટાબહેન સાંજે માઈધાર આવી ગયા અને તા.૮ ઑક્ટોબર ૨૦૨૪ ભાવનગર રિપોર્ટ માટે ગયા.

ડૉ.મહેશ વસાણીએ બ્લડ, ફેફસા, સોનોગ્રાફી રિપોર્ટ કરાવ્યા પણ કંઈ સ્પષ્ટ ન જણાતા પેટસ્કેન કરાવવાનું સૂચવ્યું. મને તો બહુ બીક લાગે. પહેલા તો ના પાડી. અમદાવાદથી મોટાભાઈ યોગેશભાઈને બોલાવ્યા. ૧૧ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ પેટસ્કેન થયું. ડૉક્ટરે બધાને જણાવ્યું કે, ગાંઠ કેન્સરની જ છે. શરીરમાં તમામ જગ્યાએ પણ પ્રસર્યુ છે. સમગ્ર પરિવાર સ્તબ્ધ, વજાઘાત ! બીજા દિવસે તા.૧૨ ઑક્ટોબરે રાજકોટ પરિચિત ડૉ. પ્રણવ ભટ્ટ (સેન્ચુરી હૉસ્પિટલ - રાજકોટ)ને બતાવ્યું. તેમણે રિપોર્ટ જોઈને કહ્યું, ખૂબ જ મોડું થઈ ગયું છે ઑપરેશન શક્ય નથી. બાયોપ્સી કરાવ્યું. બાયોપ્સી રિપોર્ટ અઠવાડિયા પછી આવવાનો હતો. તે દરમિયાન કીમોથેરાપી છ ડોઝ ભાવનગર પાર્થિવ મહેતા પાસે લેવા સૂચવ્યું; 'આપણી પાસે સમય નથી કેન્સરને ફેલાતું અટકાવવા માટે આ કરવું અનિવાર્ય છે, આપણી પાસે હવે માત્ર એક વર્ષનો જ સમય છે'. ડૉકટરો તો તેની ભાષામાં

બોલી ગયા. પરિવારજનો ખૂબ મુંઝાયા. ભાવનગર આવ્યા. આ દરમિયાન અમદાવાદ મોટાબહેન મધુબેનને અને તેના દ્વારા બહેનસમી સહેલીઓ સુધાબેન અને નીરૂબેનને સમાચાર મળ્યાં. લોકભારતીમાં અરુણભાઈ - અર્ચનાબેન અને હસમુખભાઈ - રમાબેનને પણ સમાચાર મળતાં ૧૩ તારીખે ભાવનગર અમારી પાસે સહુ દોડી આવ્યા. હવે શું કરવું ? મારે કીમોથેરાપી નથી જ કરવી એ બાબતે હું મક્કમ હતી. તો શું? સુધાબેન પ્રણવભાઈ છેલ્લા આઠ દસ વર્ષથી ગાંધીનગરમાં કેન્સરથી હારી થાકી ગયેલા પેશન્ટને નેચરોપથી અને ડાયટ સિસ્ટમ, શિવામ્બુ ચિકિત્સા વગેરેનું માર્ગદર્શન આપી ઉપચાર કરાવે છે. તેમણે કહ્યું કે આપણે નેચરોપથી ચિકિત્સા કરી જોઈએ.

બાલુદાદા પાસેથી આરોગ્યનું અધ્યાત્મ પામેલા અને સિન્થેટિક ડ્રગ્સમાં ડૉક્ટરેટ થયેલા અરુણભાઈ લોકદક્ષિણા પરિવારમાં કોઈને પણ આરોગ્ય બાબતે મુશ્કેલી આવે તો તન - મન - ધનથી સહુને - સાથી દાડિયાથી લઈને કાર્યકર પરિવાર સૌને તેમના બોહળા સંબંધો થકી યોગ્ય સલાહ આપે, ઉપચાર કરાવે. અત્યારે તો પરિવારજનો અને આ બધા સહુએ મારે શું કરવું છે તેની પુખ્ત વિચારણા કરીને નેચરોપથીના શરણે જવાનું ઠરાવ્યું. અને મેં સુધાબેન સાથે ગાંધીનગર જવા સંમતિ આપી. આ દરમિયાન પરિવારજનોને થતું હતું કે આમ કરવા જતા મોડું તો નહીં થાય ને ? કાંઈ સુઝ પડે નહીં. બધાના મતમતાંતર અલગ. મારા ૮૫ વર્ષના બા આ બધું મૂંગા મોઢે જોયા કરે, એને થાય કે આ શું થઈ રહ્યું છે? ભાવનાને અચાનક શું થયું છે? ક્યારેય મારાથી એક દિવસ પણ અલગ રહ્યાં નથી. ૧૪ ઑક્ટોબરે બપોરે સુધા-નીરુની સાથે હું અમદાવાદ જવા નીકળી ગઈ. મારા સિવાય બધા ખૂબ જ રડતા હતા. પ્રણવભાઈ - સુધાબેનની સંવેદના ભરી લાગણીસભર સુશ્રુષા, સમય સૂચકતા અને તાબડતોડ તૈયારીના પરિણામે ૧૫મી રાત્રે હું અને સુધા કોલ્હાપુર આનંદકુંજ શિવામ્બુ ચિકિત્સા વિદ્યાલય જવા પ્લેનમાં રવાના થયા. રાત્રે ૧૦:૦૦ કલાકે પુના ઉતર્યા. ઍરપોર્ટથી રેલવે સ્ટેશન અને ત્યાંથી રાત્રે બે કલાકે ટ્રેનમાં કોલ્હાપુર જવાનું હતું. સામાન ઉંચકવા કુલીની મદદ લીધી હતી. ટ્રેનમાં ઉપરની સીટમાં જગ્યા મળી. આ બધામાં ઈશ્વરીય મદદ અને સુધાની હિંમતને સથવારે સવારે સાત કલાકે કોલ્હાપુર ઉતર્યા ત્યારે અમને લેવા આનંદકુંજથી ટેક્સી આવી ગઈ હતી. કોલ્હાપુરથી ૫૦ કિલોમીટર દૂર ટેકરીઓ વચ્ચે રળિયામણું હિલ સ્ટેશન જેવું આનંદકુંજ શિવામ્બુ ચિકિત્સા વિદ્યાલય ક્યારે આવી ગયું તેની ખબર પણ ન પડી! સુધાબેન - પ્રણવભાઈએ અગાઉથી અહીં વાત કરીને બુકિંગ કરાવ્યું હતું એટલે પ્રથમ દિવસથી જ ૧૬ ઑક્ટોબર ૨૦૨૪થી મારો ઉપચાર શરૂ થયો. અમને એક થેલો આપવામાં આવ્યો જેમાં એક ગ્લાસ, બોટલ, નેપકીન તેમજ વિવિધ ચિકિત્સા માટેના સાધનો હતા. દસ દિવસ માટેની દિનચર્યા વગેરે સમજાવવામાં આવ્યું. માલિશ, સ્ટીમબાથ, માટીપટ્ટી વગેરે ચિકિત્સાઓ શરૂ થઈ સાથે સાથે યોગ અભ્યાસ પણ ખરો. સુધા પણ મારી સાથે મને કંપની આપવા માટે અને શીખવા માટે પાંચ દિવસ સુધી હોંશે હોંશે શિવામ્બુ ચિકિત્સામાં જોતરાણી. અમારે તો સવારથી સાંજ સુધી પાણી અને શિવામ્બુ પીને ટેકરીઓ વચ્ચે મજા કરવાની હતી ! અહીંની અમારી દિનચર્યા આ રીતની હતી. સવારે ૬:૦૦ કલાકે યોગાસનો, ૭:૦૦ કલાકે ડૉ. ઓપીડી, ૮:૦૦ કલાકથી ઉકાળો, માલિશ, મીટ્ટી ચિકિત્સા, સૂર્યસ્નાન, સ્ટીમબાથ (ડૉ.ના સૂચન પ્રમાણે) ૧૨ કલાકથી દોઢ કલાક સુધી વિશ્રામ, દોઢ કલાકથી પાંચ સુધી યોગાસનો, સાંજે પાંચથી આઠ કલાક સુધી વિશ્રામ, પ્રકૃતિમાં સ્વૈરવિહાર, આઠ કલાકથી દસ કલાક પ્રાર્થના, શિવામ્બુ ચિકિત્સા વિડીયો. દિવસ દરમિયાન ૮ થી ૧૦ ગ્લાસ શિવામ્બુ તેમજ પાણી અને વિરેચન. આ રીતે દસ દિવસનો ચિકિત્સા કોર્સ. સુધાને પરિવાર સાથે દિવાળીના દિવસોમાં ફરવા જવાનું ગોઠવાયું હોવાથી અમારા ખૂબ જ આગ્રહથી પાંચ દિવસ પછી સુધા ગાંધીનગર જવાની હતી તેના આગલા દિવસે મારા ભાઈ યોગેશભાઈ અને બહેન મધુબેન આવી પહોંચ્યા.

દક્ષિણામૂર્તિદેવની કૃપાથી નરેન્દ્રદેવની દીકરી માટે સહુ

ખડે પગે તૈયાર હતા. હવે દસ દિવસ પૂરા થવાના હતા, વજન ઘટતું હતું, ઉધરસ પણ જેમની તેમ. દસ દિવસ બાદ ડૉ. નીતિન પાટીલનું કહેવું હતું કે ખોરાક ચાલું કરો પરંતુ મેં ના કહી. આ દસ દિવસ દરમિયાન સુધાબેન, પ્રણવભાઈ, અરુણભાઈ - પરિવારજનો સતત સંપર્કમાં હતા. સહુનું કહેવું હતું કે હજુ ૧૦ દિવસ વધારે સારવાર લેવી આ ૨૦ દિવસની સારવાર દરમિયાન તમામ સારવારમાં મીઠાવાળું પાણી પીને ઉલટી કરવાની, યોગાસનો કરવા વગેરેમાં મારાથી થઈ શકે એટલું જ કરવાની અનુકૂળતા ડૉક્ટરે કરી આપી હતી. બિનજરૂરી આગ્રહ કરતાં ન હતા. તમામ લોકો ખૂબ જ સારો વ્યવહાર કરતા. કોલ્હાપુરથી તાજા ફળો મંગાવવાના હોય કે રસોડામાં સૂપ - સલાડ બનાવવાના હોય તેની અનુકૂળતા તેઓએ કરી આપી હતી. વળી, આ દરમિયાન મારા ભાઈ - બહેન, જલ્પાની આવવા જવાની ટિકિટની વ્યવસ્થા પ્રણવભાઈએ કરી હતી. હજુ દસ દિવસ આનંદકુંજમાં રહીને ચિકિત્સા ચાલુ રાખવી એમ નક્કી થયું. ૧૧માં દિવસથી દાડમ અને સંતરાનો રસ ચાલુ કર્યો. આ દરમિયાન અનેક અનુભવો થયા. માલિશ કરનાર પલ્લવી સાતમા દિવસે જ ખુશખુશાલ ચહેરે કહેતી હતી. 'ભાવનાબેન ગાંઠ છોટી હો રહી હૈ' મને થયું આ પલ્લવી હજી સાત જ દિવસની ઓળખાણ ! મારી શું સગી થતી હતી? મારા માટે એને કેવી સંવેદના ! ચિકિત્સા માટે આવેલા કેટકેટલા લોકો મારી પાસે આવીને મને કેવો સધિયારો - હૂંફ આપતા હતા. અરે મારા બહેન મધુબેનને સંજોગોવશાત અચાનક જવાનું થતાં હું અને યોગેશભાઈ એકલા હતા ત્યારે માલિશ કરીને - માટી ચિકિત્સા પછી નાહવાનું મારા માટે ઘણું અઘરું હતું. તો માલિશ કરનાર બહેનોથી લઈને ચિકિત્સા કરાવવા આવેલ બહેનો મને નાહવામાં મદદ કરવા દોડી આવતા, વળી સદ્‌ભાગ્યે અમદાવાદથી કોલ્હાપુરની સિધિ ફ્લાઈટ શરૂ થતા મોટા બહેનની દીકરી જલ્પા આનંદકુંજ સુધી સહેલાઈથી પહોંચી શકી.

આ દિવસો દરમિયાન વજન ઉતરતું હતું, નબળાઈ વધતી હતી, ઉધરસ હતી અને ઉપવાસ પણ ચાલુ હતા. ૨૦ દિવસ પછી તા.૪ નવેમ્બરે હું યોગેશભાઈ અને જલ્પા સારવાર પૂરી કરીને અમદાવાદ પહોંચ્યા. ધ્વનિ અને દક્ષા અમને આવકારવાં તૈયાર હતાં. આનંદકુંજથી ઘણી આયુર્વેદ દવાઓ, કાઢાઓ ડૉક્ટરના સૂચવ્યા મુજબ સાથે લાવ્યા હતા. તા. ૬ નવેમ્બરના રોજ મોટાબહેન, બનેવી અને મારા બા અમદાવાદ યોગેશભાઈને ઘેર આવી ગયા. કેન્સરનું નિદાન થયું ત્યારથી એક મહિનાથી યોગેશભાઈ મારી સાથે જ હતા. તેમના ટ્રસ્ટીઓ ખૂબ જ સારા હોવાથી તેમણે અનુકૂળતા કરી આપી હતી, તેનો કૃતજ્ઞતાપૂર્વક આભાર માનવાનો કેમ ભુલાય ! આ દરમિયાન અમારા પરિવારજનોમાં, બૃહદ લોકદક્ષિણા-પરિવારમાં, કાર્યકરો, વિદ્યાર્થીઓ, શુભેચ્છકો સહુને મારી તબિયતના ખબર મળતા બધાને મને મળવાની અને ફોન કરવાની ખૂબ જ ઈચ્છા હતી પરંતુ ઉધરસને કારણે સહુ યોગેશભાઈની સાથે જ વાત કરતા. લોકભારતીથી અરુણભાઈ દ્વારા સહુને સમાચાર મળતા. અમે અમદાવાદ તા. ૨૧ ડિસેમ્બર ૨૦૨૪ સુધી રહ્યા એ દરમિયાન સવારે બહુ વહેલું ઊઠાતું નહીં. પણ સુધાબેને કહેલી દિનચર્યા મુજબ ઊઠીને એનિમા લેવાનો, શિવામ્બુ પીવાનું, ત્યારબાદ સંતરા ફોલીને અથવા જ્યુસ, ૧૦ થી ૧૧ વચ્ચે ગૌમૂત્ર ગરમ કરી શરીર પર રેડીને ગૌમૂત્રમાં પલાળેલા પટ્ટા શરીરે બાંધવાના અને સૂર્યપ્રકાશમાં બે કલાક બેસવાનું. યોગેશ સવારે વહેલા ઊઠીને ગૌમૂત્ર લઈ આવે, મારા ભાભી દક્ષાબેન નીચે મારી સાથે આવે, ઉપલા માળે મારા બાને જમાડવા જાય અને પરત આવે ત્યાં સુધી હું નીચે બેસું. ફરી પાછા મને લેવા આવે. બપોરે લગભગ ૧૬ જેટલી વસ્તુ જેવી કે પાલક, કોથમીર, સફરજન, જમરૂખ, હળદર, આદુ, બીટ, દાડમ, પાઈનેપલ, આમળાને મિક્સરમાં ક્રશ કરીને સ્મુધિ બનાવે એ મારે પીવાની. આખા દિવસ દરમિયાન સાતથી આઠ ગ્લાસ શિવામ્બુ પીવાની સલાહ હતી પરંતુ મારાથી પાંચથી છ ગ્લાસ પીવાતા હતા. સાંજે દાડમ રસ કે સંતરા જ્યુસ.

યોગેશ છેક આશ્રમ રોડ ઑર્ગેનિક શાકભાજી અને સંતરા લેવા જાય તો મધુબેન પણ મીઠા સંતરા અને દાડમ શોધી શોધી લાવે. વચ્ચે સવારે જવારાનો રસ બે ત્રણ દિવસ શરૂ કર્યો હતો પરંતુ મને એ માફક ન આવતા બંધ કર્યો. રાત્રે પેટમાં બળતરા થાય તો કાળી દ્રાક્ષ ૭-૮ દાણા કે એકાદ પલાળેલો ખજૂર લેતી, હજુ પણ નબળાઈ વધતી હતી જમણો પગ દુખવાનો શરૂ થયો હતો. ચાલવામાં તકલીફ પડતી હતી. ઉધરસ ખૂબ જ હતી. ગાંઠ તો જેમની તેમ. સહુને ચિંતા હતી.

સુધાબેન- પ્રણવભાઈ, યોગેશ- દક્ષા, મધુબેન, પલક- કર્મ, હર્ષાબેન- ઉદયભાઈ- જલ્પા વગેરે મારો હેતાળ પરિવાર મારી સારવારમાં તેમજ હૂંફાળો સધિયારો આપવા ખડે પગે હતા. લોકભારતીમાંથી અરુણભાઈ- અર્ચનાબેન, હસમુખભાઈ - રમાબેન તેમજ પંકજભાઈ - કુંજનબેન, રવિ-તેજલ, રમેશભાઈ-વસંતબેન અને કળસારથી નાગરભાઈ પરિવાર અમદાવાદ આવી ગયા. કોઈએ ગલગોટાના લેપ લગાડવાનું કહ્યું તો રમાબહેન લોકભારતીથી ગલગોટા વગેરે લાવ્યા તો અર્ચનાબેન વાડીમાંથી દૂધી, કોથમીર, પાલખ, સફરજન, સંતરા અને દાડમ ઉપાડી ન શકાય એટલા લાવ્યા. અરુણભાઈ - અર્ચનાબેન SGVPમાં ૩ દિવસ મારા માટે રોકાયા, અમને મળવા રોજ બપોરે આવે, આસ્થા હૉસ્પિટલમાં માંડલિકસાહેબના કેન્સર સર્જન દીકરા દુષ્યંત માંડલિકને મળવાનું કહ્યું પરંતુ મારી ઈચ્છા ન હોવાથી મધુબેન, સુધા અને યોગેશભાઈ ડૉક્ટરને મળી આવ્યાં, કોઈએ મને ફોર્સ ન કર્યો.

આ દિવસો દરમિયાન લોકભારતી, માઈધારથી રોજ એક બે વિડીયો ક્લિપ મારા મોબાઈલમાં આવે. મને હિંમત અને આનંદ આપતા અને પ્રેમાળ મિત્રતાનો અહેસાસ કરાવતા આ વિડીયો જોઈને પરિવારજનો રડી પડતા. મને આ દિવસો દરમિયાન જબરી તાકાત - હિંમત રહી તેમાં આ બધા પરિબળો ખૂબ જ અસરકારક જણાયા છે. અરે **તલગાજરડાથી પરમ પૂજ્ય મોરારિબાપુને અરુણભાઈ દ્વારા ખબર મળ્યા તો તરત જ ફોન કરીને કહ્યું 'મારો હનુમાન દાદો રક્ષા કરશે, ચિંતા કરશો નહીં'** મને આ બધાથી ખૂબ જ તાકાત-બળ મળતાં. સુધા - નીરુ નિયમિત આવે. નીરુનો દીકરો અર્પણ બંસરી સરસ વગાડે તો એકવાર યોગેશભાઈના ઘરે આવી સરસ મજાનો કાર્યક્રમ કર્યો. સુધા ગાડી લઈને આવે અને આસપાસ ફરવા લઈ જાય. કેન્સર ચિકિત્સા અંગે કાંઈ જાણવા મળે તો ત્યાં લઈ જાય. હું ન જાવ તો યોગેશ અને સુધા ત્યાં જઈ પૂછપરછ કરે, કેટકેટલા ફોન કરીને ક્યાં કેવી સારવાર ચાલે છે તે જાણીને વિડીયો મોકલ્યા કરે મારી ખબર કાઢવા આવનાર સહુ કોઈ બોલી ઉઠે 'સહુને આવા મિત્રો, સહેલી, ભાંડરડા (ભાઈ-બહેન) મળજો.'

આ દિવસો દરમિયાન મારો વધુ સમય ઊંઘવામાં જતો. સરસ ઊંઘ આવી જવી એ વરદાન હતું. સુધા જ્યારે આવે ત્યારે કહે, 'એનિમા દિવસમાં ત્રણ વખત લેવાનું રાખ.' પરંતુ મારાથી ત્રણથી વધુ વખત ક્યારેય લેવાય નહિ. રાત્રે મને પેટમાં બળતરા થાય તો દક્ષા - યોગેશ ઊઠીને દાડમ જ્યુસ બનાવી આપે. આવું તો કેટલીય વાર બન્યું છે. ઠંડી ખૂબજ વધી હતી. થોડો ચેઈન્જ મેળવવા મોટાબહેન, ઉદયભાઈ, જલ્પાના આગ્રહથી અમે ૨૧ ડિસેમ્બરે ભાવનગર અને ૨૨ ડિસેમ્બરે ઝાંઝમેર પહોચ્યા. સુધા - પ્રણવભાઈની ઈનોવામાં ઈમરાનભાઈ અમને ભાવનગર સલામત રીતે મૂકી ગયા. ઝાંઝમેર જઈને પણ સારવાર તો શિસ્તબદ્ધ રીતે શરુ રહી. ઝાંઝમેરમાં ફળિયું મોટું એટલે સૂર્યસ્નાન લેવામાં સારું રહ્યું. સવારે શિવામ્બુ, અડધી કલાક પછી એનિમા, નાળીયેરનું પાણી (અહિ આવીને શરુ કર્યું હતું.) કેળું વગેરે. ૧૧ વાગ્યે સંતરાનું જ્યુસ, બાદમાં પાંદડાનું જ્યુસ (બીલી, જમરૂખ, પારિજાત, સરગવો, જાસૂદ વગેરેના) આ બધું હર્ષાબેન હાલક - ડોલક પગે કરે. બાની પણ સંભાળ લેવાની. સુધા સાથે વાત થાય અને શેરડી ખાવાનું કહે તો જલ્પા તરત જ શેરડી શોધી

લાવે, છોલીને ખવડાવે. ફુદીનાની, કોથમીરની ચટણી બનાવી આપે. દૂધીના સૂપમાં નાખીએ તો થોડું ભાવે. રાત્રે ભૂખ લાગે તો જલ્પા જાગીને કાળી દ્રાક્ષનું પાણી બનાવે કે કેળું આપીને કહેતી જાય 'માસી, કેળું સવારે સોના જેવું, બપોરે ત્રાંબા જેવું, સાંજે લોઢા જેવું.' ગૌમૂત્ર ગરમ કરી પાટા બાંધી તડકે બેસવું. બપોરે સ્મુધિ પીવાની, સાંજે દૂધીનો સૂપ, આ રીતની દિનચર્યા. દિવસમાં ત્રણથી ચાર શિવામ્બુના ગ્લાસ પીવાના. આ દરમિયાન વજન ઝડપથી ઘટતું હતું. જમણા પગનો દુખાવો વધતો જતો હતો. નબળાઈ પણ વધતી જતી હતી. ઝાંઝમેર આવ્યા પછી સહુને મને મળવાની ખૂબ ઈચ્છા હોવાથી લોકભારતી, માઈધારથી અને ભાવનગરથી ઘણા પરિવારજનો ઝાંઝમેર મળવા આવી ગયા. રજનીબેન ગાંધી છેક મુંબઈથી ઝાંઝમેર આવ્યાં. એમણે ઍલોપથી સારવાર દેવાની આગ્રહભરી વિનંતી કરી. અમેરિકાથી નલિનભાઈ પંડિતના પૂત્રવધુ શિતલબહેન ગૌરવભાઈ પંડિત તેમજ ભત્રીજો ગૌતમ અને કેનેડાથી કવન ઍલોપથી સારવાર કરવા માટે મને પ્રેમાગ્રહ કરતા હતા.

નલિનભાઈ પંડિત - દેવયાનીબેન સતત સંપર્કમાં હતાં, તેઓ અને હિરેનભાઈ ભટ્ટ ઝાંઝમેર પણ આવી ગયા. માઈધારથી પરિવારજનો બસ લઈને આવ્યા. ઋતા, યોગેશભાઈ, જગદીશભાઈ બોરીચા પરિવાર, જગદીશગીરી સાથે લોકભારતી અધ્યાપનમંદિર પરિવાર, ગીરીશભાઈ - ચેતનાબેન, જીવન - ચેતના.... યાદી લાંબી થાય એમ છે. ઉદયભાઈનો એવો આગ્રહ હતો કે કોઈને ના ન પાડતા. એટલે વિદ્યાર્થીઓ-કાર્યકરો - શુભેચ્છકો - પરિવારજનો ભાવનગર -ઝાંઝમેર બહોળી સંખ્યામાં આવતા. આ બધાને મળીને મજા આવતી. શુભેચ્છાઓની જાણે સુનામી ઊઠી...વાહ ! વાહ! લોકદક્ષિણામૂર્તિ પરિવારની જય હો...!

આ દરમિયાન એક બીજી અમારા પરિવારમાં આફત આવી. ઉદયભાઈને કાનની પાછળ નાનો મસો થતા ઑપરેશન કરવાનું નક્કી થયું અમને ચિંતા ન કરવા કહ્યું પરંતુ અમારી ઈચ્છા હવે માઈધાર જવાની હતી. મને અને નીમુબાને ઘર સાંભર્યું હતું. યોગેશ - દક્ષાનો અમદાવાદ આવવા માટે, અરુણભાઈ-અર્ચનાબેનનો લોકભારતી આવવા આગ્રહ હતો તો પાતુભાઈ - જાગુબેન ઝાંઝમેર આવીને કહે 'અમે છીએને ! બહેન અને બાને અમે માઈધાર લઈ જઈએ. તમે કોઈ ચિંતા કરશો નહિ.' ૧ ફેબ્રુઆરી ૨૦૨૫ના દિવસે હર્ષાબેન, ઉદયભાઈ, જલ્પા અમને ઝાંઝમેરથી માઈધાર મૂકવા આવ્યાં. માઈધાર પ્રાંગણમાં નાળિયેરીઓ વચ્ચે હારમાં ઊભા રહીને મારા વ્હાલા વિદ્યાર્થિની, વિદ્યાર્થીઓ અને કાર્યકરોએ અમને આવકાર્યા ત્યારે કેન્સર ડીટેકટ થયા પછી આટલા મહીને પહેલી વખત હું રડી પડી. નિઃસ્વાર્થ, નિર્વ્યાજ, પ્રેમસભર સ્વાગત ! મને પગ એટલો બધો દુઃખતો હતો કે કોઈનો હાથ પકડવો પડે. પાતુભાઈનો હાથ પકડી હું ઘરમાં ગઈ. હર્ષાબેને, જાગુબેનને મારી દિનચર્યા સમજાવી. મારા બા તો માઈધારની મહેક મળતાં જ સાજા થવા લાગ્યાં !

૬ ફેબ્રુઆરીએ ઉદયભાઈને મૅજર ઑપરેશન હતું. મધુબેન, યોગેશ, દક્ષા ત્યાં રોકાયેલા હતાં. એટલે સૌને અમારી ચિંતા ન કરવા કહ્યું. અને અમારો ત્રીજો પડાવ માઈધારમાં શરુ થયો. એજ સારવાર ચાલુ. સવારે શિવામ્બુ- એનીમા, સ્મુધિ-દૂધીનો સૂપ, ગૌમૂત્રના પાટા સૂર્યસ્નાન. હવે બપોરે મગપાણી શરુ થયું હતુ. રાત્રે પેટમાં બળે ત્યારે કાળી દ્રાક્ષ, ખજૂર વગેરે આ બધું જાગુબેન કરતા વહેલી સવારે પાતુભાઈ બીલી વગેરે પાંદડા લાવી આપે. કાર્યકર પરિવારના એભલભાઈ - વિજયભાઈની મોજીલી ટીમ નાળિયેર પાણી કાઢી આપે. લોકભારતીથી રમાબેન દેવમુરારિ ત્રણ-ચાર દિવસ આવી ગયા. આ દરમિયાન કંચન ફાઉન્ડેશનના રાજેશભાઈ - સ્મિતાબેન - મમતાબેન, પ્રકાશભાઈ ભગવતી-અંજનાબેન ભગવતી, બેલાથી જીજીભાઈ- મનહરભાઈ ઠાકર, આંબલાથી મેહુલભાઈ- નીરૂબેન અને કાર્યકર પરિવાર ટીમાણાથી બટુકભાઈ અને ગણેશ શાળા-પરિવાર, આલ્ફા સ્કૂલમાંથી કરણભાઈ મોરી અને સહેલીઓ કૌમુદીબેન અને વીણાબેન પણ આવી ગયાં.

ઉપવાસથી સહુ કોઈને નવાઈ લાગતી હતી. ચિંતા પણ થતી. માઈધાર ગ્રામજનો પણ ખબર કાઢવા આવતા. અરુણભાઈની સૂચનાથી પાતુભાઈ સહુને ના કહીને કડવા થતા હતા. નબળાઈ વધતી હતી. વજન ઘટતું હતું.

આ દરમિયાન પીડીલાઈટના ચેરમેન અને સંવેદનશીલ વડીલ એવા મધુકરભાઈ પારેખને તેમના મિત્રો, પરિવારજનો અને બોર્ડ ઑફ ડીરેક્ટર્સને લઈને અહીં માઈધાર આવવાનું થયું. લવીનાબેન તેમના સેક્રેટરી, અવારનવાર માઈધાર આવે. અહીંની પ્રવૃત્તિઓ જુએ સમજે. (પિડીલાઈટ CSR ફંડમાંથી માઈધારની પ્રવૃત્તિઓ ચાલે છે.) મારી તબિયતના ખબર મળતા ખૂબજ ચિંતિત હતા. મધુકરભાઈ મને મળીને સંવેદનાસભર સધિયારો આપીને ગયા, પરંતુ બીજા દિવસે મણાર અરુણભાઈને મળીને કહ્યું, 'ભાવનાબેનના રિપોર્ટ મને મોકલો, ઍલોપથી સારવાર મુંબઈ કરાવીએ. હવે વિલંબ ન કરાય.' અરુણભાઈ માઈધાર આવ્યા. મને કહ્યું પણ હું માનું નહીં; આ દરમિયાન ઉદયભાઈનું ઑપરેશન સંપન્ન થયું. વીસેક દિવસ પછી ભાવનગર આવ્યા. પીડીલાઈટના CSR હેડ પંકજભાઈ શુક્લને (પી.કે.શુક્લ) મધુકરભાઈએ મારી તબિયત બાબતે તપાસ માટે કહ્યું હતું. પી.કે. શુક્લજી અરુણભાઈ સાથે સતત સંપર્કમાં રહે. અરુણભાઈ અમારી સાથે સંકલન કરીને નિર્ણયો લેતા હતા. અરુણભાઈ એક વડીલની જેમ અગત્યના નિર્ણયો લેવામાં અને અમારા પરિવારને હૂંફાળો સધિયારો આપવામાં ખડે પગે રહ્યા. તેનું ઋણ અમે ક્યારેય ચૂકવી શકીશું નહિ. અર્ચનાબહેન પણ સાથે હોય જ ! વળી, અરુણભાઈ અમારા પરિવારના સભ્યોને જેતે દવા કે ટ્રીટમેન્ટ સબંધી તજજ્ઞો પાસેથી અને ગુગલ પાસેથી તલસ્પર્શી વિગતો મેળવીને ખૂબ સરળ અને અસરકારક શૈલીમાં સમજ પણ આપતા રહે ! બરાબર વિજ્ઞાનનાં વર્ગો લીધાં કરે છે. મારાં પિતા શ્રી નરેન્દ્રદેવ પાઠક અને મને ખૂબજ વાત્સલ્યથી ઉછેરનારા મારાં પિતાતુલ્ય બંને કાકાઓની ગેરહાજરી અરુણભાઈએ વરતાવા દીધી નથી.

માઈધાર ૧૩મી માર્ચ સુધી રહ્યાં. દરમિયાન વજન ૩૮ કિ.ગ્રા. થઈ ગયું હતું. નબળાઈ ખૂબ હતી. બે-ત્રણ વખત પડી ગઈ. કોઈને કહીએ નહિ. પાતુભાઈ - જાગુબેન અમારી મદદમાં ખડે પગે ! એમનું ઋણ પણ ક્યારે ચૂકવશું? નાનકડી ચાર વર્ષની ક્રિશા તેમજ રેવા, યુગ, સૂરજા, રાજ પણ મને હાથ પકડીને આંટો મરાવે. વિદ્યાર્થી ભાઈ-બહેનો તો લાઈન લગાવીને ઊભા હોય. રોજ પ્રાર્થનામાં જવાનું મને ગમે ! ઘર કામમાં મદદમાં પૂરીબેન હતા એટલે ગોઠવાયું હતું. જાગુબેન જ્યુસ, મગપાણી, બાનુ જમવાનું, દૂધીનો સૂપ બનાવતા. જાગુબેનને ના છૂટકે જવાનું થાય ત્યારે એભલભાઈના પત્ની સંગીતાબેન આવે કે નિર્મળભાઈના પત્ની નયનાબેન કે જગદીશભાઈના પત્ની પાયલબેન હોય જ ! અત્યારે વિચારુ તો થાય છે કે એટલો સૂપ પણ મારાથી બનતો નહોતો એટલી નબળાઈ આવી ગયેલી.

માઈધાર ગ્રામજનો ભારે સમજદાર ! બપોરે મળવા આવવાની સૂચના મુજબ એ રીતે જ આવતા. કોઈ બીમારીની વાત તો ઉચ્ચારે પણ નહી. 'આનંદમાં રહેજો- હિંમત રાખજો- ભગવાન ભેરે થાશે દુવા લાગશે' આમ કહેતા જાય. અરે વિદ્યાર્થીઓના વાલી કોઈ ગાયનું ઘી, કોઈ નાળિયેર લાવવાનું કહે તો આગ્રહપૂર્વક ના કહીએ. અનેક બાધા રાખી. દવા લેવાનું કહે સૌની લાગણીસભર વાતોથી થાય કે આપણને ચાહનારા, આપણી ચિંતા કરનારા કેટકેટલા છે ! આ થકી જીવવાનું બળ મળી જાય ! આ દિવસોમાં બાફેલા બીટ સાથે મગપાણી, પાંદડા જ્યુસ, સંતરા કે દાડમ જ્યુસ ભાવતા હતાં- સાંજે દૂધીનો સૂપ. અહી પણ લોકભારતી, ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા, માણાર, કળસાર, બેલાના પરિવારજનો મળવા આવી ગયા. આ દરમિયાન વજન ઘટયું અને નબળાઈ વધતાં લોકભારતી અરુણભાઈના કહેવાથી હસમુખભાઈએ ફોન-કરવાની તેમજ રૂબરૂ આવવાની ના કહેતો મૅસેજ વોટ્સઅપમા મૂક્યો હતો, આ બધું ગમતું નહોતું પરંતુ ના છૂટકે ! આ દરમિયાન સુધાબેન-પ્રણવભાઈ, ઉદયભાઈ-હર્ષાબેન, યોગેશ-દક્ષા, મધુબેન, અરુણભાઈ સૌનું કહેવું હતું, કે હવે પાંચ

મહિનાના ઉપવાસ થયા પેટસ્કેન કરીને કેટલો ફેર પડ્યો તે જોવું જોઈએ. વળી મુંબઈથી મધુકરભાઈનો પણ પી.કે. શુક્લજી દ્વારા સંદેશો હતો એટલે ૧૩ માર્ચ ૨૦૨૫ના રોજ ભાવનગર પલ્સ હૉસ્પિટલમાં પેટસ્કેન કરાવવાનું નક્કી થયુ. આ દરમિયાન મધુબહેન અમારી સાથે રોકાવા આવ્યાં હતાં. યોગેશ અમદાવાદથી આવ્યો હતો. નબળાઈ એટલી હતી કે પેટસ્કેન કરવા જતા રસ્તામાં ધૂળમા બેસી ગઈ. દોડીને સહુ વ્હીલચેર લાવ્યાં. અરુણભાઈ તો અખંડ સહારાની જેમ લોકભારતીથી આવી પહોંચ્યા હતા. હું અંદર જતી વખતે નર્સને કહું મારી બહેન કે ભાઈને અંદર આવવા દેશોને? એ કહે, રેડિયો ઍક્ટિવ એરિયામાં ન અવાય.

મને અંદર લઈ ગયા. નર્સ મો પરનું માસ્ક હટાવીને કહે, અરે બહેન, તમને તો હું ઓળખી શકી નહી. આટલા બધા દૂબળા પડી ગયા? એમ કહી પગે લાગીને કહે, "હું ભાવિકા, રાળગોનની, તમારી પાસે લોકભારતીમાં PTC ભણી. પછી નર્સીંગ કર્યું. TTC-1ની તૈયારી કરું છું અને સાથે અહીં નોકરી કરું છું. હું બહાર કહી આવી છું તમે ગભરાતા નહી. હું છેક સુધી તમારી સાથે જ રહીશ.'' હું તો સ્તબ્ધ થઈ ગઈ ! શિષ્ય દેવો ભવઃ પરમ કૃપાળુ કેવી કેવી રીતે આપણને મદદ કરતા રહે છે ! મનોમન વંદન કરતી રહી. પેટસ્કેન રિપોર્ટ આવ્યો બે-ત્રણ ડૉક્ટરોને બતાવ્યું. કેન્સરના ધામા એમને એમ હતા. જરાયે મચક આપી નહોતી.

વધ્યું નથી એ રીતે ઘટયું પણ નથી!! સહુ ભારે ચિંતિત હતા. આ દરમિયાન થોડા દિવસ ભાવનગર રહેવાનું નક્કી થયું. મધુકરભાઈના કહેવાથી, પીડીલાઇટના ડૉ.ઠાકુર દેસાઈએ પી.કે.શુક્લજીને અમદાવાદ ડૉ.શિરીષ આલુરકરને મળવાનું કહ્યું. અરુણભાઈ-અર્ચનાબેન ભાવનગર આવ્યા. હવે ઍલોપથી દવા કરવી જરૂરી છે એવો સુર સહુનો પાકો થયો. પરિવારજનો-શુભેચ્છકો - વિદ્યાર્થીઓ સહુનો આભિપ્રાય એવો હતો કે હવે ઍલોપથી સારવાર જરૂરી છે. અને ૨૦મી માર્ચ ૨૦૨૫ના રોજ અમદાવાદ આસ્થા કેન્સર હૉસ્પિટલમાં ડૉ.શીરીષ આલુરકરની ઍપોઇન્ટમેન્ટ લેવામાં આવી. ઉદયભાઈને પણ ત્યાંજ બતાવવાનું હોવાથી બે-ગાડીમાં અમે અમદાવાદ પહોંચ્યા. વ્હીલચેરમાં ડૉ. પાસે ગયા. વજન ૩૮ kg, BP ૬૬ (નીચેનું) ડૉક્ટર કહે તાત્કાલિક લીંબુપાણી મીઠું નાખીને પિવરાવો. આ દિવસે ડૉક્ટરે યોગેશભાઈ, મધુબેન અને સુધાને મળીને રિપોર્ટ જોઈ વાત કરી. મારી પણ O.P.Dમાં તપાસ થઈ. હર્ષાબેન, ઉદયભાઈ ભાવનગર ગયા, અમે રોકાયા. બીજા દિવસે એક ઇન્જેક્શન લેવાનું હતું. બ્લડ રિપોર્ટ કરવાનો હતો. આ દરમિયાન ૧૩ માર્ચ સાંજથી ખીચડી, દહી, મમરા, દાળ-ભાત, મગ, ભાત, શાક એવું જમવાનું શરૂ કર્યું હતું.

બીજા દિવસે સવારે મધુબેન - સુધા - યોગેશ સાથે આવ્યા. ડે-કેરમાં બોટલ દ્વારા ઇન્જેક્શન લેવાયું. બ્લડરિપોર્ટ થયો. ડૉક્ટરનું કહેવું હતું કે તમામ ભાવતી ચીજ ખાવાનું હવે શરૂ કરવું. શરીરને પોષણની ખૂબ જરૂર છે. વજન વધારવું અનિવાર્ય છે. હું છેલ્લા ઘણા સમયથી BPની દવા લેતી હતી. તે બંધ કરાવી. અઠવાડિયું અમદાવાદમાં જ રહેવાનુ કહ્યું, કોઈ સાઇડ ઇફેક્ટ થાય તો સરળતા રહે એ માટે. હું, યોગેશ-દક્ષા સાથે અમદાવાદ રોકાઈ. ભાવનગર હતા તે દરમિયાન ગુજરાતના જાણીતા અભ્યાસુ- તજજ્ઞ કેન્સર સર્જન ડૉ.ઉમંગ દેસાઈને અરુણભાઈના આગ્રહથી મળવાનું બન્યું હતું. તેમણે બાયોપ્સિના રિપોર્ટ જોઈને હોર્મોન્સ પોઝિટિવ હોવાથી હોર્મોન્સ થેરેપી થઈ શકે તેમ કહ્યું હતું. પરંતુ ત્યારે તો મારી તૈયારી હતી જ નહી. અમદાવાદમાં ૨૧મી માર્ચ ૨૦૨૫થી હોર્મોન્સ થેરેપી શરૂ થઈ. સાથે અન્ય દવા ટેબ્લેટ સ્વરૂપે અને સપ્લીમેંટ વિટામિન પણ ખરા.

અઠવાડિયા પછી ડૉક્ટરને મળ્યા. ખાસ સાઇડ ઇફેક્ટ નહોતી. સાધારણ તાવ હતો. ડૉક્ટરે મહિના પછી આવવાનું કહ્યું, ડૉ.આલુરકર સાહેબને મળીને થયું -એક પણ શબ્દ બોલ્યા વિના બોડીલેંગ્વેઝ્થી આપણને શાતા

આપે એવા ! અત્યાર સુધીતો બધા ડૉક્ટરોએ હવે ખેલ ખલાસની જ વાત જ કરી હતી ! મહિનો ભાવનગર જ રહેવાનું થયું. આ દરમિયાન બધું ખાવાનું શરુ થયું હોવાથી ભાવેશ - ભાવના, કાકી, માસા - માસી. મને ભાવતી વસ્તુ બનાવીને હર્ષાબેનનાં ઘરે મોકલે ડૉ.નલિનભાઈ પંડિત - દેવીબહેન, અરુણભાઈ - અર્ચનાબેન - અવનિ - સુરજા, ઋતા, હસમુખભાઈ -રમાબેન, ચેતનભાઈ - પારૂલ પરિવાર, નીતિનભાઈ- કનકબેન - ધારક- જિજ્ઞા, રમેશભાઈ - વસંતબેન- મિતલનો હૂંફાળો સધિયારો પણ કેમ ભૂલાય ? બે-ત્રણ વખત આવીને હૈયામાં હામ ભરતાં જાય. પરિવારજનોને પણ બળ પૂરું પાડે ! લોકભારતીથી રામચંદ્રભાઈ તેમજ બોહળી સંખ્યામાં કાર્યકર પરિવારજનો, આંબલાથી મેહુલભાઈ- નીરુ, વાઘજીભાઈ પરિવાર અને કાર્યકર પરિવાર, મણારથી ડાયાભાઈ પરિવાર, ગાંધીનગરથી ટી.એસ.જોષી સાહેબ તેમજ હિરેનભાઈ ભટ્ટ, પ્રાથમિક શાળાના ગુરુજન મહાલક્ષ્મીબેન, તરુબેન - દીપકભાઈ, તૃપ્તિબેન, રાજેશભાઈ કાલરિયા અને સહેલી કીર્તિબેનના સધિયારાએ તાકાત પૂરી પાડી. બીજા મહીને ૨૧ એપ્રિલ બીજું ઇન્જેક્શન લેવાનું હતું. ૧૯મીએ યોગેશ-દક્ષા ભાવનગર આવી ગયા હતા. સુધા,પ્રણવ આયર્લેન્ડના પ્રવાસે હોવા છતાં અમને લેવા ગાંધીનગરથી ઈમરાનભાઈ ઈનોવા લઈને આવી ગયા. સુધા,પ્રણવ તન-મન-ધનથી મારી સારવારમાં ખડે પગે, અરે તેનો આખો પરિવાર મનોજભાઈ- હંસાબેન, દીકરો - પુત્રવધુ, ઓમ - શ્લેષા અને સમગ્ર પરિવારના મદદકાર સભ્યો મારા માટે ખડે પગે. તેનું ઋણ ક્યારે ચૂકવીશ ?

૨૧મીએ બીજું ઇન્જેકશન લેવાનું હતું . ડૉક્ટર સાથે વિગતે આગલી સારવાર અને દવાઓ સંદર્ભે મળવા આ વખતે લોકભારતીથી અરુણભાઈ પણ આવ્યા હતા. બ્લડરિપોર્ટ કરાવીને ઇન્જેક્શન લઈને ડૉક્ટરે કહ્યું- ઈમ્પ્રૃવમેન્ટ જણાય છે. અમને સૌને પણ સારું થતું જણાતું હતું. પગનો દુખાવો ધીરે ધીરે ઓછો થતો હતો. હજુ આ વખતે પણ વ્હીલચેરની સહાય તો લેવી પડી. ડૉક્ટરે કહ્યું હવેના દર માસે ઇન્જેકશન ભાવનગર લેવા હોય તો પણ વાંધો નથી. આપણા રામ રાજી રાજી'', તે દિવસે સાંજે અરુણભાઈની સાથે જ ભાવનગર આવી ગયાં. યોગેશ છેક સુધી મૂકવા આવ્યો, રાત્રે જ અમદાવાદ પરત ફર્યો. મે, જૂન, જુલાઈ અને ઓગષ્ટના ઇન્જેકશન ભાવનગર સિવિલ હૉસ્પિટલમાં લેવાનું ગોઠવાયું. ડૉ. સમીર શાહ જેઓ અરુણભાઈને સારી રીતે ઓળખે તેમની સાથે પારિવારિક સબંધ આથી ત્યાંની નર્સિંગ ટીમે સારો સહકાર આપ્યો. યોગેશ દર મહિને અમદાવાદથી ઇન્જેકશન લઈ આવે. અમે હર્ષાબેન- ઉદયભાઈ - જલ્પા ૫ મે સુધી ભાવનગર રોકાયા. ૬ મે ભાવનગરથી માઈધાર આવ્યાં. હર્ષાબેન, ઉદયભાઈ, જલ્પા, અમને મૂકવા આવ્યાં, સાથે બે-ત્રણ દિવસ રોકાયા. અમારે આટલા મહિનાથી અમદાવાદ - ભાવનગર - ઝાંઝમેર, ફરવાનું થતા મારા બાની તબિયત ખાસ્સી બગડી હતી એટલે હવે માઈધાર જ રહેવું એમ નક્કી કર્યું. એક પારિવારિક પ્રસંગ હોવાથી હર્ષાબેનને એ લોકો ઝાંઝમેર જઈ આવ્યાં. બાદમાં અમારી સાથે જલ્પા અને હર્ષાબેન વારાફરતી રોકાયા. અમદાવાદથી મધુબેન પણ દસેક દિવસ આવ્યા. તે આવવાના હતા તે દિવસે સિહોર પાતુભાઈની સાથે હું પણ લેવા ગઈ તે જોઈને ખૂબજ રાજી થઈ ગયા. હવે પગમાં સુધારો હતો. ઉધરસ ઓછી થતી હતી. ચાલવાનું સારી રીતે થતું હતું.

૨૩ જૂન પંડિત સુખલાલજી લોકવિદ્યાલયને 'દર્શક' ઍવૉર્ડ અર્પણ સમારોહ યોજવાનો હતો. આ જાહેરાત બે મહિના પહેલા થઈ હતી. ઘણા મહાનુભાવો શુભેચ્છકો માઈધાર આવવાના હતા. પૂર્વતૈયારી પૂરજોશમાં ચાલતી હતી. મને બધા ના પાડે છતા તૈયારીમાં મજા આવતી હતી. બધાને ચમત્કારિક નવાઈ અને સાથે ખુશી થતી હતી. અરુણભાઈ આગોતરી તૈયારી માટે બે દિવસ વહેલા આવી ગયા હતા. કાર્યક્રમમાં આ.પૂ.મોરારિબાપુ આવ્યા. તેમને મળીને કૃતજ્ઞતા - આભાર વ્યક્ત કર્યો. આ.રઘુવીરભાઈ, ડૉ.પી.કે.શુક્લ, દિલીપભાઈ સંઘાણી, સંજયભાઈ, પ્રકાશભાઈ શાહ, મનસુખભાઈ સલ્લા, મહેન્દ્રસિંહ

પરમાર, રામચંદ્રભાઈ, પ્રશાંતભાઈ ભટ્ટ, રાજેન્દ્રભાઈ ખીમાણી, અતુલભાઈ પંડયા, ભદ્રાયુભાઈ વચ્છરાજાની તેમજ લોકદક્ષિણામૂર્તિ પરિવારમાંથી ઘણા કાર્યકરો શુભેચ્છકો આવ્યા હતા. સૌને મળીને રાજી થયા. કાર્યક્રમ સુખરૂપ સંપન્ન થયો. મારુ વજન ઘણું ઓછું થઈ ગયું હતું. પરંતુ સ્ફૂર્તિ સારી હોવાથી બધા નવાઈ સાથે રાજીપો વ્યક્ત કરતા હતા.

આ દરમિયાન બે મહિને ડૉક્ટરને બતાવવાનું હતું. પેટસ્કેન કરાવ્યાને પાંચ મહીના થયા હોવાથી ૧ સપ્ટેમ્બરે આસ્થા હૉસ્પિટલમાં જ પેટસ્કેન કરાવ્યું. હવે બીક લાગતી નહોતી પરંતુ આ પ્રક્રિયા ઘણી લાંબી ચાલે ૩થી ૪ કલાક. વળી, જિજ્ઞાસા સાથે ગર્ભિત બીક પણ હતી, કે આ વખતે શું પરિણામ આવશે? હું તો પરિવારમાં કહેતી હતી કે રિપોર્ટમાં જે આવે તે મને ઘણું જ સારું અનુભવાય છે. આજ દિવસે પહેલી વખત ડૉક્ટર દુષ્યંત માંડલિકસાહેબને પણ મળવાનું બન્યું. તેમને મળીને ખૂબજ આશ્વાસન મળ્યું. મજાના માણસ ! તેમના પપ્પા સતીષભાઈ માંડલિક મારા બાપુજીને સારી રીતે ઓળખે. તેઓ અર્ચનાબેન સાથે ભણેલા હોવાથી તેમને અને અરુણભાઈને પણ વર્ષોથી ઓળખે.

બીજા દિવસે તા. ૨ સપ્ટેમ્બરે પેટસ્કેનનું પરિણામ જાણીને ડૉ.આલુરકર આગલી સારવાર સંદર્ભે નિર્ણયો લેવાના હતા. સમગ્ર શુભેચ્છકો અને પરિવારમાં ભારે ઉત્તેજના પ્રસરેલી કે છ માસના ઍલોપથી ઉપચારનું પરિણામ શું આવશે? જો હવે કોઈ સુધારો ન જણાય તો કયાં જશું? કોને બતાવશું? કઈ સારવાર લેશું? વગેરે પ્રશ્નોના વમળોમાં મૂંઝવણ અનુભવતા સૌ કોઈ પરિણામની રાહ જોતા હતા. મોડી રાત્રે અરુણભાઈએ ડૉ.માંડલિક સાહેબ દ્વારા આસ્થા લેબમાંથી પેટસ્કેનના રિપોર્ટને વોટ્સઅપ દ્વારા મેળવી લીધા!! વહેલી સવારે મારાભાઈ યોગેશને મૅસેજ મોકલ્યો, 'લાપસીના આંધણ મૂકો, દેવ પરિવાર ઘેર આનંદ ભયો જય ડૉકટર આલુરકરલાલકી…' મારા તમામ રિપોર્ટ અમારા કરતા વહેલા અરુણભાઈ પાસે પહોંચી જતા. સુધા અને અરુણભાઈ કલાકો સુધી મારી સારવાર સંદર્ભે ચર્ચા-વિચારણાઓ કરતા.

મને તો વિશ્વાસ બેસે નહિ રિપોર્ટ જોઈને જ સાચું માનશું એમ વિચારી હૉસ્પિટલે પહોંચી ગયા. સુધા-યોગેશ- મધુબેન દર વખતની જેમ ડૉક્ટર પાસે ઉત્સાહથી સાથે ગયા, ડૉક્ટર પણ ખૂશ હતા. આ ત્રણેય દર વખતે ખૂબ પ્રશ્નો પૂછે. સુધા એ પૂછ્યું કેટલા ટકા રીકવરી કહેવાય? ડૉક્ટર તરત જ બોલી ઉઠ્યા, ૮૫% શરીરે સારો રિસ્પોન્સ આપ્યો છે. હવે ઈન્જેકશન પૂરા. દવા શરુ કરીશું. તેમણે પ્રિસ્ક્રીપ્શન લખી આપ્યું, દવાનો નવો કોર્સ શરુ થયો. સવારે બે ટૅબ્લેટ, બાકી બપોરે અને સાંજે વિટામીનની ટૅબ્લેટ, દર મહિને એક ટૅબ્લેટ બીજી લેવાની. સવારની એક ટૅબ્લેટ ૨૧ દિવસ લેવાની પછી ૧૦ દિવસ વિરામ. ફરી પાછો ૨૧ દિવસનો કોર્સ. આમ અત્યારે ચોથો રાઉન્ડ ચાલી રહ્યો છે. દર બે મહિને ડૉક્ટરને બતાવવા જવાનું. આ દરમિયાન ધરમપુરથી કોકીલાબેન વ્યાસ અને બેંગલોરથી સોનલબેન પરીખ, અમદાવાદથી સુધા, નીરુ - રમેશભાઈ, પંકજભાઈ - કુંજનબેન, ભાવેશ-ભાવના-કાકી, માસા-માસી, મોસાળજનો, યોગેશ-દક્ષા- ધ્વનિ અમારી સાથે રહેવાં અને મજા કરાવવા આવી ગયાં.

ઍલોપથી અને કેન્સર ભેગા થાય એટલે ખર્ચના તો ગુણાકાર જ થવા લાગે પરંતુ મારી હૂંડી મેડીકલ ક્લેમ દ્વારા ભાઈ પલક ભાવસારની મદદથી સ્વીકારાયા કરી છે તે પણ એક રાહતની ઘટના જ છે.

વિચારું છું તો લાગે છે કે પાંચ મહિનાના ઉપવાસે ઘણું કામ કર્યું છે. શરીરનું શુધ્ધિકરણ સારી પેઠે થયું એટલે ઍલોપથી દવાની સાઈડ ઈફેક્ટ થઈ નથી. આ આતંકવાદી કેન્સરનાં કોષોને ઍલોપથીના હથોડાએ જ ભાંગ્યા અને હનુમાનદાદાની ગદાએ ભગાડયાં !

આ કૃપાવર્ષામાં હનુમાનદાદાની ગદાએ પૂ.બાપુએ બંધાવેલા ભરોસાએ જબરું આત્મબળ પૂરું પાડયું. શ્રદ્ધા,વિશ્વાસ અને ભરોસો શું કરી શકે તેની અનુભૂતિ અમને થઈ. આ અમારા માટે તો ચમત્કારી ઘટના જ છે.

મને વિમલાદીદીમાના પ્રસંગનું સ્મરણ થઈ આવ્યું. અરુણભાઈ તો શેના ભૂલે ? તેમણે સૌને ભેગા કર્યા અને અમે ચાર ગાડીઓમાં ભરોસાના પોંખણા કરવા તા. ૧૭ સપ્ટેમ્બરે તલગાજરડે પહોંચ્યાં.

પૂ.બાપુના વાત્સલ્યસભર આશીર્વાદ અને આતિથ્યથી સૌ ધન્ય ધન્ય થયાં. તેમણે સૌને નાની-મોટી ભેટ આપી અને મેં ધરેલી રકમ મારા સહિત સૌ કામ કરતા કર્મયોગીઓને ત્યારે જ જયદેવભાઈ દ્વારા વહેંચી અપાવી.

સમયાંતરે પીડીલાઇટની ટીમ દક્ષિણામૂર્તિ, લોકભારતી, આંબલા, માઈધાર, મણાર અને કળસારની મુલાકાતે નિયમિત આવે છે. આ વખતે નવેમ્બરમાં લવીનાબહેન સાથે જે ટીમ આવી હતી તેમાં મને પીડીલાઇટના જે ડૉક્ટરે ડૉ.શિરીષ આલુરકરનું સૂચન કરેલું તે ડૉ.ઠાકુર દેસાઈ પોતે પણ હતા. લવીનાબહેને તેમની ઓળખાણ કરાવી, હું તો અવાક્ બની ગઈ! તેમણે મારી પાસેથી તમામ વિગતો જાણી. તેઓ ખૂબ જ રાજી થયા. જતી વખતે કહે, ભાવનાબહેન, દુઆઓમે શ્રધ્ધા રખતે હો? આજ ભી ચમત્કાર હોતે હૈ . મેં કહ્યું ખૂબજ. ખરેખર, મારા વ્હાલા પરિવારજનો તેમજ લોહીના સંબંધોથી પર પરિવારજનસમા શુભેચ્છકો, સ્નેહીજનો, બહોળો વિદ્યાર્થી પરિવાર, લોકભારતી, આંબલા, મણાર, કળસાર, માઈધાર અને પીડીલાઇટ પરિવારના અનેક સ્નેહીજનોની (નામ લખીએ તો યાદી ખૂબજ લાંબી થાય) દુઆઓથી આજે હું સાજી - નરવી છું ! જ્યારે હું નિરામય બનીને લોકભારતી કાર્યકર પરિવાર-સ્નેહમિલનમાં પહોંચી તો મને સાજી-નરવી જોઈ સૌ પરિવારજનો આનંદિત થઈ ગયેલા. આ સમયગાળામાં ઘણા વિદ્યાર્થી ભાઈઓ-બહેનો અને કેટલાક કાર્યકરો પૈસાની થપ્પીઓ લઈને હઠાગ્રહ સાથે દેવા દોડ્યા. બહેન, અમે તમારા કારણે ભણી શક્યા છીએ, અમને સેવાનો મોકો આપો. બહેન, તમારી મદદથી અમારો પ્રસંગ અથવા આર્થિક સંકટ પાર પાડી શક્યા. હવે અમને તક આપો. મને પણ યાદ નહોતું કે કોને કોને કેટલી મદદ કરીને મેં ધન્યતા અનુભવી છે. સૌને એક જ જવાબ આપું છું કે, મારે અત્યારે જરૂર નથી, તમે જરૂરિયાતમંદને મદદ કરજો. મેં તો મારા સંતોષ અને જીવનની પ્રસનતા માટે ટેકો કરેલો. આજે આ હિસાબ ઉપરવાળાએ જાણે પૂરો કર્યો હોય તેમ અનુભવાય છે.

પૂ. મોરારિબાપુ, મધુકરભાઈ પારેખ, અરુણભાઈ દવે, ડૉ. ઠાકુર દેસાઈ, ડૉ.પંકજભાઈ શુકલ, લવીનાબહેન અને પાઠક પરિવારની હૂંફ થેરેપી, સુધાબેન - પ્રણવભાઈની ન્યુ ડાયટ સિસ્ટમરૂપી મૈત્રી થેરેપી અને ડૉ.શિરિષ આલુરકરની હોર્મન્સ થેરેપી, જેને હું 'આલુરકર થેરેપી' કહું છું. તેના પ્રતાપે આજે હું પહેલા કરતાં પણ સ્ફૂર્તિથી કામ કરી રહી છું. મારા માટે જીવનનું ભજન બની ગયેલ છે એવી નિજાનંદી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહું છું અને મોજમાં છું. માઈધાર અને તેની આસપાસના લોકોને ઘણી નવાઈ લાગે છે! આ વિકરાળ કેન્સરે જે રીતે સહુનો ભરડો લીધો છે તેના ભોગ અનેક બની રહ્યા છે તે સહુ મળવા આવે છે ને મારા અનુભવોનો ઉપચાર કરવા પ્રેરાઈ રહ્યાં છે !

હા, તો આવી છે મારા પંદરેક માસની મોજીલી,ખોજીલી,માણેલી અને પામેલી કૃપાયાત્રા...

કવિ ધ્રુવ ભટ્ટની આ રચના મને બહુ ગમે છે....

ઓ રે બેલી... સમદરિયા કરવા છે પાર રે
પળમાં તું હોડાં ઉતાર
કે જળ પાછાં ઉતરી જશે હો જી...
ઓ રે બેલી.... સાધીને રાખ નિશાન રે
સબધાં કરી લે સુકાન
પાણીમાં ચીલા જડશે નહીં હો જી
ઓ રે બેલી.... મધદરિયે ભારે ઉછાળ રે
પવનોનાં નહીં આવે પાર
હીયાની મોજે ઊંચકી જશે હો જી...

હું તો ગાઈ રહી છું કે ભારે ઉછાળ તો આવ્યાં... અને પવનો પણ ફૂંકાયા,

પરંતુ હૈયાની મોજે ઊંચકી જશે હો જી...

લોકવિદ્યાલય- માઈધાર

## ૦૨ માનવતાની માવજત એ જ ધર્મ...

**ગુણવંત શાહ**

આવતી સદીમાં ધાર્મિક હોવાનો અર્થ હશે, સ્વસ્થ હોવું. સહજ હોવું એટલે જ ભગવાનની સમીપ હોવું અને પ્રભુ સમીપે હોવું એટલે જ સ્વસ્થ હોવું. વ્યકિતગત સ્વસ્થતા જયારે વિશ્વગત બને ત્યારે 'ધર્મઃ રક્ષતિ રક્ષિતઃ' સૂત્ર સાર્થક થતું હોય છે. કયારેક કોઈ ખુલ્લા મનનો સ્વસ્થ માણસ કયાંક મળી જાય તો માનવું કે તમે તીર્થસ્થાને બેઠા છો. કયાંક સ્વસ્થ મનનો માણસ જડી આવે તો તીર્થસ્થાન પામ્યાનો ભાવ જાગે છે. સમાજમાં માનવતીર્થો ટકી રહે તે ખૂબ જરૂરી છે.

આપણા ધર્મસ્થાનો ભવ્ય બન્યાં, પરંતુ આપણી ધાર્મિકતા અભવ્ય બનતી ચાલી છે. ધર્મનો કોલાહલ વધ્યો છે, પરંતુ અધ્યાત્મ ક્ષીણ થયું છે. મોહબ્બત એ જ એકવીસમી સદીનો મજહબ છે. એવું મને સમજાયું છે. મદદ પહોંચાડે તે ધર્મ, ખલેલ પહોંચાડે તે અધર્મ. માનવતાની માવજત એ જ ધર્મ ! પોતાને પ્રાપ્ત થયેલા રોટલામાંથી માણસ જયારે કોઈ અજાયા માણસને આપવા માટે પોતાનો રોટલો ભાંગે છે, ત્યારે સમગ્ર માનવતા સુગંધમય બને છે. સર્વધર્મ સમભાવનો પાયો માનવતા છે. માનવતા જોડવાનું કામ કરે છે અને કલા પણ મનુષ્યોને જોડવાનું કામ કરે છે. જોડે તે ધર્મ, તોડે તે અધર્મ !

સાચો ધર્મ પવન જેવો છે. પવનને કોઈ ખીલો નથી હોતો અને ધર્મને કોઈ ગમાણ નથી હોતી. સાચો ધર્મ ઉધારીમાં નથી માનતો. એ તો અહીં અને અત્યારે જ હોઈ શકે તેની રોકડી વાત કરે છે. ખરા ધર્મનો ઉદય ન થાય ત્યાં સુધી આપણે કહેવાતા ધર્મને નામે ચાલતા શોરબકોરથી ચલાવી લેવું પડશે. ખરા ધર્મની શોધ મૌનની અટારીએથી જ થઈ શકે, ધિક્કાર અને ઝનૂનના ઓવારેથી નહીં. સાચો ધર્મ એટલે પળપળની જાગૃતિ અને કાચો ધર્મ એટલે કટ્ટરપંથી જડતા અને કર્મકાંડી માથાફોડ. જગતમાં ઘણા ધર્મો છે અને ઘણી પ્રજાઓ છે. જે પ્રજા પોતાના ધર્મમાં પડેલી મર્યાદાઓ અંગે સભાન થઈ જાય તે જ પ્રજા આગળ વધે છે. પોતાના ધર્મની વાત કરતી વખતે આપણે આપણા ધર્મનાં ઉમદા તત્ત્વોને યાદ કરીએ છીએ અને અન્ય ધર્મની વાત કરતી વખતે તેનાં નકારાત્મક લક્ષણો ગણાવીએ છીએ. ધર્મના સૌથી મોટા બે દુશ્મનો છેઃ ઝનૂન અને જડતા. ધર્મના સૌથી મોટા બે મિત્રો છેઃ વિચાર અને આચાર. માનવતાના ખોળામાં રમે તેનું નામ ધર્મ છે અને ખોળો ત્યજીને ખેલે તે religion છે. આજની સમસ્યા શી છે ? ધર્મ ક્ષીણ થયો છે અને રીલિજયન જાડોભમ થયો છે!

હવેના વર્ષોમાં ધર્મના હાર્દને મંદિરતા, મસ્જિદતા કે દેવળતાને બદલે માનવતાના વિરાટ ફળિયામાં શોધવું પડશે. પારકાને પોતીકા ગણીને બોલાવવામાં કદાચ જગતના બધા જ ધર્મોનો સાર આવી જાય છે. આ સમગ્ર સૃષ્ટિ ઈશનું રાજય છે કે ઈશથી વ્યાપ્ત છે એમ સમજવામાં પરમ સ્વાર્થ રહેલો છે. એનો અર્થ એ જ કે આ સમગ્ર સૃષ્ટિ મારી છે. ઈશાવાસ્યવૃત્તિ એટલે પરમ સ્વાર્થનું વિસ્તૃતિકરણ અને સ્વાર્થનું વિસ્તૃતિકરણ એટલે સ્વાર્થનું પવિત્રીકરણ. અન્ય માટે કશુંક કરી છૂટવાની તમન્ના હોય એવો માણસ કપાળે તિલક ન કરે અને તીર્થયાત્રાએ ન જાય તોય 'ધાર્મિક' ગણાય. પોતાને ભાગે આવેલું, પોતાને રોટલો રળી આપતું અને પોતે સ્વીકારેલું કામ મન દઈને ન કરે તે આદમી કદી ધાર્મિક ન હોઈ શકે

રામ પરમ સ્વસ્થ હતા, કૃષ્ણ સ્થિતપ્રજ્ઞ હતા, બુદ્ધ કરુણામૂર્તિ હતા,મહાવીર અહિંસામૂર્તિ હતા, ઈસુ પ્રેમમૂર્તિ

હતા અને મહંમદ શાંતિ અને નેકીના મસીહા હતા. આપણે ઝનૂનને શરણે જઈએ ત્યારે વિચારશૂન્યતાના ગુલામ બનીએ છીએ. ભગવાનની ટપાલ સૌને મળે છે અને સતત મળે છે. એ ટપાલ આપણને આપણા માંહ્યલા દ્વારા મળતી રહે છે. માંહ્યલાના અવાજની અવગણના એ જ ખરી નાસ્તિકતા છે. સાચા ધર્મનું કર્તવ્ય માનવતાના વિનાશને રોકવાનું છે. મંદિરના ઘુમ્મટ અને મસ્જિદના મિનારાને વીંટળાયેલું આકાશ તો એક અને અનંત છે. રાજકારણીઓ તો આકાશના પણ ભાગલા પાડે એવા ચાલાક હોય છે.

ધર્મનું સારતત્ત્વ અને કેટલીક સારી બાબતો ગ્રહણ કરવાને બદલે આપણે ધર્મને ક્રિયાકાંડોમાં, બાહ્યાચારોમાં, ઝનૂની શાસ્ત્રાર્થોમાં કે વિતંડાવાદમાં પૂરી દેતા હોઈએ છીએ. ધર્મનો મર્મ ભૂલી જવામાં આવે પછી કેવળ ભીડધર્મ બચે છે. આજે બધા જ ધર્મો લગભગ માર્કેટિંગમાં રાચનારા કૉર્પોરેટ સેક્ટર જેવા બની ગયા છે. માણસમાં જીવનની ગુણવત્તા સુધારે તેવો માનવધર્મ ક્યાંય ઝટ જડતો નથી. પરાયો મનુષ્ય પરાયો ન રહે ત્યારે કેવળ માનવતાની સુગંધ બચે છે. આ સુગંધ મૂલ્યવાન છે. માનવતા થથરી ઊઠે એટલી હદે માણસ આપમતલબી બનતો જાય છે. પરિણામે આજની ટૅકનૉલૉજી દ્વારા પ્રાપ્ત થયેલી સુખસગવડ પણ ટાઢક આપતી નથી. ટાઢક તો માનવધર્મ જ આપી શકે.

પૃથ્વી પર આજે એવા નૂતન માનવીની પ્રતીક્ષા છે, જેનું મસ્તિષ્ક આઈન્સ્ટાઈન જેવું વિજ્ઞાનપ્રેમી હોય અને જેનું હૃદય બુદ્ધની માફક કરુણાથી છલોછલ હોય. એક માનવી ઘાયલ થયેલા બીજા માનવીના જખમ પર મલમ લગાડે તે ક્ષણે અને તે સ્થાને જે મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારા કે દેરાસર રચાય તે જોવા માટે માણસે પોતાની આંખ બંધ કરવી પડે છે, કારણ કે ખુલ્લી આંખે પ્રાર્થના જામતી નથી.

આપણે બુદ્ધ અને ઈસુને હરાવી દીધા છે. એ જ રીતે આપણે મહાવીર અને ગાંધીને ગાંઠીએ તેમ નથી. મને તો એવો આક્ષેપ પણ મૂકવાનું મન થાય છે કે આ નાદાન દુનિયા સુખી થવા માટે પણ તૈયાર નથી. દુનિયાને તલવારની તાકાતનો પરચો ઇસ્લામ દ્વારા થયો અને પરમાણુબૉમ્બની તાકાતનો પરચો ખ્રિસ્તીધર્મ દ્વારા થયો. તલવાર છાપ કત્લેઆમ ચાલી તેમાં પેયગંબરનો અનાદર થયો અને હિરોશિમા-નાગાસાકી પર અણુબૉમ્બ ઝીંકાયા તેમાં ઈસુનો અનાદર થયો. ગાંધીમુદ્રા ધરાવતું અને સર્વધર્મ સમભાવથી રસાયેલું ભીનું સેક્યુલરિઝમ આપણી ભારતીય સંસ્કૃતિની સુગંધ છે. એમાં માનવતાની માવજત થતી રહે છે.

**પાઘડીનો વળ છેડે**

ધાર્મિકતાનું સ્થાન આધ્યાત્મિકતા લેશે. કોઈ પણ ધર્મમાં ઊગેલો સુવિચાર સમગ્ર માનવજાતની મિલકત ગણાશે. પરિણામે સામાન્ય માણસને સેક્યુલર સ્પેશ (મોકળાશ) પ્રાપ્ત થશે. કોઈ મુસ્લિમ નાગરિકને યોગ ઉપકારક જણાય તો તે યોગ દ્વારા આરોગ્ય અને શાંતિ પ્રાપ્ત કરશે. એ જ રીતે સૂફી ફકીર તરફથી મળતો ઉત્કૃષ્ટ વિચાર કોઈ ખ્રિસ્તી કે હિંદુ નાગરિકને પરાયો નહીં લાગે. સોગંધપૂર્વક કહું છું કે એવો એક વિશ્વ-નાગરિક છું. જેને કોઈ પણ ધર્મ પારકો લાગતો નથી. હું સ્વભાવે ચુસ્ત કોમવાદી માણસ છું. જ્યારે પણ તક મળે ત્યારે હું મારી કોમનું આંખ મીંચીને તાણવા લાગું છું. માણસ નામની કોમમાં મારો જન્મ થયો તેથી હું માણસ જાતનું હિત જોખમાય ત્યાં ઝનૂનપૂર્વક અવાજ ઉઠાવું છું. માણસથી ચડિયાતા સત્યમાં મને ઝાઝો રસ નથી. માનવધર્મથી પર એવા કોઈ ધર્મમાં મને શ્રદ્ધા નથી. હું કટ્ટરપંથી છું, કારણ કે હું કટ્ટર માનવતાવાદી છું.

ટહુકો
વડોદરું

## ૦૩ બાઉલ ઘાટ, બાઉલ આશ્રમ

**સતીશચંદ્ર વ્યાસ**

મહાનગર તામ્રલિપ્તપૂરને, કુદરતી વિપદાથી, ભાંગી ભાંગીને ભગવાને, સાવ સાદું એવું કંસારાનું નગર તમલુક બનાવી દીધું ! પણ તેના લોકો, કારીગરો, મજૂરો હજુ પણ તેવા જ ઝળહળતા અને કુશળ રહ્યા છે. અમને તે વાતની પ્રતીતિ રાખાલદાસ સહજિયા બાઉલે કરાવી. તે બોલ્યો, **'અમે પેઢીઓથી આ તમલુકની રૂપનારાયણ નદીના કાંઠે આશ્રમ બાંધી અને રહીએ છીએ. આ શહેર-ગામ અમારું પંડ પોષે. નદી ક્યારેક ચોમાસામાં પાસે આવે, માધુકરીમાં આખો આશ્રમ સાથે લઈ જાય ! અમે ફરીથી ત્યાં જ આશ્રમ બનાવી લઈએ ! પરંતુ ક્યાંય જઈએ નહીં.'**

તે આગળ બોલ્યા, 'અહીં ત્રાંબાનો ઉપયોગ ખૂબ જ. સિક્કાથી લઈ અને મોટી મૂર્તિ સુધી બધું જ ત્રાંબામાંથી ઘડવામાં કે ઢાળવામાં આવે. અહીંના કંસારાઓ ખૂબ જ બુદ્ધિશાળી છે ! ચાલો, તમને કંસારા બજાર બતાવું !'

તે તમલુકની બડા બજાર પાસેની કંસારા ગલીમાં લઈ ગયો. ત્યાં તાલુ નામે એક કંસારાની દુકાને અમે ગયા. તાલુ કંસારાએ બાઉલને અને અમને આવકાર આપ્યો. રાખલ બાઉલ બોલ્યો, 'તાલુ! આ ભાઈને કળશ, હાંડા, દોની, બડી કલસી, બતાવો. તને પહેલા જ કહી દઉં, આ લોકો ખરીદી નહીં કરે, ખાલી જોવા આવ્યા છે.'

કંસારો બોલ્યો, 'બહુ સારું! ખરીદવાવાળા તો ઘણા આવે છે, બાઉલ ! આવા નીરખવાવાળા તો ભાગ્યે જ આવે!'

પછી તે ત્રાંબાના એક પછી એક ઘડો કાઢીને ઘડાનો પરિચય કરાવતા બોલ્યો, 'આ છે પંડિતકલસી'

અમે કળશ સામે જોઈ રહ્યા. મોટા હાંડા જેવો કળશ હતો. તેનું તળિયું બહિર્ગોળ હતું. આખો મઠારેલ હતો. પરંતુ તેમાં ક્યાંય પંડિતાઈ દેખાતી નહોતી ! તેથી અમે કંસારાને પૂછ્યું, 'આ કળશને 'પંડિત કલશ' કેમ કહે છે?'

તો કંસારો હસ્યો, બોલ્યો, 'તમને થતું હશે કે આ કલશને પંડિત કલશ કેમ કહે છે? શું પંડિત લોકો તેનો ઉપયોગ કરે છે? શું એવું છે? તો તેનો જવાબ છે, 'ના' એવું નથી. જુઓ, એનું તળિયું બહિર્ગોળ છે, તેથી તેને ડાબે-જમણે નમાવી શકાય. એક જ પંડિત જેમ મૃત્યુના શ્રાદ્ધથી માંડી, લગ્નના, સીમંતના તેવા બધા જ સંસ્કાર કરવા તરફ બધે વળી શકે, બરાબર તેની જેમ જ, આ કળશ ગમે તે બાજુ નમી શકે ! બીજું, આ કળશ પંડિતની જેમ જ દ્રઢતાપૂર્વક ઈંઢોણી પર આસનસ્થ થઇ શકે ! જમીન પર રાખો તો ડાબે- જમણે ઝુકે, છલકાઈ પોતાની નારાજગી વ્યક્ત કરે. ઈંઢોણીના વચ્ચેના અંતર્ગોળ ભાગમાં તેનો આ તળિયાનો બહિર્ગોળ ભાગ ચુસ્ત રીતે બંધ બેસી શકે ! ત્યાં ઠરીને ઠામ થઈ શકે. ત્રીજુ, એક કળશની ઉપર બીજો કળશ, ત્રીજો કળશ, એમ પૂરી ઉતરડ બનાવી શકો. જે રીતે યજ્ઞ કરતા પંડિત, આચાર્ય, ઉપાચાર્ય, હોતા, વગેરે. ચડતા-ઉતરતા ક્રમમાં ચુસ્ત રીતે પોતાનું સ્થાન જાળવી અને યજ્ઞ પૂર્ણ કરતા હોય છે. તેના જેવું જ સમજો.'

અમે પૂછ્યુંઃ 'આ ઘડાને તો તેના લક્ષણોના આધારે, તમે 'પંડિત ઘડો' નામ આપ્યું, તે સમજાયું. પરંતુ શું બીજા પ્રકારના ઘડા પણ હોઈ શકે?'

કંસારો બોલ્યો, 'ભાઈ ! ઘાટ આપનારનું જ આ નગર છે, તો બીજા પ્રકારના ઘડા તો હોય જ ને!'

તેણે બાજુની કાંધીમાંથી એક ઘડો ઉતારી, અમારી

સામે રાખી તાલુ બોલ્યો, 'જુઓ, ગુજરાતી મહેમાન! આ બાઉલ ઘટ !'

હું આશ્ચર્યથી તેની સામે તાકી રહ્યો.

તે આગળ બોલ્યો, 'આ ઘડાનું તળિયું, બહિર્ગોળને બદલે સપાટ છે ! તેથી આ ઘડાને કોઈ ઈંઢોણી પર રાખીએ તો તે સ્થિર ન રહી શકે. તે ઝડપથી લસરી જાય! તે સાવ જમીન પર જ ઠીક રહે ! બીજી ખાસિયત કે આ ઘડો, અન્ય ઘડા પર ચઢી અને સ્થિર ન રહી શકે લસરી જાય ! સાથોસાથ તે અન્ય ઘડાને પણ પોતાના ઉપર ચઢવા ન દે ! આવા બાઉલ ઘડાની ઉતરડ ન બની શકે ! બધા બાજુબાજુમાં, સમાન ભાવ અને સમાન ધર્મથી જ રહે, તે ડાબે જમણે કે આગળ પાછળ ન ઝૂકે, બેઠો ત્યાં બેઠો. ઉપર-નીચે ન રહેવું, સમાન ભાવે રહેવું, સાવ ધરાતલ પર જ રહેવું, વગેરે લક્ષણો બાઉલના લક્ષણો છે. તેથી આ ઘડાનું નામ 'બાઉલ ઘડો' પાડ્યું છે.' અમે તમલુકના કંસારાની દુકાનમાં યોજાયેલા 'બાઉલઘટ 'અને ' પંડિતઘટ'નું સાયુજ્ય નિહાળતા રહ્યા.

**બાઉલ આશ્રમ**

આ તમલુકને ઘેરીને બે નદી વહે છે. પૂર્વે 'રૂપનારાયણ' અને દક્ષિણ તથા પશ્ચિમ દિશામાં 'સુવર્ણરિખા'. વૈષ્ણવ સહજિયો બાઉલ આજાન, તેનો આશ્રમ સુવર્ણરિખા નદીના કાંઠે રચી રહેતો હતો.

અમે તેના આશ્રમે પહોંચ્યા. તેને પૂછ્યું, 'આજાન, આ આશ્રમ રૂપનારાયણ નદીના કાંઠે હોત તો વધુ રળિયામણો બન્યો હોત. તેવી મોટી નદી છોડી અને અહીં આ કાદવવાળી, નાની નદીના કાંઠે કેમ આશ્રમ બનાવ્યો?'

તે બોલ્યો, 'ભાઈ! આ આશ્રમ મેં થોડો બનાવ્યો છે! મારા ગુરુ સુક્ષ્ઞાદાસે મને પ્રસાદીમાં આ સંપત્તિ આપી છે.'

પછી થોડું રોકાઈ અને બોલ્યો, 'ગુરુને કોઈ જિજ્ઞાસુ આ સ્થળ પસંદગી વિશે પૂછતા તો તેઓ આ ગીત ગાતા….'

**'સોનું છોડી, રૂપું શું કામ લેવું ?**
**કા'ન ધન છૂપું છૂપું, શું કામ લેવું?'**

અમે કહ્યું, 'આજાન, આ કડીમાં કશું સમજાયું નહીં, તારા ગુરુની વાણી તો તારે જ ખોલવી પડશે.'

તે બોલ્યો, 'અરે! ખૂબ સરળ છે, જ્યાં આપણો આશ્રમ છે, તે નદીનું નામ સુવર્ણરિખા અર્થાત્ સોનાની રેખા અને તમે જે નદીના કાંઠે આશ્રમ બનાવવાનું સૂચન કરો છો, તે નદીનું નામ રૂપનારાયણ નદી, એટલે કે રૂપાની નદી.

તેથી મારા ગુરુ કહે છે કે આ 'સોના' નામરૂપી-સુવર્ણરિખા નદીને છોડી, સસ્તી 'રૂપા' જેવી રૂપનારાયણ નદીના કાંઠે શા માટે જઈએ? જો આપણે કૃષ્ણને પ્રેમ કરીએ છીએ તો પછી ડરીને, છૂપી રીતે શા માટે કરવો?' આ સાંભળી અને અમે આશ્ચર્યમાં પડી ગયા! હજુ તો અમારું આશ્ચર્ય શમે ત્યાં તેણે બીજી કડી કહીઃ

**'જો હોઈ સહજ અરૂપે જ નારાયણનું મળવું :**
**તો રૂપનારાયણ પામવા શું કામ મથવું?'**

આજાનઃ 'મારા ગુરુ સહજિયા વૈષ્ણવ બાઉલ, તેથી કોઈપણ પ્રકારની રૂપ સાધનામાં માને નહીં. તેઓ તો અરુપમાં જ મનેર માનુષ રૂપે ઈશ્વરના, શ્રીકૃષ્ણના દર્શન કરી લે! તેને જ ભજતા, તેનું જ ધ્યાન ધરતાં.'

આગળ સમજાવતા કહ્યું, 'તે જ કારણથી તેમણે આ ગીતમાં કહ્યું છે કે, 'જો મનેર માનુષનું અરૂપમાં જ ચિંતન દ્વારા દર્શન થઈ જતું હોય, તો રૂપ તરીકે જોવા માટે મથામણ શા માટે કરવી?'

પછી આજાન બોલ્યા, 'વધુ સુવિધાવાળી નદી રૂપનારાયણને છોડી, આ નાની નદીના કાંઠે આ અરૂપ સાધનામાં રહેવાની જ તેમની ઈચ્છા હતી. તે કહેતા કે અહીં તેમનું એકાંત અળપાતું નથી, સાધના અક્ષુણ્ણ રહે છે. '

મો-૯૮૯૮૬૪૩૩૫૩

## ૦૪ એકનિષ્ઠ સમર્પણ : વૈદ્યરાજ મજીઠિયાભાઈ

**મનસુખ સલ્લા**

લોકભારતી જેવી સંસ્થાની વિશેષતા એ ગણાય કે તેના અધ્યાપકો અને કાર્યકરોનો સંસ્થા સાથેનો સંબંધ કેવળ નોકરિયાતનો નહિ, પણ આત્મીય હોય છે. જાણે સંસ્થાનાં કામ અને મૂલ્યો સાથે નાળસંબંધ બંધાયો હોય એવી એકાત્મતાના ભાવથી સૌ કાર્ય કરતાં હોય છે. આજે ચોતરફ ધનકેન્દ્રી ઉપલકિયા સંબંધો વચ્ચે જીવનારાઓને એ ગળે ઉતરવું મુશ્કેલ હોય છે કે કાર્યકર અને સંસ્થાનો આવો પણ સંબંધ હોઈ શકે!

લોકભારતી સણોસરા ગ્રામવિદ્યાપીઠમાં વૈદ્યરાજની સરકાર માન્ય જગ્યા હતી. (પછીથી એ રદ્દ થઈ.) પ્રારંભકાળથી વૈદ્યરાજ અનિવાર્ય ગણાયા હતા. કારણ કે તેમણે કેવળ આયુર્વેદનું શિક્ષણ નહોતું આપવાનું, પરંતુ તમામ વિભાગનાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો-કાર્યકરોના પરિવારજનોના આરોગ્યની સંભાળ લેવાની હતી. ગુલાબરાય મજીઠિયાની પહેલાં લોકભારતીમાં વૈદ્યરાજ તરીકે વૈદ્ય શોભનભાઈ હતા. તેઓ આયુર્વેદમાં ચુસ્ત શ્રદ્ધા ધરાવતા હતા. ઍલોપથીની દવાની જરૂર નથી એમ માનનારા હતા. લોકભારતીમાં રહેનારા કેટલાક પરિવારો ઍલોપથીની દવાઓ લેવાનું પસંદ કરતા. એથી શોભનભાઈએ લોકભારતી છોડી. તેમની જગ્યાએ વડોદરાની આયુર્વેદ કૉલેજમાંથી સ્નાતક થયેલા ગુલાબરાય મજીઠિયા ૧૯૬૪માં વૈદ્યરાજ તરીકે દાખલ થયા. તેમણે ૩૮ વર્ષ સુધી કામગીરી સંભાળી.

ગુલાબરાય મજીઠિયાનું મૂળ ગામ પીઠડ. તા. મોરબી. જન્મ તા. ૪-૨-૧૯૪૨. કુટુંબગત વ્યવસાય કરિયાણાનો. પછી રાજકોટમાં તેમના ભાઈઓ મોટા વ્યાપારી બન્યા. મજીઠિયાભાઈને રસ ભણવામાં કારકિર્દી ઉજ્જ્વળ. આયુર્વેદનું ખેંચાણ વધ્યું. વડોદરાની આયુર્વેદ કૉલેજમાં તેઓ આયુર્વેદથી સંપૂર્ણ રંગાયા. અભ્યાસ દરમિયાન 'સ્વસ્થવૃત્તનું મહત્ત્વ' વિષય પર વક્તવ્ય આપેલું. પ્રથમ ક્રમે આવ્યા અને પુરસ્કારમાં 'આર્યભિષક' ગ્રંથ મળેલો. લોકભારતીમાં કામ સરસ હતું. પરંતુ માસ્ટર ડિગ્રી મેળવવાની અભિલાષા હતી. સંસ્થાની સંમતિ મેળવી જામનગર આયુર્વેદ મહાવિદ્યાલયમાં દાખલ થયા. સી.પી. શુકલ જેવા વિખ્યાત, આયુર્વેદના ધૂરંધર તેમને અધ્યાપક તરીકે મળ્યા. બે વર્ષમાં જિંદગીભરનું ભાથું મેળવ્યું. સી. પી. શુક્લ પ્રસન્ન હતા. 'આયુર્વેદ પ્રવીણ'ની પદવી પામ્યા. જેની પછીથી કોઈને જાણ નથી તે અભિનયની તેમની કળા તેમણે જામનગરમાં બતાવેલી. રંભાબહેન ગાંધીનું નાટક 'રાજાને ગમી તે રાણી' અને 'જૂની આંખે નવું' નાટકના અભિનય માટે તેમને કલેક્ટરશ્રીને હાથે ચંદ્રક મળ્યો હતો.

લોકભારતીમાં તેમનું કામ અને તેમના સંબંધો બહુ જ સ્વસ્થ રહ્યાં. હાઈસ્કૂલમાં ભણતી વખતે તેમને ચરિત્ર ચંદ્રક મળ્યો હતો તે જાણે તેમણે જીવનભર જાળવ્યો. વ્યવહારશુદ્ધિ હાડમાં બેઠેલી હતી. તેઓ ખસીને માર્ગ દેનારા હતા. લોકભારતીમાં ૩૮ વર્ષમાં કોઈ સાથે તેમને ઝઘડો થયાનું કોઈને યાદ નથી. તેમનું જીવનવહેણ સ્થિર ગતિએ વહ્યું. કાર્યનિષ્ઠા પાછળ તેમની ધર્મજાગૃતિને ગણી શકાય. લોકભારતીમાં ઉપચાર પદ્ધત્તિ તરીકે આયુર્વેદનો સ્વીકાર થયો હતો. પરંતુ કટોકટીની પળે વિદ્યાર્થીઓ અને પરિવારજનો ઍલોપથીની સારવાર પણ કરાવતા. પણ મજીઠિયાભાઈની આયુર્વેદ પરની શ્રદ્ધા અડોલ રહી. છતાં દર્દી સાજો થાય એ તેમની નિસ્બત રહેતી. ધીરે ધીરે તેઓ ઍલોપથીના પણ ખાસ્સા જાણકાર બન્યા. એ કાળે ઇન્જેક્શન આપવાં માટે સિરીંજ ઉકાળવી પડતી. મજીઠિયાભાઈનો હાથ ફોરો ગણાતો. ન જેવું દુઃખે. અનેક લોકોને મજીઠિયાભાઈ ઉકાળેલી સિરીંજ કોરી કરવા બે હાથમાં સિરીંજ લઈને હલાવતા હલાવતા સૂચના આપતા

હોય તે યાદ આવશે.

મજીઠિયાભાઈ સંસ્થામાં વૈદ્યરાજ હતા. તેઓ ખાનગી પ્રેકટીશનર નહોતા. પરંતુ વિદ્યાર્થીઓ કે કુટુંબોમાંથી કોઈને તકલીફ થાય તો રાત્રે બાર કે બે વાગ્યે મજીઠિયાભાઈને સંકોચ વિના જગાડી શકાતા. તેઓ પૂરી પ્રસન્નતાથી આવે. જરૂર હોય તો કલાક બે કલાક બેસે પણ ખરા. ખરા વાત રસિયા. હાસ્ય એમને સહજ. હસાવીને હળવા કરાવે. આડત્રીશ વર્ષની કામગીરીમાં અર્ધી રાત્રે સારવાર માટે તેમને બોલાવ્યા હોય તો કોઈએ કદી એમનું મોં કટાણું જોયું નથી.

મને બે પ્રસંગ યાદ આવે છે. ચાલીશેક વર્ષ પહેલાં મારા પુત્ર નિશીથને કમળો થયેલો. તેઓ આયુર્વેદના ઉપચાર કરતા હતા. પણ કમળો કમળીમાં પલટાઈ શકે. તો સ્થિતિ ગંભીર થઈ શકે. તેઓ ખાસ મારા ઘેર આવ્યા. કહે, 'આપણે નિશીથને ભાવનગર દાખલ કરવો છે? સ્થિતિ ગમે ત્યારે વળાંક લઈ શકે છે. તમારે એકનો એક દીકરો છે.' મેં કહ્યું, 'વૈદ્યરાજ, મને તમારી આયુર્વેદની તજજ્ઞતા ઉપર ભરસો છે. તમે નચિંત થઈને સારવાર કરો. તમે કહેશો પછી એક કલાક પછી આપણે ભાવનગર હોઈશું.' ત્યારે કેટલાકે મને જોખમ ન લેવા ચેતવેલો. મને વૈદ્યરાજની સૂઝ અને ક્ષમતા ઉપર વિશ્વાસ હતો. અને નિશીથ મજીઠિયાભાઈની સારવારથી સંપૂર્ણ સાજો થયેલો.

વૈદ્ય તરીકેની તેમની નિસ્બતનો બીજો કિસ્સો પણ લોકભારતી જેવી સંસ્થા માટે અનામત ગણી શકાય તેવો છે. અધ્યાપક ઝાલાભાઈને તીવ્ર મલેરિયા થયેલો. વધુ દિવસ ચાલ્યો. ઝાલાભાઈનો આગ્રહ કે આયુર્વેદની દવા જ લેવી. મજીઠિયાભાઈને જોખમ લાગ્યું. ઝાલાભાઈ ન માન્યા. તેઓ સંસ્થાના વડીલ મનુભાઈ પંચોળી પાસે ગયા. પ્રશ્નની ગંભીરતા સમજાવી. મનુભાઈ તુરંત ઝાલાભાઈને ઘેર ગયા. આવું ન કરવા અને ઍલોપથીની દવા લેવા ઠપકા સાથે સમજાવ્યા. ઝાલાભાઈ સંમત થયા. મજીઠિયાભાઈ તેમને લઈને સોનગઢ ડૉ. માધુરીબહેન પાસે લઈ ગયા. જરૂરી સારવાર અપાવી. ઝાલાભાઈ સાજા થયા. દર્દી ન મને તો સંસ્થાના વડાને જણાવીને દર્દી યોગ્ય સારવાર લે એવું ગોઠવવાની વૈદ્યરાજની અનિવાર્ય ફરજ નથી. પણ મજીઠિયાભાઈ લોકભારતીના સૌને પોતાનો પરિવાર ગણતા હતા. તેઓ આમ જ વર્તે.

મજીઠિયાભાઈને આયુર્વેદના અનેક શ્લોકો કંઠસ્થ હતા. એટલે તેમનો વર્ગ વિદ્યાર્થીઓ માટે જ્ઞાન અને અનુભવનો લ્હાવો બની રહેતો. ઔષધાલય ૧૦-૦૦ થી ૧૧-૦૦ અને ૫-૦૦ થી ૬-૦૦ ખુલ્લું હોય. મદદનીશ તરીક વિદ્યાર્થીઓ હોય. વિદ્યાથીઓ અનેક રીતે તૈયાર થાય. દવાની પડીકી કેમ વાળવી ત્યાંથી લઈને ભૂલ વિના દવા કેમ મૂકવી અને બીજી ઝીણી તાલીમ આપતા. એ વિદ્યાર્થીઓ આયુર્વેદ મૂળમાંથી સમજતા. એમાંથી પ્રદીપ આસ્તિક અને નવલ ભાવસાર જેવા ઉત્સુક વિદ્યાર્થીઓ આયુર્વેદનો પ્રેમ પામ્યા. પછી ઊંડો અભ્યાસ કર્યો અને આજે સારવાર પણ કરે છે.

લોકભારતી માત્ર વર્ગખંડનું મહાવિદ્યાલય નથી. ફરતાં ચાલીસેક ગામોમાં તેનું વિદ્યાવિસ્તારનું કામ ચાલે છે. જીવાતા જીવનનો અનુબંધ એટલે એના લોકોની સર્વ પ્રકારે કાળજી લેવી. એમાંય આંખ અને દાંતની સારવારમાં વડીલો તરફ ઉપેક્ષા સેવાય. શિવાનંદ મિશન (વીરનગર)ના શિવાનંદ અધ્વર્યુએ આખા સૌરાષ્ટ્રમાં આંખના નિશૂલ્ક ઑપરેશનની મોટી ઝુંબેશ ઉપાડી હતી. મજીઠિયાભાઈએ તેમને વિનંતી કરી. નક્કી થયું કે નેત્રરોગ નિદાન કેમ્પ લોકભારતીમાં ગોઠવવા. તેમણે ૫૮ શિબિરો લોકભારતી અને અન્ય સંસ્થોઓમાં ગોઠવ્યા હતા. વિદ્યાર્થીઓને તેમાંથી તાલીમ મળતી. ફરતાં ગામોમાં તેઓ પત્રિકાનું વિતરણ કરતાં. વીરનગરથી તબીબોની ટીમ આવે. આંખનું નિદાન કરે. ઑપરેશન લાયક દર્દીઓને હૉસ્પિટલના વાહનમાં લઈ જવાય. ત્રણ દિવસ પછી લોકભારતી પાછા મૂકી જાય. બધું નિશૂલ્ક. બે વખત તો મજીઠિયાભાઈએ લોકભારતીમાં જ ઑપરેશન શિબિરો રાખેલા. સારસ્વતભવનમાં ૫૦થી વધુ દર્દીઓને રાખેલા. ડૉ.અધ્વર્યુજીએ જાતે ઑપરેશન કરેલાં. ભોજન, ચા, સારવાર, દર્દીને બાથરૂમ લઈ જવા, રાત્રે જાગવું — બધાં કામ વિદ્યાર્થીઓએ કરેલાં. મજીઠિયાભાઈએ વિદ્યાર્થીઓને એવાં તૈયાર કરેલાં કે એક

પણ બાબતમાં ચૂક નહોતી આવી.

આવા નેત્ર યજ્ઞનો લાભ પામેલા દર્દીનો પ્રતિભાવ આવા કામનાં મહત્ત્વ અને મહિમાને સમજાવે છે. નરેન્દ્રભાઈ કોટેચા પંચાયતીરાજના શિબિર નિમિત્તે ગોપનાથ જતા હતા. રસ્તામાં ૯૦ વર્ષનાં માજી બેઠેલાં. તેમને જયશ્રી કૃષ્ણ કહ્યાં. માજીએ પૂછ્યું, 'ક્યાંથી આવો છો?' કોટેચાભાઈએ કહ્યું, 'લોકભારતી સણોસરાથી.' માજી ઊભાં થઈ ગયાં. ભાવથી કહે,'ભાઈ, મને લોકભારતીએ આંખ્યું આપી. મારા ઘરનાં મારો હાથ ઝાલીને ઝાડો-પેશાબ કરવા નોતા લઈ જાતા. લોકભારતીએ મને આંખ્યું આપી એથી જોઈ શકું છું. સારું થાજો લોક્ભારતીનું અને દાકતર સાબ્યનું.' મજીઠિયાભાઈના કામનું આ પણ ગૌરવવંતુ પરિણામ છે.

મજીઠિયાભાઈએ જાયું કે રાજકોટના લાભશંકરભાઈ શુક્લ ઇન્જેક્શન વિના જાલંધરબંધ યોગથી ૪ કે ૮ દાંત કે દાઢ પાડી આપે છે. તેમણે લાભશંકરભાઈને રાજી કર્યાં. આવા ૩૨ દંતયજ્ઞો તેમણે ગોઠવેલા. દર્દીઓના ભરપૂર આશીર્વાદ મજીઠિયાભાઈએ મેળવેલા. લાભશંકરભાઈની ચિર વિદાય પછી તેમના પુત્ર પુનિતભાઈએ આવી સેવા આપેલી.

વિદ્યાર્થીઓને લોહી લેવું પડે કે આપવું પડે તો તેમના બ્લડગ્રૂપની ખબર હોવી જોઈએ. અમરગઢ ટી.બી. હૉસ્પિટલના સહયોગથી તમામ કાર્યકરો અને વિદ્યાર્થીનું બ્લડગ્રૂપીંગ કરાવેલું. એમ જ ચર્મરોગ, મધુપ્રમેહ, હરસ-મસા-ભગંદરના શિબિરો તજજ્ઞોની મદદથી ગોઠવેલા. ચોમાસામાં માંદગીનું પ્રમાણ વધે. મજીઠિયાભાઈએ સંચાલકોને કહીને આર્થિક જોગવાઈ કરીને કડું-કરિયાતુંનો ઉકાળો પાવાનું ગોઠવેલું. રાત્રે ઉકાળો પલાળવો, વહેલી સવારે ઉકાળવો, પીવા આવે તેમની વિતરણ વ્યવસ્થા વગેરે તેઓ વિદ્યાર્થીઓની મદદથી ગોઠવતા. આ તેમની મુકરર થયેલી ફરજ નહોતી. પરંતુ તમામના આરોગ્યની કાળજી લેવી તે તેમની અંદરની ઊલટ હતી. શિબિરો, તજજ્ઞોનાં વ્યાખ્યાનો (સી.પી.શુક્લ, બાપાલાલ વૈદ્ય, બાલુભાઈ વૈદ્ય, જુગતરામભાઈ વૈદ્ય, શોભનભાઈ વગેરેનાં) આદિ કામ તેઓ ન કરે તો કોઈ કાંઈ ન કહે. પણ વૈદ્યરાજ મજીઠિયાભાઈ માટે એ આનંદ હતો. તેમને આ કાર્યોનો કદી થાક નહોતો લાગ્યો.

મજીઠિયાભાઈ અને તેમનાં પત્ની જ્યોત્સનાબહેન ઉમળકા અને ઉષ્માના માણસ. તેમને ઘેર બેસવા જઈએ કે તેઓ આપણે ઘેર બેસવા આવે ત્યારે અનેક વાતોની રંગત જામે. હાસ્યપ્રધાન ઘટનાઓ યાદ કરીને હળવાશ જાળવે. તેઓ નિઃસંતાન હતાં, પણ એનો ઓછાયો ક્યાંય ન પડતો. લોકભારતીના અધ્યાપકોને સંસ્થાગત કામે (શિબિરો કે પ્રવાસમાં) થોડા દિવસ બહાર જવાનું હોય તો તેમને કુટુંબની ચિન્તા ન રહેતી. કારણ કે લોકભારતીમાં વૈદ્યરાજ મજીઠિયાભાઈ બધું સંભાળી લેશે એવી ધરપત રહેતી. કેટલાક નાજુક તબિયતવાળાને તો મજીઠિયાભાઈ વાતવાતમાં પૂછવા ઠેકાણું હતા. નિવૃત્તિ પછી પણ તેઓ ફોનથી માર્ગદર્શન આપતા. ૨૦૦૨માં તેઓ નિવૃત્ત થઈને રાજકોટ રહેવા ગયા. પુનિતભાઈના દવાખાનામાં વૈદ્ય તરીકે સેવા આપી હતી. રાજકોટની વૈદ્યસભાએ તેમનું સન્માન કર્યું હતું.

મજીઠિયાભાઈના કુટુમ્બનો સંપ અને પ્રેમ અદ્ભુત કહી શકાય. સૌ જાણે એકજીવ. લાંબા વખતથી તેમને શ્વાસની તકલીફ હતી. ખૂબ ધ્યાન રાખતા. પણ પ્રાણશક્તિ ખૂટતી જતી હતી. હોસ્પિટલની સારવાર, પરિવારજનોની ઉત્તમ કાળજી પછી પણ તેઓ બેઠા ન થઈ શક્યા. તા. ૭-૪-૨૦૨૬ના રોજ તેમણે ચિર વિદાય લીધી.

આવી વ્યક્તિઓ એમના કાર્યને વરેલી હોય છે. એને તેઓ નિષ્ઠાથી વળગી રહે છે. મજીઠિયાભાઈને લોકભારતીમાં વૈદ્યરાજ તરીકે કામ કરવાની તક મળી, ઉમદા મનુષ્યો સાથે રહેવાનું મળ્યું, મનગમતું કાર્ય કરી શક્યા તેનો તેમને ભરપૂર સંતોષ હતો. દર્દીનું કષ્ટનિવારણ એ પુણ્યકાર્ય ગણાય. મજીઠિયાભાઈએ જીવનભર એવું ઉમદા કાર્ય કર્યું. એટલે તેમના પરિચયમાં આવેલાં સૌનાં હૃદયમાં તેમને માટે સ્નેહાદર જળવાયો હતો. જિંદગીની આ મોટી કમાણી ગણાય.

મો.૯૮૨૪૦૪૨૪૫૩

## ૦૫ હરિ અનંત હરિકથા અનંતા

**ઉદયન ઠક્કર**

---

મનુભાઈ પંચોળી 'દર્શક' એટલે 'ઝેર તો પીધાં છે જાણી જાણી', 'દીપનિર્વાણ' અને 'સોક્રેટિસ' જેવી નવલકથાઓના સર્જક. તેમણે લખેલા 'તુલસીદાસ' વિશેના નિબંધમાં તેમની સાહિત્યિક, સામાજિક, પૌરાણિક અને ઐતિહાસિક દ્રષ્ટિનો પરિચય થાય છે. 'દર્શક' કહે છે કેઃ 'મૂળ રામાયણ તે વાલ્મીકિકૃત રામાયણ. ત્યાર પછી અનેકાનેક રામાયણો લખાયાં, જેમાં પોતાની પ્રતિભાનો ઉમેરો કરીને લગભગ નવો ગ્રંથ નિર્માણ કર્યો હોય, તો તે ગોસાંઈજી મહારાજનું 'રામચરિતમાનસ' છે. ઉત્તર ભારતમાં આ ગ્રંથ ઘેર ઘેર વ્યાપક છે અને ચારિત્રઘડતર માટે માર્ગદર્શક છે.'

તુલસીદાસ નમ્રતાથી કહે છે કેઃ 'મહાપુરુષે બાંધેલા પુલ પર કીડી પણ ચાલી શકે, એમાં કીડીનું શું પરાક્રમ?' ('રઘુવંશ' મહાકાવ્યના આરંભે કાલિદાસે પણ કહ્યું છે કે મારી પહેલાંના મહાન કવિઓ આ વંશ વિશે લખી ચૂક્યા હોવાથી છિદ્ર પાડેલા રત્નમાંથી દોરો પસાર થાય તેમ હું આ વિષયમાંથી પસાર થઈ શકીશ.)

'દર્શક' નોંધે છે કેઃ 'ગાંધીજીએ આ ગ્રંથનું ઘણું મનન કર્યું હતું. તુલસીદાસ સાવ નિરાભિમાની હતા, પોતાના કાર્યનું સર્વ શ્રેય રામને દેતા. તુલસીદાસે લોકભાષા અવધીમાં ગ્રંથ રચ્યો અને કહ્યું કે કાળી ગાયનું દૂધ ધોળું હોય તેમ આ મારી ગ્રામ્ય ગિરા ગુણવાનોને ભાવશે. કેમ 'રામચરિતમાનસ'ની ધૂમ મચી ગઈ? 'દર્શક' ખુલાસો કરે છે, 'મહાગ્રંથ રચાય છે કવિની આંતરચેતનાની માગને કારણે, પણ પ્રચલિત થાય છે, કારણ એ વખતે એની સમાજને જરૂર હોય છે. મલેરિયા જોરશોરથી ફેલાયો હોય, ત્યારે ક્વિનાઇન, ક્વિનાઇન ચારેબાજુ થઈ જાય. ક્વિનાઇન તો ત્યાં હતું જ, પણ ક્વિનાઇન વ્યાપક થાય છે, કારણ કે મલેરિયા છે. તુલસી 'રામાયણ' ઘેર ઘેર વંચાયું એનું કારણ તે સમગ્ર કાળની પરિસ્થિતિ હતી.'

તુલસીદાસજી મુસ્લિમ યુગમાં થયા. મૂર્તિઓ તૂટતી હતી, કોઈ સલામત નહોતું, સ્ત્રીઓનાં અપહરણ થતાં હતાં, એક પ્રાચીન સંસ્કૃત સમાજ હારતો જતો હતો. લેખક ચીંધે છે કે, 'આનું મુખ્ય કારણ હિંદુ સમાજનું ચાર વર્ણોમાં તથા અનેક જ્ઞાતિ-પેટાજ્ઞાતિમાં વિભાજનઃ શૂદ્રો, ડોમ, ચાંડાલ, અતિશૂદ્રો, વણકર, પીંજારા,વનવાસી બધા અલગ અલગ. ધર્મમાં પણ શિવ, વિષ્ણુ, રામ, કૃષ્ણ, કાલિ, ઉત્તર વામમાર્ગી, દક્ષિણ વામમાર્ગી, અનેક તડાં. મુસ્લિમોએ જાણે સૌને આમંત્રણ આપ્યું, 'જુઓ અમારો ધર્મ એક છે જેમાં કોઈ ઊંચું નથી ને કોઈ નીચું નથી.' ઘણા હિંદુઓને બળજબરીએ વટલાવાયા, ને ઘણાએ સ્વેચ્છાએ ધર્મ બદલ્યો.' લેખક દર્શાવે છે કે તુલસીદાસે નાનામોટા પંથોને એકત્ર કર્યા. સીતાની શોધમાં સમુદ્રકાંઠે પહોંચેલા રામે શિવલિંગની સ્થાપના કરી. વળી તુલસીદાસે એવું આયોજન કર્યું કે શંકરે પોતે પાર્વતીને 'રામકથા' સંભળાવી હતી.

આમ દેશના બે મોટા સંપ્રદાયો વચ્ચે ગોસાંઈજીએ એકતા ઊભી કરી. તુલસીદાસના રામ ગુહને, વાનરોને, રીંછોને ભેટે છે, શબરીને સન્માને છે. 'દર્શક' કહે છે, 'મનુષ્યને જ્યારે પોતાની શક્તિની સીમા આવી ગઈ દેખાય છે ત્યારે સાતમા કોઠાનું યુદ્ધ લડવા કોઈની સહાય માટે પ્રબળ ઝંખના જાગે છે. તુલસીના રામમાં આ ગુણો ચરિતાર્થ થયા છે.' (તુલસીદાસે મધ્યયુગના હિંદુ સમાજને રોલ મૉડલ પૂરો પાડ્યો.) બે રામાયણોમાં પાયાનો ફરક આ છેઃ 'વાલ્મીકિના

'રામ' આદર્શપુરુષ છે જ્યારે તુલસીદાસના 'રામ' ભગવાન છે.' (વાલ્મીકિ રામાયણમાં રામચંદ્ર અનેક પ્રસંગે હાડચામના પુરુષ જેવું વર્તન કરે છેઃ વનવાસમાં વિરાધ નામના રાક્ષસે ગ્રસ્યા ત્યારે રામ બોલ્યા, 'આપણો ઘડોલાડવો થઈ જાય તેવો કૈકેયીનો મનસૂબો પાર પડ્યો!' અયોધ્યા ત્યજતાં પહેલાં રામે લક્ષ્મણને સૂચના આપી, 'તું મહેલમાં જ રહી જા અને ધ્યાન રાખ કે કૈકેયી તારી-મારી માતાઓને ત્રાસ ન આપે.' રાવણને રોળ્યા પછી લંકાની રણભૂમિમાં રામે સીતાને કહ્યું, 'તેં રાવણને સેવ્યો છે, હવે તું અન્ય કોઈની પાસે જતી રહે.')

તુલસીદાસના રામમાં માનવીય નબળાઈ છે જ નહિ. (રામને વધુ ને વધુ ઊજળા બતાવવા મૂળ રામાયણની કેટલીક વાતો ગોસાંઈજીએ પડતી મૂકી છે. જેમ કે એ નથી કહ્યું કે દશરથને ત્રણ મુખ્ય રાણીઓ ઉપરાંત ૩૫૦ અન્ય રાણીઓ હતી, રાવણે ભારે તપશ્ચર્યા કરી હતી, સીતાએ ભૂમિપ્રવેશ અને રામ-લક્ષ્મણે સરયૂ- પ્રવેશ કર્યો હતો. ગોસાંઈજીએ સીતાને મૂગે મોઢે દુઃખો ઝીલતી, કહ્યાગરી પત્ની ચીતરી છે. વાલ્મીકિની સીતા ઓજસ્વિની છે. વનવાસમાં ખૂબ દુઃખો પડશે માટે તારે આવવું નહિ એવું રામે વારંવાર કહ્યું ત્યારે સીતા આખરે પ્રેમ અને ગરિમાથી કહી બેસે છે, 'વનનાં જોખમો અંગે ફરિયાદો શું કરવાની?)

'દર્શક' સાહિત્યકાર હોવાથી મર્મગ્રાહી વાત કરે છે, 'સીતાને પરિણય કરી પરણનારા, વનવાસ જતી વખતે 'મારી માતા વાછરું વિનાની ગાયની જેમ ધલવલશે' તેમ કહેનારા, સીતાવિરહમાં રોઈ રોઈને પથ્થરની છીપર ભીંજવનારા જો મનુષ્ય હોત તો બહુ મનભાવન બની જાત, પણ હરઘડીએ વાચકને એ ભગવાન છે, માત્ર લીલા કરે છે, આવું કહીને ગોસાંઈજી કેટલીયે વાર કાવ્યરસ બેસ્વાદ કરી મૂકે છે.' વાતની પરાકાષ્ઠા તો ત્યાં આવે છે કે ગોસાંઈજી કહે છેઃ રાવણ જેને હરી ગયો તે સીતા હતાં જ નહિ. તેમની છાયામૂર્તિ હતી. (સમાજના મનોબળને જેનાથી ટેકો મળ્યો તેનાથી કાવ્યત્વ ક્ષીણ થયું.સાચા સાહિત્યમાં સદ્-અસદ્નું સંપૂર્ણ દર્શન હોવું જોઈએ.)દર્શક અતિપ્રશસ્તિમાં માનતા નથી, સ્વીકારે છે કે તુલસીદાસ પાસે વાલ્મીકિ સમો કરુણરસ કે શૃંગારરસ નથી. આગળ વધીને કહે છે, 'મધ્યયુગ સાહિત્યદ્રષ્ટિએ બાલયુગ છે. બાળકોને ઊડતી પરીઓ કે છ છ મહિના સૂઈ રહેતા કુંભકર્ણોમાં અશ્રદ્ધા ઊભી થતી નથી.'

વાલ્મીકિની કવિત્વશક્તિ વિશે નગીનદાસ સંઘવી લખે છે, 'રામાયણમાં સૃષ્ટિસૌંદર્યનાં જે વર્ણનો છે તે આ કક્ષાના કોઈ પણ ગ્રંથમાં નથી. હાથ ઊંચા કરીને બોલાવતાં, રામ સાથે ચાલી જવા ઝંખતાં, સીતાને હિંમત આપતાં ઝાડ; ગીત ગાતો ગાતો વૃક્ષોને નાચતાં શીખવાની તાલીમ આપતો.. પવન, હસતી હસતી નદીઓ નવોઢાની માફક પોતાના સાથળોનું દર્શન કરાવતી શરમાઈ જાય; વાદળાં તો એટલાં બધાં કે તેમનો પગથિયાં તરીકે ઉપયોગ કરીને આપણે સૂર્ય ભગવાનના ગળામાં માળા પહેરાવવા પહોંચી જઈએ; ક્યારેક ઊંઘતો, ક્યારેક રમતો, કોઈ ઠેકાણે ભયથી વ્યાકુળ દરિયો. વાલ્મીકિનું સૃષ્ટિસૌંદર્ય આપણને સ્પંદિત કરી મૂકે તેટલું અભરે ભર્યું છે.' 'દર્શકે' પણ મહાકવિ તુલસીદાસને વંદન કરતાં, તેમની કરુણરસ પ્લાવિત ચોપાઈઓ ટાંકી છેઃ સીતાએ હનુમાન સાથે રામને આવો સંદેશો મોકલ્યો હતો, 'હા, પ્રાણનાથ! મારો એક દોષ છે ખરો, કે આપનો વિયોગ થતાં જ મારા પ્રાણ કેમ ન નીકળી ગયા. પણ વાંક મારાં નેત્રોનો છે. વિરહ તો અગ્નિ સમો છે, અને આ દેહ રૂ સમો છે. શ્વાસ પવનનું કામ કરે છે. અગ્નિને પવનનો સંયોગ થતાં રૂના પોલ જેવું શરીર ક્ષણમાં બળી જાય. પણ નેત્રોને તમારાં દર્શન કરવાં છે. એટલે આંસુ જળ વહેવરાવી રહ્યાં છે. આથી બળતાં છતાંય મારો દેહ બળી જતો નથી.'

'દર્શક'ના 'તુલસીદાસ' અંગેના નિબંધમાં ભારતીય ધરોહર સમા 'રામચરિતમાનસ'ની રસપ્રદ વિવરણા થઈ છે. આજે તો ઘણુંબધું સ્પષ્ટ થઈ ગયું છે.

મો.૯૮૨૦૦૮૬૪૫૮

## ૦૬ કથા આશા અને વિકાસની : લોકશાહીની પાઠશાળા

**બિંદુ - પાર્થેશ**

---

તમે લોકો પ્રાર્થનામાં આવો છો કે અમે શરૂ કરી દઈએ? 'મારી શાળા' રાજપુરના પહેલા મહામંત્રીએ ચર્ચામાં વ્યસ્ત શિક્ષકોને પૂછ્યું. ચર્ચા પડતી મૂકી આચાર્યા અને બંને શિક્ષિકાઓએ પ્રાર્થનાવન તરફ ઉતાવળે પ્રસ્થાન કર્યું.

વાચકને આશ્ચર્ય થશે કે વિદ્યાર્થી શિક્ષકોને પ્રાર્થનામાં આવવા માટે બોલાવે!

આશાની શાળાની આ જ તો ખૂબી છે. આશા જયારે આ શાળામાં આવી ત્યારે તેણે જોયું કે આ બહુશ્રેણિય શાળા છે. ત્રણ શિક્ષકો કોઈ કાળે પહોંચી નહિ વળે. તો શું કરવું?

આશાએ જે જે સંસ્થામાં અભ્યાસ કર્યો ત્યા વિદ્યાર્થી મંત્રીમંડળ હતું.

તેણે 'મારી શાળા'માં પણ તે લાગુ કરવાનું નક્કી કર્યું.

શાળામાં કેટલા મંત્રી જોઈશે તે કામના આધારે નક્કી કર્યું. મહામંત્રી, ભોજનમંત્રી, સફાઈમંત્રી, બાગાયતમંત્રી, આરોગ્યમંત્રી, શિક્ષણમંત્રી અને ઉત્સવમંત્રીની જરૂર હતી. આ ઉપરાંત રમત-ગમતમંત્રી, મહેમાનમંત્રી, વિદ્યાર્થીભંડારમંત્રી, પ્રવાસમંત્રી, પ્રાર્થનામંત્રીની જરૂર હતી. પરંતુ, વિદ્યાર્થીઓની ઓછી સંખ્યા જોતા એક મંત્રીને બે વિભાગ સોંપવાનું નક્કી કર્યું.

કાનજી નામનો છોકરો કે જે દસમું ભણતો હતો તેને ચૂંટણી કમિશનર બનાવ્યો. પાંચથી સાત ધોરણના વિદ્યાર્થીઓએ આવેદન પત્ર ભર્યા. દરેક ઉમેદવારે પોતાના આવેદન પત્રમાં પોતાની પાંચ ઉમ્મીદ લખવાની હતી. પોતાનું નિશાન પણ મૂકવાનું હતું. ચૂંટણી પ્રચારમાં એ ઉમ્મીદ પર મત માંગે. મતદાર નક્કી કરે કે ક્યા ઉમેદવારની ઉમ્મીદ વધારે સારી છે.

આશાએ મતપત્ર બનાવ્યા. તેની નકલો કઢાવી. એ સમયમાં આઠમું ધોરણ હાઈસ્કૂલમાં હતું. રાજપુરમાં હાઈસ્કૂલ ન હોવાથી છોકરાઓ બાજુના ગામમાં ભણવા જાય. તેમને ચૂંટણી અધિકારી બનાવ્યા. આશા જયારે વિધાનસભા કે લોકસભાની ચૂંટણીની કામગીરીમાં જતી ત્યારે મતદાન અધિકારીના હોદ્દા અને માનદ વેતનમાં જે અસમાનતા જોયેલી તે તેને ખૂંચતી. તેથી તેણે પ્રિસાઈડીંગ, પોલિંગ, પટ્ટાવાળા એવા નામ આપવાના બદલે માત્ર મતદાન અધિકારી નામ જ આપ્યા. સમાનતા અંગે વાત કરવાં કરતાં અમલમાં મૂકવાથી વિદ્યાર્થી પર વધારે અસર થશે તેવું એ માનતી.

આશાએ જોયેલું કે જે યુવાન/ યુવતી પહેલી વાર મત આપવાં આવતાં ત્યારે ખૂબ ગભરાયેલાં લાગતાં. તેથી તેણે નક્કી કરેલું કે મારો કોઈપણ વિદ્યાર્થી જ્યારે ૧૮ વર્ષે પહેલી વાર મત આપવા જાય ત્યારે તે ગભરાવો ન જોઈએ. કશું નવું-અજાણ્યું ન લાગવું જોઈએ. તેથી તેણે આબેહૂબ મતદાન મથક બનાવડાવ્યું. બૂથ બનાવવાનું કામ આઠમાં ધોરણે જ કર્યું. કોણ? ક્યું? કામ કરશે તે નક્કી કરતી વખતે વિદ્યાર્થીઓ પોલિસ બનવાનું વધારે પસંદ કરતાં.

આગળ જતાં કારણ જાણવાં મળ્યું કે જ્યારે મતદાતાઓ મત આપવાં હરોળમાં ઊભા હોય ત્યારે તેમના પર રોફ ઝાડવાની મજા આવતી તેથી પોલિસ બનવું વધારે પસંદ કરતાં. ૨૪ કલાક પહેલા પ્રચાર બંધ થયો. પ્રાર્થનામાં દરેક ઉમેદવારને પ્રચારની છેલ્લી તક અપાઈ. ઉમેદવારો એ ઉંમરે જેવું બોલી શકે તેવું બોલ્યાં. મતદાર સ્લીપ, મતદાર યાદી,

છોકરા-છોકરીની (ચૂંટણીમાં સ્ત્રી-પુરુષની) સંખ્યા દર્શાવતો કાગળ, મતદાતા રજીસ્ટર વગેરે તમામ સાહિત્ય તૈયાર કરવામાં આવ્યું. મતપેટી તરીકે ખોખું મૂકવામાં આવ્યું. અવિલોપ્ય શાહી તરીકે પરમૅનેન્ટ માર્કર રાખવામાં આવી.

શિક્ષકો અને ભૂતપૂર્વ વિદ્યાર્થી મત આપી શકે? એ પ્રશ્ન આવ્યો. ચર્ચાના અંતે નક્કી થયું કે શિક્ષકો મત આપી શકશે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ મત નહીં આપી શકે.

**મતદાન દિવસ**

મતદાનનો દિવસ આવ્યો. ચૂંટણી અધિકારીઓ પોતપોતાના સ્થાને ગોઠવાઈ ગયા. છોકરાઓ- છોકરીઓ હરોળમાં ઊભા રહેવાં લાગ્યાં. જે રીતે લોકસભા અને વિધાનસભામાં મત અપાય એ જ રીતે મત અપાયા. બે ફરક હતા. લોકસભા/ વિધાનસભાની ચૂંટણીમાં કોઈ અંધ માણસને મત આપવામાં મદદ કરવા માટે કોઈ માણસ મતદાન બૂથ સુધી જાય. અહીં પહેલા ધોરણના બાળકો વાંચી શકતા ન હોય તેથી તેની સાથે શિક્ષક મદદ માટે જતાં હતાં. બીજુ, એ સમયમાં આપણી ચૂંટણીમાં 'રાઈટ ટુ રીજેક્ટ' (નોટા)ની જોગવાઈ નહોતી. જ્યારે મારી શાળા, રાજપુરમાં પહેલેથી આ અધિકાર આપવામાં આવેલો હતો. ઉદાહરણ તરીકે એક મતદારે બૅલેટ પેપરમાં કુલ સાત વ્યક્તિને મત આપવાના હોય પણ બાળક ઈચ્છે કે માત્ર એક જ ઉમેદવારને મત આપવો છે તો તે તેવું કરી શકે. નાના બાળકોને પણ મત કોને આપવો? કોને ન આપવો? તેની સમજણ હતી.

પહેલાં ધોરણના સુનિલે એક ઉમેદવારને એટલે મત ન આપ્યો કારણ કે તે બહુ ગુસ્સાવાળો હતો. સગો ભાઈ ચૂંટણીમાં ઊભો હોય તો પણ તેના નાના ભાંડરડા તેને મત ન આપે તેવું બનતું. નાનાં વિદ્યાર્થીઓ પણ નોટાનો ઉપયોગ કરતાં. આ આખી પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓની ઉમેદવારને પસંદ- નાપસંદ કરવા માટેની સમજણ જોઈ શિક્ષકો આશ્ચર્યચકિત થયાં. મતદાન પૂરું થયું. મત પેટી સજ્જડ બંધ કરી, આશાના ઘરે મૂકી દેવામાં આવી. બીજે દિવસે પ્રાર્થનામાં બધાંની સામે પેટી ખોલવામાં આવી. બોર્ડ પર દરેક ઉમેદવારના મત નોંધાવાના શરૂ થયાં. જે મત પત્રક વાંધાજનક લાગ્યા તે રદ પણ થયાં. સૌથી વધારે મત મેળવનાર સાત ઉમેદવારો જીતેલા જાહેર થયાં.

જેને આપણે હવે મંત્રી કહીશું.

બાકીના ઉમેદવારોએ દુઃખી થવાનું ન હતું.

કારણ બે હતા.

**૧. છ મહિના પછી તેઓ મંત્રી બની શકે તેવી સંભાવના હતી.**

**૨. તેઓ ઉપમંત્રી કે ગૃહકામ ટુકડીના નાયક જેવી મહત્ત્વની ભૂમિકામાં જોડાઈ શકે તેમ હતું.**

જીતેલા મંત્રીઓને તેમને કયા ખાતા ફાળવે તો ગમે તે અગ્રીમતા કાગળ પર નોંધીને આપવા કહ્યું. તેના આધારે દરેકને પોતાની પસંદગીના ખાતા સોંપવામાં આવ્યાં. આ સાતમાંથી કોણ મહામંત્રી બનશે? તે આચાર્યા, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ મળીને નક્કી કર્યું. મતલબ કે સૌથી વધુ મત મળ્યા હોય તે મહામંત્રી બને તેવું નહિ, જેનું વ્યક્તિત્વ સૌથી સારું હોય તે મહામંત્રી બની શકે. પ્રાર્થનામાં સાતેય મંત્રીએ શપથ લીધાં.

**સાધના કા પથ કઠિન હૈ,**
**શપથ લેના તો સરળ હે.**
**પર નિભાના હી કઠિન હૈ.....**

આ પંક્તિઓ આશાએ ગાઈ. દરેક મંત્રીને તેમના કામની યાદી આપવામાં આવી. તેના વિભાગને લગતાં સાધનોનો 'ચાર્જ' સોંપાયો.

દરેક મંત્રી પોતાને સોપાયેલા કામો બરાબર કરવાની કોશિશ કરે, પણ જો ન કરી શકે તો?

'મારી શાળા' રાજપુરની લોકશાહી વ્યવસ્થામાં તેના માટે પણ જોગવાઈ હતી- આજે પણ છે. જે આજ સુધી આપણી લોકશાહીમાં નથી આવી. એ છે 'રાઈટ ટુ રિકોલ'.

કામ ન કરતા મંત્રીને પાછા ખેંચવાનો અધિકાર.

'રાઈટ ટુ રિકોલ'

બધાં પ્રાર્થનાવનમાં ગોઠવાઈ ગયા છે. વારાફરતી દરેક મંત્રી પોતે કરેલા કામ બોલી રહ્યા છે.

મંત્રી બોલી લે પછી આશા બાળકોને પૂછે છે, 'તમારે કોઈને કાઈ કહેવાનું?

નાનકડો રવિ બોલ્યો, 'એણે કશું કર્યું જ નથી તો અમારે શું કહેવાનું ?'

એકી સાથે બધાં બાળકો બોલી ઊઠ્યાં, 'સાચી વાત છે.......'

છ મહિના સુધી દરેક મંત્રી પોતાની જવાબદારી સંભાળે. પછી એક દિવસ 'આમ સભા' બોલાવવામાં આવે. દરેક મંત્રી પોતે કરેલા કામો વિશે વાત કરે. બાકીના વિદ્યાર્થીઓ મંત્રીનાં સારાં- નરસાં પાસાંની વાત કરે. પછી તમામ વિદ્યાર્થીઓ-મંત્રીઓને આંખ બંધ કરવાનું કહેવામાં આવે.

આશા પૂછે, 'આ મંત્રીને ચાલું રાખવાં માંગતા હોય તે પોતાનો હાથ ઊંચો કરે.'

વિદ્યાર્થીઓ બંધ આંખે જ પોતાનો હાથ ઊંચો કરી મત આપે. જો મંત્રી તરીકે ચાલું રાખવામાં મત વધારે હોય તો મંત્રી તરીકે યથાવત રહે. જો પાછા ખેંચવામાં મત વધારે હોય તો તેની પાસેથી મંત્રીપદ પાછું ખેંચવામાં આવે. એની જગ્યાએ જે ઉમેદવારને ઓછા મત મળ્યાં હતા (મોટાભાગે તે ઉપમંત્રી કે નાયક હોય છે.) તેમાંથી મંત્રી બનાવવામાં આવે. પાછો ખેંચાનાર મંત્રી દુઃખી કે નિરાશ ન હોય. કારણ કે તેની ઉંમર નાની પડી રહી છે અથવા એ કામ કરવાની ક્ષમતા હજુ કેળવાય નથી એ તેને ખ્યાલ આવી ગયો હોય. વળી તેણે અન્ય જવાબદારી તો સંભાળવાની આવે જ.

દર વર્ષે એકાદ મંત્રી પાછો ખેંચાય જ.

પછીના વર્ષે એ ફરી ચૂંટણીમાં ઊભો રહે.

છઠ્ઠા ધોરણમાં ભણતા પંકજને મહામંત્રી તરીકે ખૂબ અઘરું પડી રહ્યું હતું. એને પાછો ખેંચ્યો ત્યારે એણે આશા સામે જોયું. બંનેને એક સાથે 'હા......શ' થઈ. બીજા વર્ષે ફરી મહામંત્રી બનાવ્યો ત્યારે ખૂબ સરસ રીતે શાળા સંભાળી હતી. પાંચમામાં ભણતી આરતી સફાઈમંત્રી તરીકે પાછી ખેંચાઈ, છઠ્ઠા ધોરણમાં પણ પાછી ખેંચાઈ. સાતમાં ધોરણમાં આવી આવી ત્યારે પણ ચૂંટણી લડી, જીતી અને સફળતાથી આખું વર્ષ સરસ રીતે કામ કર્યું. આ કારણે મારી શાળા રાજપુરનું મંત્રીમંડળ હંમેશા શ્રેષ્ઠ પ્રદાન આપતું રહ્યું છે.

**ઈલેક્શન - સિલેક્શન**

બાળકોને ચૂંટણી સમરસ કરવાની આવડત કેળવાય તે માટે એક વર્ષે મતપત્રથી ચૂંટણી (ઇલેક્શન) થાય તો બીજા વર્ષે ઉમેદવાર પત્રના આધારે મંત્રીની પસંદગી (સિલેક્શન) થાય તેવી વ્યવસ્થા ગોઠવી. તે માટે ઉમેદવારી પત્ર ભરાયા પછી શાળા પરિવાર ભેગો થાય. ક્યા ઉમેદવાર સારા છે તેની ચર્ચા થાય. જરૂર પડ્યે બંધ આંખે મત લેવાય. આ રીતે મંત્રી પસંદ થાય. આશા પોતે 'ઇલેક્શન' કરતા 'સિલેક્શન' પ્રક્રિયામાં વધારે વિશ્વાસ ધરાવતી. મજાની વાત એ છે કે રાજપુર ગામમાં ગ્રામપંચાયત સભ્ય માટે આટલા વર્ષોમાં ક્યારેય ચૂંટણી થઈ જ નથી. હંમેશા સમરસ ચૂંટણી થઈ છે. કેવું મજાનું !

આગળ જતા ઉમેદવારની સંખ્યા વધવા લાગી. સામે ટેક્નોલોજીનો જમાનો શરૂ થઈ ચૂક્યો હતો. તેથી મતપત્રમાં ઉમેદવારના ફોટા છાપવાનું શરૂ કર્યુ. આ સુવિધા હવે આપણી ચૂંટણીમાં પણ આવી ગઈ. આશાએ અનુભવ્યુ કે મંત્રીમંડળના કારણે ઉપલા ધોરણમાં નાગરિકશાસ્ત્ર ભણાવવું ખૂબ સરળ થઈ ગયું હતું. બાકી લોકશાહી વ્યવસ્થા ભણાવવી ખૂબ અઘરી પડે. આપણે ત્યા પાંચ વર્ષે એક વાર જ આપણો મત લેવાય છે. મારી શાળા રાજપુરમાં શાળાને લગતાં કોઈપણ નિર્ણય માટે મત લેવાય છે. જે બાળક લોકશાહીના આવા વાતાવરણમાં ઘડાયો હોય તે

યુવાન બને ત્યારે એક ગ્રામજન તરીકે કેટલો ઉમદા હોય, તે વાત તો આશાને બહુ પછીથી ધ્યાને ચડી. આવતા અંકે.

ક્રમશઃ
મો.૯૪૨૫૪૧૨૮૪૧

## કેળવણીનો પ્રાણઃ અનુભવ અને અનુબંધ

લોકભારતીમાં બાલવાડી શિબિરનું એક અનોખું સ્થાન અને મહત્ત્વ છે. છેલ્લી ૫૩મી બાલવાડી શિબિરના ઉદ્ઘાટન પ્રસંગે અમે સૌ એક આંતરિક અજંપો અનુભવતા હતા કારણ કે વર્ષોથી આ શિબિરમાં સક્રિય ભાગીદારી કરનાર ભાવનાબહેન હાજર નહોતા. કેન્સરની સારવાર લેતા લેતા તેમણે મોકલેલ વૉઇસ મૅસેજ એક પ્રેરણારૂપ બની રહ્યો. તેમણે સ્વસ્થતાથી કરેલ મૅસેજે સમગ્ર શ્રોતાઓની આંખો ભીંજવી દીધી. નઈ તાલીમના અનુબંધનો આથી મોટો ક્યો પાઠ હોઈ શકે? - તંત્રી

''તમે બાલવાડી શિબિરમાં શું શું શીખવાના છો, એ તો બધું તમને બધા કહેશે જ, પણ આજે મારે તમને એક બહુ જ અગત્યની વાત કરવી છે. બાલવાડી શિબિરમાં તમે કોઈ એક નાટક, કોઈ એક નાનકડી બાલવાર્તા, કોઈ એક અભિનય ગીત, કોઈ એક નાનકડું સર્જન, એક રમત વગેરે શીખશો. એ જીવનમાં પણ તમને ઘણું બધું બળ પૂરું પાડવાના છે. આ જીવાતા જીવન સાથેનો અનુભવ સધાઈ રહ્યો છે.

મને તો આજે એનો અનુભવ હરક્ષણ થઈ રહ્યો છે. બાલવાડી શિબિરની શરૂઆત થઈ ત્યારે અમે લોકભારતીમાં લગભગ ચોથા-પાંચમામાં ભણીએ. 'આનંદી કાગડા'નું નાટક અમને વારંવાર કરાવે. હું ઘણી બધી વખત 'આનંદી કાગડો' બની છું અને એ પછી અધ્યાપનમંદિરના અધ્યાપકોની ટીમે પણ 'આનંદી કાગડા'નું નાટક કર્યું અને કરાવ્યું.

આ આનંદી કાગડાનું નાટક કરતા હતા ત્યારે સમજાતું નહોતું કે આ આનંદી કાગડાને રાજા કાદવમાં કે તેલના કડામાં નાખે, તો પણ આનંદી કાગડો તો એમ કહે છે કેઃ 'અમે તો કૂણા કાન વિંધાવીએ છીએ ભાઈ, કૂણા કાન વિંધાવીએ છીએ... કાન ઉપર તેલ મૂકીએ છીએ ભાઈ, કાન ઉપર તેલ મૂકીએ છીએ.'

તો રાજા એને ગમે એટલો હેરાન કરે, જીવનમાં ખૂબ મુશ્કેલીઓ આપે, તો પણ કાગડો તો આનંદ જ કરે ! આજે હું જીવનમાં સાચુકલો 'આનંદી કાગડો' બની છું. મારી સારવાર દરમિયાન મને ડૉક્ટર જે જે સારવાર કહે, એ હું આનંદી કાગડાની માફક ખૂબ જ આનંદથી કરું છું. મને ગૌમૂત્રથી નાહવાનું કહે તો નાહું, મને શિવામ્બુ પીવાનું કહે તો પીવું, એનિમા લેવાનું કહે તો લઉં. મને ડૉક્ટર જે કાંઈ સારવાર કહે, એ હું બધું જ આનંદી કાગડાની માફક કરું છું...બોલો લો...

મને આ એક પક્ષીએ, એક કાગડાએ, આનંદી કાગડાના પાત્રએ મારા અસહ્ય-કપરાકાળમાં એટલું બધું બળ પૂરું પાડ્યું છે કે એની મારે મન ખૂબ કિંમત છે. તમે સૌ પણ એવી આશા રાખજો કે જીવનના કોઈપણ તબક્કે આપણું શીખેલું એ આપણને બળ પૂરું પાડવાનું છે, કામ લાગવાનું છે કારણ કે આપણી કેળવણી જીવનલક્ષી છે.

દર્શકદાદાએ એક બહુ સરસ વાત કરી છે કે, 'આનંદ એ કેળવણીનું મોણ છે. કેળવણી વગરનો આનંદ અને આનંદ વગરની કેળવણી બંને નકામા છે.'

તમે સૌ બાલવાડી શિબિરમાં ખૂબ મોજ કરો, આનંદથી નાહાવ, તમને સૌને પરમ કૃપાળુ પરમાત્મા ખૂબ જ શક્તિ અને સમજણ આપે એવી સૌને શુભેચ્છાઓ...અસ્તુ.''

## ૦૭ 'રૂપાંતર': બાળકોના ભવિષ્ય નિર્માણની યાત્રા

**છાયા પારેખ**

---

આપણે સૌ જાણીએ છીએ કે રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ બાળકોના શિક્ષણ અને કેળવણીમાં જીવનમૂલ્યો, કૌશલ્યો, વ્યાવસાયિક કસબ વગેરેના વિકાસ માટે અને બાળકોના શારીરિક, માનસિક, સામાજિક, ભાવાત્મક એમ સર્વાંગી વિકાસ માટે ભલામણ કરે છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિની આ ભલામણોને અમલી બનાવવાનો એક વ્યાવહારિક ઉકેલ એટલે 'રૂપાંતર' કાર્યક્રમ.

ગુજરાતના એક વરિષ્ઠ નિવૃત્ત આઇ.પી.એસ. અધિકારી અને વર્તમાનમાં જાહેરસેવા આયોગના અધ્યક્ષ શ્રી હસમુખભાઈ પટેલ પ્રેરિત રૂપાંતર ફાઉન્ડેશન દ્વારા 'રૂપાંતર' નામનો કાર્યક્રમ ગુજરાત, ઓડિશા અને મહારાષ્ટ્રની શાળાઓમાં શૈક્ષણિક વર્ષ જૂન ૨૦૨૪થી સ્વૈચ્છિક રીતે ચાલે છે. આ કાર્યક્રમના વિઝન, હેતુ, ફળશ્રુતિ અને પદ્ધતિ વિશે તથા તેના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ વિષયો વિશે આજના લેખમાં પરિચય આપવાનો આ પ્રયાસ છે.

આપણને સૌને એવું લાગે છે કે માત્ર શાળાકીય શિક્ષણ વ્યક્તિના જીવનમાં પૂરતું નથી. વિવિધ વિષયોનું શિક્ષણ, વ્યાવસાયિક કાર્ય માટે જરૂરી ડિગ્રી અને એ વિષયોનું જ્ઞાન જરૂરી છે, પરંતુ તેની સાથે વિદ્યાર્થીના જીવન કૌશલ્યો, કારકિર્દી વિકાસની સમજ, નાગરિકતાનું શિક્ષણ, જીવનમૂલ્યોની કેળવણી અને સ્વવિકાસના સર્વાંગી પાસાઓ પર ધ્યાન આપવું વિશેષ જરૂરી છે. આપણે એવું પણ જોઈએ છીએ કે બાળકોને ભણવું ગમતું નથી. વિવિધ વિષયોના અભ્યાસમાં બહુ રસ પડતો નથી. તેથી માતાપિતા અને શિક્ષકોએ સતત તેમની પાછળ પડીને તેમને ભણવા માટે પ્રેરિત કરવા પડે છે. ખાસ કરીને મધ્યમ કે ઉચ્ચ,મધ્યમ વર્ગના બાળકો સ્નાતક, અનુસ્નાતક સુધીનું શિક્ષણ મેળવી કોઈ વ્યાવસાયિક ડિગ્રી ધારણ કરી પોતાના ઇચ્છિત ક્ષેત્રમાં નોકરી મેળવે છે, પરંતુ આર્થિક- સામાજિક રીતે પછાત અને વંચિતવર્ગના બાળકોના માતાપિતા તેમના અભ્યાસ પ્રત્યે એટલા જાગૃત હોતા નથી. કોઈ પ્રોફેશનલ ડિગ્રી ન હોવાને લીધે પ્રાઇવેટ ક્ષેત્રમાં તેમના માટે નોકરી મેળવવાનું સુલભ નથી અને તેથી તેઓ સરકારી નોકરી મેળવવાની આશામાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની તૈયારી શરૂ કરે છે. અને ત્યારે તેમને અભ્યાસનું ખરું મહત્ત્વ સમજાય છે પણ ત્યારે ખૂબ મોડું થઈ ચૂક્યું હોય છે. વળી સરકારી નોકરી માટેની માંગ અને પુરવઠામાં જમીન આસમાનનું અંતર હોવાથી મોટાભાગના ઉમેદવારોમાં નિરાશા જન્મે છે. આ પરિસ્થિતિનો એક ઉકેલ મેળવવા અને બાળકો પ્રાથમિક શાળાથી જ પોતાના અભ્યાસ પ્રત્યે જાગૃત બને અને પોતાના ભવિષ્ય નિર્માણ માટે વિચારતા થાય તે માટે 'રૂપાંતર' કાર્યક્રમની એક રચના અને યોજના રૂપાંતર ફાઉન્ડેશન દ્વારા તૈયાર કરવામાં આવી છે.

બાળકોના ઉજ્વળ ભવિષ્યના નિર્માણ માટે, તેમના વ્યક્તિત્વ વિકાસ, કારકિર્દીઘડતર, ચારિત્રઘડતર અને જવાબદાર નાગરિકત્વના નિર્માણના હેતુઓની સાર્થકતા માટે આ કાર્યક્રમ શરૂ કર્યો છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે તેઓ શરીરથી સ્વસ્થ, મનથી મજબૂત, હૃદયથી સંવેદનશીલ અને આત્માથી આનંદી બને તે જરૂરી છે. આપણા બાળકો પરિપક્વ, સજ્જ, સક્ષમ, જાગૃત અને જવાબદાર નાગરિકમાં રૂપાંતર પામી રાષ્ટ્રવિકાસમાં સહભાગી બને તે આ કાર્યક્રમનો હેતુ છે.

રૂપાંતર એટલે શું? ટૉલ્સટોયને કોઈએ લોખંડનો ટુકડો બતાવીને પૂછેલું કે આની કિંમત કેટલી તો એમણે માર્મિક જવાબ આપેલો કે તમે કઈ રીતે કેળવો છો, તેને કઈ રીતે રૂપાંતરિત કરો છો તેના પર તે નક્કી થાય. માત્ર લોખંડના ટુકડાનું તો ખાસ કંઈ ન ઉપજે. નાની નાની સોય બનાવો તો

થોડું વધારે ઉપજે. ઘડિયાળના ઝીણા ઝીણા સ્પેરપાર્ટસ બનાવો તો ઘણું વધારે ઉપજે. It depends how you cultivate and transform it. કેળવવું એ જ કેળવણી અને એ જ છે રૂપાંતરણની પ્રક્રિયા.

**(૧) રૂપાંતર કાર્યક્રમની દૃષ્ટિઃ**

બાળકો અને તરુણોને જીવનકૌશલ્યો, મૂલ્યો અને ચારિત્ર્યની કેળવણીથી સક્ષમ કરવા કે જેથી તેઓ પોતાના માટે એવા ભવિષ્યનું નિર્માણ કરે કે જે તેમને પ્રકૃતિ, સમાજ અને પોતાની જાત સાથે જોડે. જાગૃત અને જવાબદાર નાગરિક બને, શરીરથી નીરોગી, મનથી જ્ઞાની, હૃદયથી પ્રેમી અને આત્માથી આનંદી હોય. ટકાઉ વિકાસ (Sustainable development)ના અભિગમ સાથે સ્વવિકાસ થકી રાષ્ટ્રવિકાસમાં પોતાનું યોગદાન કરે. કારકિર્દી ઘડતર, ચારિત્રઘડતર અને જીવનઘડતર થકી ઉત્તમ મનુષ્ય તરીકે તેનું રૂપાંતર થાય.

**(૨) 'રૂપાંતર' કાર્યક્રમના હેતુઓઃ**

તરુણો અને યુવાનોને સ્વવિકાસની તકો અને વાતાવરણ પૂરા પાડવા. શારીરિક, માનસિક, સામાજિક, ભાવાત્મક અને આધ્યાત્મિક વિકાસ માટે વિવિધ વિષયોની તાલીમ અને પ્રવૃત્તિઓ દ્વારા સક્ષમ કરવા. પ્રકૃતિ, સમાજ, રાષ્ટ્ર અને ટકાઉ વિકાસ અંગેની સમજણ અને અભિગમનું સર્જન કરવું. સિદ્ધાંતો, મૂલ્યો, કૌશલ્યો, જ્ઞાન દ્વારા જીવનની સફળતા અને સાર્થકતા માટે સજ્જ અને સક્ષમ કરવા. શીખતા અને શીખવાના વાતાવરણનું નિર્માણ કરવું.

**(૩) 'રૂપાંતર' કાર્યક્રમની ફલશ્રુતિઃ**

બાળકો જીવનનું મહત્ત્વ સમજી જીવનધ્યેય નક્કી કરવા માટેની સમજણ કેળવશે. તેઓ સ્વતંત્ર અને ઊંડાણપૂર્વકની વિચાર ક્ષમતા કેળવી જીવનના નિર્ણયો યોગ્ય રીતે લેવાની કુશળતા કેળવશે. શારીરિક આરોગ્ય, માનસિક સુખાકારી, અભ્યાસ અને કારકિર્દી માટે જાગૃત બનશે. સર્જનાત્મકતા, આવડતોના વિકાસ દ્વારા રોજગાર ક્ષમતા અને ઉદ્યોગ સાહસિકતાના ગુણો કેળવી આત્મનિર્ભર બની શકશે. કુશળતા, બુદ્ધિમત્તા, પ્રમાણિકતા, નીતિમત્તા, સદાચાર, સુટેવોને જીવનમાં અપનાવી સ્વવિકાસ દ્વારા સમાજવિકાસમાં પોતાના યોગદાન માટે પ્રતિબદ્ધ બનશે.

**(૪) 'રૂપાંતર' કાર્યક્રમના વિષયોઃ**

બે વર્ષના અભ્યાસક્રમમાં નીચેના વિષયો આવરી લેવામાં આવશે.

**રૂપાંતર અભ્યાસક્રમઃ પ્રથમ વર્ષ, સત્રઃ ૧**

(૧) રૂપાંતર પરિચય
(૨)મારો હીરો
(૩) સ્વજાગૃતિ
(૪) આત્મવિશ્વાસ અને આત્મસન્માન
(૫) જીવનધ્યેય નિર્ધારણ
(૬) સમય આયોજન
(૭) સ્વયંશિસ્ત
(૮) સુટેવોનું ઘડતર

**રૂપાંતર અભ્યાસક્રમઃ પ્રથમ વર્ષ, સત્રઃ ૨**

(૯) વાચન ટેવ
(૧૦) સ્વ વિકાસના અવરોધક પરિબળો
(૧૧)સંવાદ - વાતચીતની કલા
(૧૨ ) જીવનમૂલ્યો
(૧૩ )ભણવાની મોજ માણો
(૧૪) સંબંધોનું શિક્ષણ
(૧૫) આરોગ્યપ્રદ જીવનશૈલી
(૧૬)નાગરિક ધર્મ

**વર્ષઃ ૨, સત્રઃ ૧**

(૧૭) શોખ અને સ્વવિકાસ
(૧૮ ) પોઝિટિવ ચિંતન અને માઈન્ડ પાવર
(૧૯ ) સામાજિક સમસ્યાઓ
(૨૦ ) જાહેર વક્તવ્યની કલા/ રજૂઆતનું કૌશલ્ય
(૨૧ ) મીડિયા સાક્ષરતા
(૨૨) નાણાંકીય સાક્ષરતા
(૨૩ )પર્યાવરણલક્ષી જીવનશૈલી
(૨૪) Resilience

**વર્ષ ૨, સત્રઃ૨**

(૨૫) Critical thinking and problem solving

(૨૬) નિર્ણય ઘડતર
(૨૭) તરુણાવસ્થાનું શિક્ષણ
(૨૮) નેતૃત્વ વિકાસ
(૨૯) કારકિર્દી માર્ગદર્શન
(૩૦) ઉધ્યમિતા
(૩૧) Creative thinking and innovation
(૩૨) Enjoy your Exam

**(૫) કાર્યક્રમનું સ્વરૂપઃ**

આ કાર્યક્રમના અભ્યાસક્રમનો સમયગાળો બે વર્ષનો છે. દર ૧૫ દિવસે બે કલાકનું સેશન વિષયોના ક્રમાનુસાર લેવામાં આવે છે. બે વર્ષમાં ચાર સત્રમાં આવા ૩૨ સેશન થશે. રૂપાંતરના વર્ગો સંભાળનાર શિક્ષકને દરેક સત્રની શરૂઆતમાં ઑરિએન્ટેશન તાલીમ આપવામાં આવે છે. તાલીમ પામેલ શાળાના શિક્ષક કે આ કાર્યક્રમમાં જોડાયેલા બાળકોના જૂથ માટે કામ કરશે. વર્ગખંડ સેશન ઉપરાંત મેદાની રમતો, પ્રવાસ, વાલીઓની મિટિંગ, એક દિવસિય શિબિરનું આયોજન. દરેક સેશનમાં પ્રવચનનું પ્રમાણ જરૂર પૂરતું જ અને બાળકોની સહભાગીદારી વધુમાં વધુ રહે તે પદ્ધતિથી કાર્ય કરવામાં આવે છે. દરેક શિક્ષકને રૂપાંતર ફાઉન્ડેશનના તજજ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવેલ શિક્ષક માર્ગદર્શિકા આપવામાં આવે છે અને બાળકો માટે વર્ગખંડ પ્રક્રિયા અને હોમવર્ક માટે વર્કશીટ્સ આપવામાં આવે છે. રૂપાંતરના વર્ગમાં બાળકોની સંખ્યા ૫૦ જેટલી રાખવામાં આવે છે.

**(૬) બે વર્ષ દરમ્યાન મળેલા પ્રતિભાવોઃ**

રૂપાંતર કાર્યક્રમની શરૂઆત ગુજરાતમાં જૂન ૨૦૨૪થી કરવામાં આવી. પ્રથમ વર્ષે જ ૧૨ હજાર જેટલા વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાયાં. બીજા વર્ષે ઓડિશાના તલચેરમાં અને મહારાષ્ટ્રના નાંદેડમાં પણ રૂપાંતર કાર્યક્રમ શરૂ થયો અને ગુજરાત સહિત બીજા ૩૦ હજાર જેટલા બાળકો જોડાયાં. આમ, બે વર્ષમાં અંદાજિત ૪૨ હજાર વિદ્યાર્થીઓ, ૩૫૦ થી વધુ શાળાઓ અને ૫૦૦ જેટલા શિક્ષકો આ કાર્યક્રમનો લાભ લઈ રહ્યાં છે. દરેક સત્રના અંતે સ્વમૂલ્યાંકન પત્રક પણ ભરાવવામાં આવે છે જેમાં વિદ્યાર્થી, વાલી અને શિક્ષકના પ્રતિભાવો સામેલ હોય છે.

**- વિદ્યાર્થીઓ તરફથી એવા પ્રતિભાવો મળ્યા છે :**

તેઓ હવે પોતાના જીવનધ્યેય વિશે વિચારતા અને કાર્ય કરતાં થયાં છે. સમય આયોજન કરી સમયનો સદુપયોગ કરતા શીખ્યાં છે. વાચન ટેવ કેળવી સારા પુસ્તકોનું વાચન કરે છે. તેમનામાં સ્વયંશિસ્ત, આત્મવિશ્વાસ, જવાબદારીની ભાવના, નેતૃત્વ વગેરે ગુણોનો વિકાસ થઈ રહ્યો છે. આરોગ્ય, પર્યાવરણ, નાગરિકધર્મ, સામાજિક સમસ્યાઓ વગેરે પ્રત્યે જાગૃત, સંવેદનશીલ બન્યાં છે. અભ્યાસનિષ્ઠા વધી છે અને પરિણામ પણ સુધર્યું છે.

**- શિક્ષકોએ એવા નિરીક્ષણો નોંધ્યા છે કે,**

શિક્ષકોમાં સમય આયોજન, વર્ગખંડ શિક્ષણ અસરકારક થયું છે. રૂપાંતરના વર્ગોની વિદ્યાર્થીઓ આતુરતાથી રાહ જોતા હોય છે. વર્ગમાં કરાવવામાં આવતી દરેક પ્રવૃત્તિમાં સહભાગી થાય છે. જાહેર વક્તવ્ય અંગે તેમનો આત્મવિશ્વાસ વધ્યો છે. શાળાના કાર્યક્રમમાં જવાબદારી પણ સ્વીકારે છે. વિદ્યાર્થીઓ પુસ્તકાલયનો ઉપયોગ કરતાં થયાં છે.

**- વાલીઓનો પણ એવો પ્રતિભાવ જાણવા મળ્યો છે કે,**

બાળકો પોતાનું કામ જાતે કરતાં થયાં છે. હોમવર્ક નિયમિત રીતે કરી લે છે. વાલી સાથે સંવાદસેતુ રચાયો જાય છે. ભાઈબહેન વચ્ચેના સંબંધોમાં પણ મીઠાશ વધી છે.મોબાઇલનો ઉપયોગ કરવામાં હવે સમય બગાડતા નથી. આ તો કેટલાંક સામાન્યપણે જોવા મળેલા પ્રતિભાવો નોંધ્યા છે.

આમ, રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ના અમલીકરણની યોજના જેમાં સાકાર થાય છે તેવા ‘રૂપાંતર’ કાર્યક્રમમાં જોડાવા સરકારી, અર્ધ સરકારી અને ખાનગી શાળાઓ, શૈક્ષણિક સંકુલો, શિક્ષકો, છાત્રાલયો, સંસ્થાઓ અને ૧૨ થી ૧૮ વર્ષના બાળકો સાથે કાર્ય કરતી સામાજિક સંસ્થાઓને નિમંત્રણ છે. આપણે સૌ સાથે મળી બાળકોના ભવિષ્ય નિર્માણ, વ્યક્તિત્વ વિકાસ અને ચારિત્ર્યઘડતરની પ્રક્રિયામાં સહભાગી બનીએ.

મોબાઇલઃ ૯૪૨૭૭૫૦૭૭૭

# ૦૮ શિક્ષણ દ્વારા દેશની સેવા કરવી...

**ભાણદેવજી**

રાષ્ટ્ર ઘડતરનો સમુચિત ઉપાય કયો છે? ઘણા ઉપાયો છે. પરંતુ સર્વશ્રેષ્ઠ ઉપાય કયો ? રાષ્ટ્ર ઘડતર નો સર્વશ્રેષ્ઠ ઉપાય છે : 'ઉત્તમ શિક્ષણ'

આજનો બાળક, આજનો યુવાન આવતીકાલે રાષ્ટ્રના ઘડતરમાં અને રાષ્ટ્રના સંચાલનમાં ભાગીદાર બનશે. બાળકોનું ઘડતર તે આવતીકાલના રાષ્ટ્રનું ઘડતર છે.

આજના વિદ્યાર્થીનું અર્થાત્ આવતીકાલના રાષ્ટ્રનું ઘડતર કરવું કેવી રીતે? ઉપાય છે ઉત્તમ કેળવણી. બાળકોને ઉત્તમ શિક્ષણ આપવું તે રાષ્ટ્રની સર્વશ્રેષ્ઠ સેવા છે. ડેન્માર્કમાં એક રાષ્ટ્રવ્યાપી માન્યતા છે,

Theachers are Leaders

'શિક્ષકો આગેવાનો છે'

ડેન્માર્કમાં કોઈપણ પ્રકારની ચૂંટણીમાં કોઈ શિક્ષક ઉમેદવારી પત્ર ભરે તો તેમની સામે કોઈ ઊભા રહે જ નહીં. શિક્ષકો જ જીતે, શિક્ષકોનો એટલો મહિમા ડેન્માર્કમાં છે. આમ શા માટે ? કારણ કે તેઓ સમજે છે કે શિક્ષકો આવતીકાલના રાષ્ટ્રના ઘડવૈયા છે. રાષ્ટ્રનિર્માણના શિલ્પીઓ છે.

પ્રત્યેક કાર્યના વળતરના બે સ્વરૂપો છેઃ

(૧) આર્થિક વળતર

(૨) હૃદયનો સંતોષ

ઉદાહરણઃ એક ડૉક્ટર કોઈ દર્દીનું ઑપરેશન કરે, ઑપરેશન સફળ થાય અને દર્દી બચી જાય તો ડૉક્ટરને આર્થિક વળતર તો મળે જ છે પરંતુ તેથી પણ મહત્ત્વનું વળતર છે- પોતાનો દર્દી બચી ગયો, સાજો થઈ ગયો, તેનો સંતોષ. હવે આપણી સમક્ષ સવાલ છે કે કયું કર્મ એવું છે કે જેમાં આ 'સંતોષ'નું વળતર સૌથી અધિક છે ? તે કાર્ય છે- શિક્ષકનું કાર્ય. પોતાના વિદ્યાર્થીના જીવનનું ઘડતર થાય છે, પોતાના વિદ્યાર્થીઓ વધે છે અને વિકસે છે- અને જીવનને સમજીને ઉત્તમ માર્ગ કંડારે છે. આ સંતોષ સર્વશ્રેષ્ઠ સંતોષ છે. આ સંતોષ સુખ આપનાર છે.પ્રાચીનકાળમાં ભારતમાં શિક્ષણના કેન્દ્રમાં 'ધર્મ' હતો. ધર્મના શિક્ષણથી કેળવણીનો પ્રારંભ થતો. અન્ય વિષયોનું શિક્ષણ તો પછી થતું.

ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામજી ઉર્જ્જૈનમાં સાંદીપનિ ગુરુના આશ્રમમાં વિદ્યાપ્રાપ્તિ માટે જાય છે ત્યારે ગુરુદેવ પાસેથી શાનું શિક્ષણ પ્રાપ્ત કરે છે? શ્રીકૃષ્ણ અને બલરામના આચરણથી ગુરુવર સાંદીપનિ ખૂબ ખુશ થાય છે. તેમની શુદ્ધ ભાવયુક્ત સેવાથી ખૂબ પ્રસન્ન થાય છે. ગુરુજીએ બંને ભાઈઓને છ અંગો સહિત, અનેક ઉપનિષદો સહિત, સંપૂર્ણ વેદોનું શિક્ષણ આપ્યું હતું.

આ ઉપરાંત મંત્ર અને દેવતાઓના જ્ઞાન સહિત,ધનુર્વેદ, મનુસ્મૃતિ આદિ ધર્મશાસ્ત્ર, મીમાંસા આદિ વેદોના તાત્પર્ય બતાવનારા શાસ્ત્રો- ન્યાયશાસ્ત્ર આદિનું શિક્ષણ પણ આપ્યું હતું. સાથે સાથે સાથે સંધિવિગ્રહ, યાન, આસન,દ્વૈધ અને આશ્રય- આ ભેદો સહિત રાજનીતિશાસ્ત્રનું અધ્યયન કરાવ્યું હતું.

સ્પષ્ટ જ છે કે પ્રાચીનકાળમાં શિક્ષણનું કેન્દ્ર 'ધર્મ' હતું. આપણા દેશમાં વિધર્મીઓનું રાજ્યશાસન આવ્યું અને શિક્ષણમાંથી ધર્મની બાદબાકી થઈ ગઈ. સ્વરાજ્ય પ્રાપ્ત થયા ને ૮૦ વર્ષ થયાં છતાં આ પરિસ્થિતિ ચાલુ છે. શિક્ષણમાં ધર્મનો લગભગ અભાવ છે. એમ.એ. પીએચ.ડી. અને એમ.એસ.સી. પીએચ.ડી. થયેલા કૉલેજના પ્રાધ્યાપકોને ચાર વેદના નામ નથી આવડતાં આ ધર્મવિહીન શિક્ષણનું પરિણામ છે. આપણે ક્યાં સુધી આ ધર્મવિહીન શિક્ષણ ચલાવવું છે? આપણા શિક્ષણમાં ધર્મનો સમાવેશ ક્યારે થશે ?

આપણા ભારતવર્ષના વર્તમાનકાળના મહાપુરુષો છે- મહાત્મા ગાંધી, શ્રી અરવિંદ, ગુરુદેવ ટાગોર, શ્રીકૃષ્ણમૂર્તિ, રમણ મહર્ષિ આ સૌ મહાન પુરુષોએ દેશસેવાનું ઘણું મૂલ્યવાન કાર્ય કર્યું છે. સાથે સાથે તેમણે શિક્ષણમાં પણ

મૂલ્યવાન પ્રદાન કર્યું છે. તેમને શિક્ષણસંસ્થાઓની સ્થાપના પણ કરી આ શિક્ષણસંસ્થાઓ વર્તમાનમાં સુપેરે ચાલે છે. ગૂજરાત વિદ્યાપીઠ, વસંત કૉલેજ, શાંતિનિકેતન શ્રી અરવિંદ આશ્રમનું શિક્ષણ કેન્દ્ર, આદિ.

આ પુરુષોએ શિક્ષણસંસ્થાઓ શરૂ કરી કારણ કે તેઓ જાણે છે કે 'શિક્ષણ' દેશસેવાનું સર્વશ્રેષ્ઠ માધ્યમ છે.

મો.-૯૩૭૪૪૧૬૬૧૦

## પ્રેમ

પ્રેમનું સ્થાન હૃદય છે, સત્યનું સ્થાન બહુધા જુબાન છે. પરંતુ કરુણાનું સ્થાન વ્યકિતની આંખ છે. સત્ય એકવચન છે. પ્રેમ દ્વી વચન છે અને કરુણા બહુવચન છે. સત્ય પોતાનામાં રાખો, પ્રેમ બીજાને કરો અને કરુણા બધા પ્રત્યે રાખો. સત્ય મારા માટે, પ્રેમ તમારા માટે અને કરુણા બધા માટે. સત્ય જેટલું સચવાય એટલું. પ્રેમ હંમેશા બીજા માટે. પ્રેમ કેવળ પોતા માટે હોય તો કદાચ એનું સ્વરૂપ બદલાઈ શકે છે. સૌને પોતાનું વ્યકિતત્વ હોય છે, જેવા હોય એવા એને પ્રેમ કરો.

પ્રેમ ગવડાવશે જરૂર. ભકિત ગવડાવશે જ. ગાવું એ પ્રેમનું પ્રમાણ છે. પ્રેમ કરશે એ ગાયા વિના નહીં રહી શકે.મીરાંએ પ્રેમ કર્યો,ખૂબ ગાયું; ગંગાસતીએ પ્રેમ કર્યો,ખૂબ ગાયું; નરસિંહે પ્રેમ કર્યો,ખૂબ ગાયું; નાનકે પ્રેમ કર્યો,ખૂબ ગાયું; ચૈતન્યએ પ્રેમ કર્યો,ખૂબ ગાયું; પ્રેમ ગાયા વિના રહેવા જ નથી દેતો. તમારે ગાવું જ પડશે.

મીરાંનો પ્રેમ પરમપ્રેમ છે. રાધાનો પ્રેમ પણ પરમપ્રેમ છે. ભરતજીનો પ્રેમ પણ પરમપ્રેમ છે. ગોપીઓનો પ્રેમ પણ પરમપ્રેમ છે. પ્રેમ મહાશાસ્ત્ર છે, પ્રેમ મહામંત્ર છે. પ્રેમ પરમતત્ત્વ છે. જગતની મૂળ સામગ્રી પ્રેમ છે. પ્રેમ પરમ અવસ્થાનું નામ છે. પ્રેમના સૂત્રોથી જ લોકોને એક કરી શકાય છે. આપણે પરસ્પર વિશુદ્ધ પ્રેમમાં જીવવા માંડીએ તો ઘણી બધી સમસ્યાઓનો નિકાલ થઈ જાય. કૃષ્ણની રાસલીલા એ વિશ્વને પ્રેમાદ્વૈતનું અદ્‌ભુત વરદાન છે.

પ્રેમની ગતિ સીધી નથી હોતી. પ્રેમની ધારા નદીની ધારા જેવી હોય છે. એ નહેર નથી કે તમે જેવી રીતે બનાવી હોય એવી રીતે જ વહે. પ્રેમ જયારે ક્રિયાન્વિત થાય છે ત્યારે કરુણા થઈ જાય છે. જ્ઞાનથી પ્રભાવને જાણી શકાય. પ્રેમથી સ્વભાવને જાણી શકાય. શિસ્તનુ નિર્માણ પ્રેમથી જ થઈ શકશે. કોઈનો પ્રભાવ જોઈને પ્રેમ ન કરવો, સ્વભાવ જોઈને કરવો. તર્પણ કરવું હોય તો પ્રેમના જળથી તર્પણ કરો. પ્રેમ સાર્વભૌમ છે, એને તમે કેદ નથી કરી શકતા. પ્રેમના સૂત્રોથી જ લોકોને એક કરી શકાય છે.

પ્રેમ સૌથી મોટો મારગ છે. પ્રેમ જેવો તપસ્વી કોઈ નથી. પ્રેમ વૈરાગી હોય છે. પ્રેમ રાગી હોઈ જ ન શકે. પ્રેમ એને કહેવાય છે જે પવિત્ર હોય અને શીલ એને કહેવાય છે જે સાચું હોય. પ્રેમ પરોક્ષ મોક્ષ છે. પરસ્પર વિશુદ્ધ પ્રેમ મોક્ષ આપે છે. પ્રભુપ્રેમનો મારગ પ્રતીક્ષાનો મારગ છે, એમાં શીઘ્રતા નથી ચાલતી. પરમારથનું મૂળ પ્રેમ છે. પ્રેમતત્ત્વ એક પ્રકારનું તપ છે.

પ્રેમરૂપી મૂળનું ફૂલ પરમારથ છે. પ્રેમ બીજ છે,પરમારથ ફૂલ છે. પ્રેમના અંકુર ફૂટયા પછી આખું જગત સારું લાગવા માંડશે. પ્રેમતત્ત્વને માત્ર બુદ્ધપુરુષો જ જાણી શકે છે, વિષયી નહીં. પછી કોઈની ઉપેક્ષા નહીં કરી શકો કે કોઈની નિંદા નહીં કરી શકો. પ્રત્યેક માણસ પ્રત્યે આપણા હૃદયમાં જયારે સમ્માન પ્રગટ થાય ત્યારે સમજવું કે એ પ્રેમનું પહેલું લક્ષણ છે. પ્રતિક્ષણ વધે એ જ પ્રેમ. પ્રેમ વિનંતી કરી શકે, બાધ્યતા નહીં.

પ્રેમમાં ત્રણ વસ્તુ યાદ રાખવી. એક પૂર્વાનુરાગ,બીજું મિલન અને ત્રીજો વિયોગ. એ ત્રણેયમાં પ્રેમ વહેંચાય છે, કેમ કે એ 'અવિચ્છિન્નમ્' છે.

- મોરારિબાપુ

## ૦૯ 'સન્માન' હોવું જોઈએ મહેમાન !

**હા. શ. ભટ્ટ**

---

'સન્માન' એ ગજબની ઘટના છે. માણસને તેના અસ્તિત્વનો અને ખાસિયતનો અનુભવ કરાવે છે. મેં કેટલાય સન્માનો જોયા અને અનુભવ્યા છે માટે આ વિષય પર થોડું લખવાનું મન થયું. સન્માન આજકાલ માર્કેટિંગનો હિસ્સો બની ગયો છે. સન્માન દેવાવાળાનું માર્કેટિંગ અને લેવાવાળાનું પણ માર્કેટિંગ, એ જ કારણથી આજે પત્રકારત્વની થોડી પણ સમજ ના ધરાવતા લોકો ઇન્ટરવ્યૂ લેતા થઈ ગયા છે, કારણ કે ઇન્ટરવ્યૂ લેવાનું દેખાડવામાં પણ એક સન્માન છે. પછી સામેવાળો વ્યક્તિ અને વિષય ભલે ગમે તેટલો ખોખલો હોય. આજકાલ ઇન્ટરવ્યૂ લેવામાં નહિ લેવડાવવામાં પણ આવે છે, કારણ છે સન્માનની વાસના. પોતાની નોંધ 'લેવાય' અને પૈસા અને રુતબાના 'જોરથી લેવડાવાય' એ બંનેમાં કેટલી કદરૂપતા છે! ઍવૉર્ડ વેંચાય એ તો જરીક સમજાય એવું છે કારણ કે એવી વાતો વાંચી અને સાંભળી છે આ દુનિયામાં જરૂર પડ્યે મજબૂરીથી કંઈ પણ વેચાય છે, તો ઍવૉર્ડ વેચાય એમાં શું નવાઈ! પરંત ઍવૉર્ડ ખરીદાય એ વળી કેવી મજબૂરી?! શું કામ એવોર્ડ ખરીદવો પડે ? અને એ મળ્યા પછી કેવા પ્રકારનો સંતોષ થવાનો,એ વિચારવા જેવું છે .

પહેલા સન્માન 'વિષયનું' હોય પછી એ વિષયને નિમિત્ત બન્યા હોય તે વ્યક્તિનું. જ્યારે મોટા ભાગે સન્માન પહેલા વ્યક્તિનું થાય છે અને વિષયને સાવ અવગણી નાખવામાં આવે છે. વિષયના સન્માન દસ્તાવેજ બની જશે અને કાયમ સુધી જનકલ્યાણ કરતું રહેશે,જ્યારે વ્યક્તિનું સન્માન એક કૈફ સમાન મજા કરાવશે પરંતુ એ નશો ઉતરશે ત્યારે બહુ મોટો ખાલીપો ઊભો કરશે. સન્માન એક છેતરામણી છે, જેનું થતું હોઈ તેનું અને સન્માન કરનારને પણ આ છેતરામણીની ખબર રહેતી નથી, કારણકે આ છેતરામણી મોટા ભાગે અર્ધ જાગૃત અવસ્થામાં થાય છે. વાત સન્માનના હેતુ પર જાય છે, જો 'વિષય' કે 'વિચારનું' ચૂકીને 'વ્યક્તિનું' મુખ્ય રીતે સન્માન થાય તો સમજવું છેતરાઈ ગયા. ઉત્તમમાં ઉત્તમ અભિનેતાના, સંગીતકારો, દિગ્દર્શકો અને અન્ય કાર્યકર્તાનું સન્માન પછી પહેલા એ ફિલ્મના વિચાર અને વિષયનું સન્માન છે, એવું સન્માન મેળવનારે અચૂક યાદ રાખવું જોઈએ. એવું જ ઉત્તમ પુસ્તકોનું છે. પ્રાથમિક અને પ્રથમ 'વિચાર' છે, લેખક કે પ્રકાશક પછીના નંબરે છે. પરંતુ સમાચાર પત્રો કે અન્ય માધ્યમથી પ્રસારિત થતા સમાચારો સ્પષ્ટ સાબિતી આપે છે કે પુસ્તક વિમોચનમાં કે ફિલ્મ વિશ્લેષણમાં વિષય અને વિચાર સિવાય દરેકની ચર્ચા મુખ્ય સ્વરૂપે આજકાલ થાય છે અને વિષય અને વિચારને ગૌણ બનાવી દેવામાં આવે છે. આવું દરેક ક્ષેત્રમાં છે, પુસ્તકો અને ફિલ્મો તો માત્ર ઉદાહરણો છે.

જેનું સન્માન થવાનું હોય તેને ખબર પણ ના હોય અને તે પોતાના ગમતા વિષયમાં મશગુલ થઈ કામ કરતો જતો હોય એવા વ્યક્તિઓ મેં ખૂબ જોયા છે. અને સન્માનના સમાચાર સાંભળી ભલે ઉદાસીન ના થાય પણ હરખપદુડો પણ ના થાય તેને સાચો તપસ્વી હું સમજુ છું. 'વડાલી બંધુ' જાણીતા પંજાબી ગાયક અને સંગીતકાર છે. તેમને દેશનો ખ્યાતનામ ઍવૉર્ડ મળવાનો હતો, નામદાર સરકારે

રાષ્ટ્રપતિના વરદહસ્તે મળતો આ ઍવૉર્ડ પ્રાપ્ત કરવા પત્ર લખ્યો, પણ એ તો એના સંગીત કાર્યમાં મશગુલ રહ્યા. એમને આવા કોઈ ઍવૉર્ડની રાહ પણ નહોતી અને પરવાહ પણ નહિ. છેવટે આજુબાજુના લોકોએ આ ઍવૉર્ડ સ્વીકારવા ખૂબ ખૂબ સમજાવ્યા ત્યારે તેઓએ આ નામદાર ઍવૉર્ડ સ્વીકારેલો. પછી પાછા જેમ કામ કરતા હતા તેમ કામે લાગી ગયેલા, ઍવૉર્ડના નશામાં ડૂબી બરબાદ નહિ થયેલા. આવું જ અભિનયની દુનિયામાં આપણા દેશનું રત્ન કહી શકાય તેવા નસરુદ્દીન શાહે ફિલ્મી દુનિયાના ઍવૉર્ડને એક ફાર્મહાઉસમાં બારણાના હાથા તરીકે ઉપયોગમાં લઈ લીધા છે અને હવે તે બધા સન્માનો અને ઍવૉર્ડ સ્વીકારતા પણ નથી કારણ કે એમના માટે 'અભિનય' વિષય અગત્યનો થતો જાય છે, સન્માન નહિ! આમીરખાન પણ આ જ શ્રેણીના અભિનેતા છે.

સન્માન લેવાની વાસના માનસિક બીમારી છે. જયારે 'ખરું' સન્માન દેવાની પ્રવૃત્તિ તંદુરસ્ત મનની નિશાની છે એવું મને લાગ્યું છે. પરંતુ કમનસીબે ઉલ્ટું થતું આવ્યું છે. આજે તો સન્માન મળવાનું છે તેને અગાઉથી ખબર હોય છે કે સન્માન થવાનું છે,એક અલગ જ નશામાં નાચ્યાં કરે છે. હજુ તો એ સન્માન હાથવગું થયું પણ ના હોય તો પણ! તેઓ તેના દરેક પરિચિતોને ગૌરવથી જણાવે છે કે સન્માન થવાનું છે. અને એમજ જણાવે છે કે 'મારું' સન્માન થવાનું છે, એમેની સાથે જોડાયેલ વિષયને સન્માન લેનાર પોતે જ સહજરીતે અવગણે છે. આવા સન્માન ભૂખ્યા વ્યક્તિઓ ઉત્તમ વિષયો અને વિચારોનું મૂલ્ય ઓછું કરી પોતાનું મૂલ્ય વધારવાની મથામણમાં હોય છે, ફાલતું સન્માનને સર્વસ્વ માનનાર વ્યક્તિઓ દરેક ક્ષેત્રોમાં તમને જોવા મળી જશે.

સન્માન શરૂઆતીઓ માટે ખૂબ કામની વસ્તુ હોય છે. જેમને શરૂઆત કરી હોય તે ખૂબ મથામણ કરતો હોય છે. પોતાના આત્મવિશ્વાસ ઉપર, પોતાના વિષયમાં સારું કરે નબળું,પણ ખબર ના પડે કે સારું કર્યું કે ખરાબ? કારણ કે નવી શરૂઆત જ કરેલી હોય છે. સાચું-સારું કે ખોટું-ખરાબ કંઈ ખબર હોતી નથી,માટે જો સન્માન થાય તો પાક્કું થાય કે બરોબર દિશામાં જઈ રહ્યા છે. એનાથી આગળ કહું તો સન્માન એ એક આદર છે. માનવકલ્યાણમાં જેમની રચના,સર્જનાત્મકતા,વિષય અને વિચારે બહુમૂલ્ય યોગદાન આપ્યું હોય અને તે યોગદાન અનન્ય હોય તો એ કર્મ પ્રત્યે આદર જાગે એ સ્વાભાવિક બાબત છે, અને એ વિષયને અને પછી એ વ્યક્તિને ડૉક્યુમેન્ટ કરવા સન્માનનું આયોજન થાય એ પણ જરૂરી છે. સન્માન માટે પાયાની જરૂરિયાત છે 'કર્મ'. તમારા કર્મક્ષેત્રમાં તમારી રચના, સર્જનાત્મકતા,વિષય અને વિચાર તમને તપ કરાવશે અને એ તપ તમારા દ્વારા તમને મળતું પરિણામ 'તમારું' સન્માન છે. માત્ર કાર્યમાં સફળતા મળવી જ સન્માન નથી,નિષ્ફળતા મળે તો પણ એ સન્માનનો જ હિસ્સો છે, કારણ કે કર્મ કર્યા કરવું એ મુખ્ય અને અગત્યની બાબત છે, પરિણામ ગૌણ છે. સન્માન વ્યક્ત કરવાના ઘણા માધ્યમ છે. એક જ રીત કે માધ્યમથી સન્માન નથી થતાં હોતા અને દર વખતે ઍવૉર્ડ આપી જ સન્માન વ્યક્ત નથી થઈ શકતું. 'ઍવૉર્ડ' એક જાહેર માધ્યમ છે. તેથી તેનો ભભકો વધુ છે. માટે ભભકા વગરના જાહેર સન્માન સિવાય કોઈપણ સન્માનની કિંમત વ્યક્તિ પાસે નથી, જે ખરેખર હોવી જોઈએ. તમારા ખાસ કામને અથવા કોઈ સદ્‌ગુણને જોઈ કોઈ પ્રેમાળ આલિંગન કે સ્મિત કરે અને કહેવાતી સામાન્ય વસ્તુ ભેટમાં આપે તો જાહેર ઍવૉર્ડ કરતા અનમોલ હોય છે. વ્યક્તિના જીવનમાં સૌથી અધિક મૂલ્યવાન લોકો હોય છે. આપણને સાચો પ્રેમ કરનારા. આપણી સાથે જીવવાનો શોખ રાખનાર, આપણી કાળજી રાખનાર, આપણને અનહદ પ્રેમ કરનાર લોકો આપણું સન્માન ઍવૉર્ડથી નથી કરી શકતાં. તેમને એવું કરવું ગમતું પણ નથી કારણકે એમને ખ્યાલ હોય છે કે

ઍવૉર્ડ આપવાની ઘટના ઔપચારિક છે અને ઘણી ખરી કુત્રિમ છે. તેથી આપણને સાચા અર્થે ચાહનારા કોઈપણ રીતે સન્માનની આપવાની તરફેણમાં નથી હોતા. કારણકે તેઓ તમારો આદર કરતા હોય છે અને તેમની મોટાભાગની હરકતમાં સન્માન અને પ્રોત્સાહિત કરવાની લાગણી હોય છે.

સામાજિક માળખામાં સન્માન નિર્ણાયક ભૂમિકા ભજવે છે. સમાજમાં વ્યક્તિના બાહ્ય અસ્તિત્વની પ્રતિષ્ઠા આદરથી થાય છે. અને આ પ્રતિષ્ઠા અને આદરને વ્યક્ત કરવાનું માધ્યમ સન્માન છે. ઘણી સંસ્કૃતિઓમાં, સન્માન સામાજિક દરજ્જો અને સામાજિક ભૂમિકાઓ અને અપેક્ષાઓની પરિપૂર્ણતા સાથે જોડાયેલું છે. સન્માનનું આ સામાજિક પરિમાણ વિવિધ ઐતિહાસિક અને સાંસ્કૃતિક પ્રથાઓમાં જોઈ શકાય છે, સન્માનનું સામાજિક પાસું પણ સંઘર્ષો અને દુવિધાઓ તરફ દોરી શકે છે. અન્યની નજરમાં સન્માન જાળવવાનું દબાણ કેટલીકવાર વ્યક્તિઓને તેમના વ્યક્તિગત મૂલ્યોના વિરોધાભાસી કાર્યો તરફ દોરી શકે છે. વ્યક્તિગત અખંડિતતા અને સામાજિક અપેક્ષાઓ વચ્ચેનો આ તણાવ સન્માન પર દાર્શનિક ચર્ચાઓમાં પુનરાવર્તિત વિષય છે.

સન્માન માત્ર બાહ્ય બાબત વિશે નથી પરંતુ અંતરની અખંડિતતા અને તેમના મૂલ્યો સાથે કોઈની ક્રિયાઓના સરવાળા વિશે પણ છે. સન્માન થનાર વ્યક્તિના વૈચારિક સરવાળા વિષે સમાજને ખ્યાલ આવે છે.

સન્માનની સાથે ખુશામત ફ્રિ છે. પરંતુ ખુશામત એ સન્માન નથી. કોઈ આપણા વખાણ કરે એટલે સન્માન સમજી કેટલાય લોકો ફુલાય જાય છે અને કોઈ કર્મ કરતા અટકી ગયા હોય તેવા લોકો મેં જોયા છે. સન્માન તટસ્થમાત્રામાં કરવામાં આવે તો સન્માનની ગરિમા જળવાઈ રહે. સન્માન ત્યારે વધુ ગંદુ થાય છે જયારે તેમાં અમર્યાદિત માત્રામાં ખુશામત ભળે છે.

સન્માન શબ્દોથી હોય છે અને કોઈ વસ્તુને નિમિત્ત બનાવી પણ કરાય છે, જેને આપણે ઍવૉર્ડ કહીયે છીએ. સન્માન ક્યારેય નાનું કે મોટું નથી હોતું, સન્માન માત્ર સન્માન હોય છે. જે ચોક્કસ વિષયના સંશોધન કે પ્રયોગને પ્રોત્સાહન આપવા અને એ સંશોધન કે પ્રયોગમાંથી હજુ કંઈક વધુ મેળવવાના ઉદ્દેશથી થવું જોઈએ.

આ દુનિયામાં દરેક ક્ષેત્રોમાં એવા લોકો છે જેમને દેશ અને દુનિયાના સર્વોત્તમ સન્માનો મળ્યા છે અને તે સન્માનોને આદરથી એક ખૂણામાં મૂકી વળી પાછા એક વિદ્યાર્થીની જેમ પોતાના વિષયમાં કામે લાગી ગયા છે. આવા સન્માનો એક નહિ પણ અનેક મળ્યા હોવા છતાં એ વિદ્યાર્થી માનસ પર કોઈ ખાસ અસર પડી ના હોય કારણ કે વિદ્યાર્થી માણસનો મૂળ ગુણધર્મ પ્રયોગો અને સંશોધનો કરવાનો હોય છે, તેમને તેમની ઉપર લગાવેલ કોઈપણ પ્રકારના લેબલથી કોઈ ખાસ ફરક પડતો નથી. એટલે જ આપણી વૈશ્વિક સંસ્કૃતિના સંતો કુશળતાથી સન્માનો અને અપમાનો પચાવી શક્યા અથવા તેનાથી અળગા રહી શક્યા,કારણ કે તેમને તેમના વિષયમાં રસ હોય, કોઈના સન્માન કે અપમાનના લેબલમાં નહિ.

સન્માનો માટે ઝગડાઓ થાય છે , સન્માનો માટે હરીફાઈઓ થાય છે અને સન્માન માટે જીવ પણ લઈ લેવાય છે આ તે કેવડી મોટી કુરૂપતા છે માનસ સ્વભાવની ! આનું કારણ સન્માનને વ્યકિની લાયકાત સમજી લેવાઈ છે. હકીકતે સાચી અને પ્રાથમિક લાયકાત વિષયના સંશોધન કે પ્રયોગની છે. આ વિષયનું માધ્યમ ભલે વ્યક્તિ હોય પણ તે મુખ્ય નથી ગૌણ છે એટલી સભાનતા જો કેળવાય જાય તો સન્માન માટેની ભૂખ અને વલખા નહિ રહે.

પણ આ બધાની વચ્ચે એક પ્રશ્ન સતત મનમાં ઊભો રહે છે, સન્માન વગર પણ શું કર્મ શક્ય છે? અને તેનો

જવાબ છે- હા, શક્ય છે, અને કદાચ એજ સૌથી શુદ્ધ કર્મ છે. જ્યારે માણસ કોઈ સન્માનની અપેક્ષા વગર, કોઈ નોંધ લેવાય તેવી આશા વગર, કોઈ મંચ કે માઇક વગર પોતાના વિષયમાં લીન થઈને કાર્ય કરતો રહે છે, ત્યારે તે કર્મ પોતે જ આત્મસંતોષનું સન્માન બની જાય છે. એ સમયે બહારથી મળતું કોઈપણ સન્માન માત્ર એક ઔપચારિક ઘટના બની રહે છે, આંતરિક સત્ય નહીં.

માણસ જ્યારે પોતાના કાર્યથી પોતે જ સંતોષ પામે છે, ત્યારે સમાજ તરફથી મળતું સન્માન જરૂરી રહેતું નથી, પણ જો મળે તો પણ તે ભાર બનતું નથી. આવા માણસો સન્માનને ખભે લઈ ફરતા નથી, સન્માન એમની પાછળ ચાલે છે. અને એજ મોટો ફરક છે. સન્માન પાછળ દોડવું અને સન્માનને પાછળ આવવા દેવું.

આજના સમયમાં કદાચ સૌથી મોટી સમસ્યા એ નથી કે સન્માન ખોટી રીતે આપવામાં આવે છે, સમસ્યા એ છે કે માણસે સન્માનને જીવનનો હેતુ બનાવી લીધો છે. હેતુ જ્યારે બદલાઈ જાય છે ત્યારે કર્મ દૂષિત થાય છે. અને દૂષિત કર્મમાંથી જે સન્માન મળે છે તે સમાજને ઉજ્જવળ નહીં પરંતુ વધુ ખોખલું બનાવે છે. સાચું સન્માન શાંત હોય છે. તેમાં તાળીનો અવાજ ઓછો હોય છે અને અસર વધુ. તે કોઈને ઉચ્ચે બેસાડતું નથી, પણ ઘણા લોકોને ઊભા રહેવા પ્રેરણા આપે છે. તે ગૌરવથી ભરેલું હોય છે, ગર્વથી નહીં. અને કદાચ એજ સન્માનનું સૌથી સુંદર સ્વરૂપ છે.

અંતે વાત ફરી ત્યાં જ આવીને ઊભી રહે છે, સન્માન માણસનું નથી, માણસ દ્વારા થયેલા કર્મનું છે. માણસ માત્ર એક માધ્યમ છે. જો આ સમજણ જીવંત રહી જાય, તો સન્માન ક્યારેય બજારુ નહીં બને, ઍવૉર્ડ ક્યારેય ખાલી દેખાવ નહીં બને અને કર્મ ક્યારેય ગૌણ નહીં બને. અને ત્યારે જ સાચા અર્થમાં કહી શકાય - સન્માન જીવનમાં હોવું જોઈએ,પણ એ મહેમાનની જેમ આવે,માલિક બનીને નહીં.

મો.૮૨૦૦૫૧૧૧૭૪

**દૃષ્ટિ ભીતરની**

આપણા મોટાભાગનાં સંતો અલ્પશિક્ષિત અથવા અશિક્ષિત હતા. રામકૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિ, શ્રી મુક્તાનંદ બાબા વગેરે કોઈ યુનિવર્સિટીનાં છાત્રો ન હતા. આમાંથી કોઈ હાઇસ્કૂલ સુધી પણ પહોંચ્યું ન હતું.

કાશ્મીરની મીરાંબાઈ કહેવાતી ‘લલ્લેશ્વરી’ સાવ સામાન્ય સ્ત્રી હતી. ખૂબ નાની વયે પરણીને શ્વસુરગૃહે આવી ગઈ હતી. સાસુનાં અત્યાચારનો ભોગ બનીને આ સ્ત્રીએ જગતને એવું જ્ઞાન આપ્યું જે પંડિત અભિનવગુપ્તના જ્ઞાનની સમકક્ષ હતું. આજે પણ કાશ્મીર પ્રદેશનાં હિંદુઓ અને મુસલમાનોના ઘર-ઘરમાં ‘લલ્લેશ્વરી’ના કાવ્યો ગવાય છે. વારાણસીનાં પંડિતોએ ‘લલ્લેશ્વરી’ના જ્ઞાન પર મોટા સેમિનાર કર્યા છે. મહાવિદ્યાલયોમાં ‘લલ્લેશ્વરી’ના પ્રદાન ઉપર Ph.d કરવામાં આવે છે. આવું એટલાં માટે થયું કે આ બધાં સંતો, જેઓ વિધિવત્ શિક્ષણથી વંચિત રહ્યાં હતાં, એમની દૃષ્ટિ ભીતરની દિશામાં ઉઘડી ગઈ હતી. એમણે પોતાની અંદર રહેલાં ચૈતન્યને પારખી લીધું, પામી લીધું અને એમાં જ પરમતત્ત્વને જોઈ લીધું હતું.

- ડૉ.શરદ ઠાકર

## ૧૦ સંસ્થા સમાચાર (એપ્રિલ, ૨૦૨૬)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**લોકભારતી સમાચાર**

- તા.૦૧ના રોજ લોકસેવા તૃતીય વર્ષની પ્રાયોગિક પરીક્ષા ગોઠવવામાં આવી. પ્રથમ વર્ષને ઘઉં સંશોધન કેન્દ્રમાં શ્રમ ગોઠવવામાં આવ્યો.
- લોકભારતીના પૂર્વવિદ્યાર્થિની સ્વ. શ્રી સુધાબહેન મનસુખપરી ગોસાંઈના અવસાન નિમિત્તે તા.૨જીના રોજ સમઢિયાળા મુકામે શ્રદ્ધાંજલિ અર્પવા શ્રી અરુણભાઈ દવે, શ્રી રામચન્દ્રભાઈ પંચોળી અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ જઈ આવ્યા.
- લોકભારતીના શુભેચ્છક અને ગોપ્રેમી શ્રી ગોપાલભાઈ સુતરિયા તા.૦૨ના રોજ ગોશાળાની મુલાકાતે આવી ગયા. તેઓએ ગોશાળાની બહુ વિગતે મુલાકાત લીધી. શ્રી અરુણભાઈ દવે અને સૌ સંબંધિતો સાથે ગોશાળા વ્યવસ્થા અને વિકાસ પ્રોજેક્ટ અંગે ઘનિષ્ઠ ચર્ચા-વિચારણા કરી 'બંસીલોક' એક નવી યોજનાનો પ્રારંભ કર્યો.
- શ્રી સંજય-તુલા તા.૦૩ના રોજ લોકભારતીની મુલાકાતે આવી ગયા.
- તા.૦૬ના રોજ સંસ્થાના વડીલોની ઉપસ્થિતિમાં લોકસેવા મહાવિદ્યાલયના નિયામક તરીકે શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાએ ચાર્જ સંભાળ્યો.
- તા.૦૬ના રોજ સાંજે ૪-૦૦ થી ૫-૩૦ દરમિયાન લોકસેવા તૃતીય વર્ષના વિદ્યાર્થીઓનો દીક્ષાંત શુભેચ્છા કાર્યક્રમ શ્રી અરુણભાઈ દવેના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ પોતાના ત્રણ વર્ષના સંસ્મરણો કહીને સંસ્થા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી. શ્રી જયવંતસિંહ ગોહિલ, શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ શુભેચ્છાઓ પાઠવી. શ્રી અરુણભાઈ દવેએ સૌને જીવનલક્ષી પ્રેરક સમજણ આપી અને આશીર્વાદ આપ્યા. આભારવિધિ શ્રી કિશોરભાઈ હિરાણીએ કરી હતી.
- તા.૦૭ના રોજ લોકસેવા તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે કેમ્પસ ઈન્ટરવ્યુ ગોઠવવામાં આવ્યા.
- વ્યવસ્થાપકમંડળની એક બેઠક તા.૦૮ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે સંવાદખંડમાં યોજાઈ ગઈ.
- સુરતની જીવનલક્ષી શિક્ષણની હિમાયતી નાલંદા ગુરુકૂળના સ્થાપક શ્રી બિપિનભાઈ ઉપાધ્યાય એમના ત્રણ કાર્યકરો સાથે લોકભારતીની તા.૦૮ના રોજ પરિચય મુલાકાતે આવી ગયા. તેઓએ શ્રી અરુણભાઈ સાથે મુલાકાત કરી, બધું નિરાંતે નીરખ્યું અને ખૂબ રાજીપો વ્યક્ત કર્યો.
- તા.૦૯ના રોજ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી આયોજિત જીકાસ પ્રવેશ વર્ષ ૨૦૨૬-૨૭ કામગીરીની તાલીમમાં શ્રી ધીરુભાઈ રાઠોડ, શ્રી વિશાલભાઈ જોશી, શ્રી કિશોરભાઈ હીરાણી અને શ્રી રવિભાઈ ચૌહાણ જોડાયા. બપોર પછી નીતિનભાઈ

ભીંગરાડિયા અને સાથી કાર્યકરો મા. કુલપતિશ્રી, રજીસ્ટ્રારશ્રી અને વિભાગીય વડાઓને રૂબરૂ મળી લોકસેવા મહાવિદ્યાલયને મળેલ  સ્વાયતતાનો રાજીપો વ્યક્ત કર્યો.

- તા.૧૦ના રોજ પ્રથમ, દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓ, કાર્યકરો,વડીલો માટે સમૂહભોજન-સ્વયંપાકનુ આયોજન કરવામાં આવ્યું હતું.
- સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીના કારણે પ્રથમ વર્ષની પરીક્ષાના સમયપત્રક ફેરફારને ધ્યાને લઈ વિદ્યાર્થીઓને વાચન માટે રજા આપવામાં આવી.
- લોકસેવા મહાવિદ્યાલયના ઉ.શિ.કમિ.શ્રીની કચેરી અને શિક્ષણ વિભાગમાં ગાંધીનગર મુકામે કેટલાંક પ્રશ્નોનું અનુસરણ કરવા તા.૧૦ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા જઈ આવ્યા.
- શ્રી પંડિત સાહેબ તા.૧૦ના રોજ સાયં પ્રાર્થનામાં સામેલ થયા અને સાયં પ્રાર્થનાના ભાવાવરણને માણ્યું.
- તા. ૧૧ના લોકભારતી અધ્યાપનમંદિરમાં તબીબ અને લેખક શ્રી આઈ.કે. વીજળીવાળા તેમજ શ્રી નલિનભાઈ પંડિત, શ્રી ભાવનાબેન પાઠક, શ્રી કૃતિકાબેન વીજળીવાળા, શ્રી દેવીબેન પંડિત અને સંસ્થાના વડિલોની ઉપસ્થિતિમાં દ્વિતીય વર્ષનો દીક્ષાંત કાર્યક્રમ યોજાયો. વાર્ષિક પ્રવૃત્તિ અંક 'સ્મરણમ મધુરમ'નું વિમોચન થયું.
- લોકભારતીનાં શુભેચ્છક અને દાતા શ્રી જ્યોતિબેન મહેતા-મુંબઈથી અને શ્રી પુષ્પાબેન અને રશ્મિબેન વ્યાસ-રાજકોટથી તા.૧૫થી ૧૭ લોકભારતીમાં રહેવા આવી ગયાં.
- તા.૧૬ના રોજ શ્રી અરુણભાઈ દવેના અધ્યક્ષસ્થાને લોકસેવાના તમામ કાર્યકરોની બેઠક યોજવામાં આવી. લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના ગૌરવશાળી ઈતિહાસનું સ્મરણ કરાવતા શ્રી અરુણભાઈએ જણાવ્યું કે, લોકસેવા મહાવિદ્યાલય સંસ્થાની સ્થાપના સમયથી લોકભારતી ગ્રામવિદ્યાપીઠનું હૃદય અને પ્રાણ રહ્યું છે. સ્વાયત્તતાની પુનઃપ્રાપ્તિ સંસ્થાની દૂરંદેશી શૈક્ષણિક દ્રષ્ટિનો પુરાવો છે.  સ્વાયત્તતા સાથે વધતી જવાબદારી અંગે ધ્યાન દોરી, તમામ સ્ટાફને વધુ સમર્પણ, યોગ્ય આયોજન અને સંકલિત પ્રયાસો સાથે કાર્ય કરવા પ્રેરણા આપી.
- હાલમાં ટેટ-૧ના પરિણામ પછી ગુજરાતમાં વિદ્યાસહાયકો માટેની ઓનલાઈન ભરતી પ્રક્રિયા શરૂ થઈ તેમાં કોઈ ટેક્નિકલ કારણોસર લોકભારતી અધ્યાપનમંદિરના તાલીમાર્થીઓનો વિકલ્પ કાર્યરત નહોતો થતો તેવી ફરિયાદ આવી એટલે શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી જગદીશગિરિ ગોસાઈ તા.૧૮મીના રોજ ગાંધીનગર ગયા અને સૌ સંબંધિત અધિકારીશ્રીઓને મળીને યોગ્ય નિર્ણય કરવા સમજાવ્યા.
- તા. ૨૦ એપ્રિલથી ૦૩ મે, ૨૦૨૬ અંતર્ગત રાસાયણિક ખાતરના સંયમિત ઉપયોગ માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સઘન જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવેલ. તે અંતર્ગત જિલ્લાના વિવિધ ગામોમાં વિસ્તરણ પ્રવૃત્તિઓ જેવી કે ખેત મુલાકાત, ખેડૂત તાલીમ, જાગૃતિ કાર્યક્રમ, ખેડૂત મિટિંગ વગેરે યોજવામાં આવેલ.
- તા.૨૨ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના રોસ્ટર વેરીફિકેશન માટે શ્રી નીતિનભાઈ અને શ્રી દિલીપભાઈ ગાંધીનગર જઈ આવ્યા.
- તા. ૨૨ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરના

૨૬ તાલીમાર્થીઓએ ભાવનગર ડાયેટમાં જઈને વિદ્યાસહાયકના આવેદનપત્રો ભર્યા.

- તા.૨૪ના રોજ પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના શ્રી ગિરીશભાઈ દવે અને શ્રી જીવનભાઈ જોગરાણા વહીવટી કામ સબબ શ્રી નાયબ વિકાસ કમિશનર કચેરી ગાંધીનગર જઈ આવ્યા.
- શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની પાલીતાણા મુકામે યોજાયેલી પૂ.મોરારિબાપુની કથા નિમિત્તે લોકભારતીમાં તા.૨૪-૨૫ રહી ગયા.
- તા. ૨૮ના ગુજરાત રાજ્ય ડી.એલ.એડ. કેન્દ્રીયકૃત પ્રવેશ પસંદગી સમિતિમાં લોકભારતી અધ્યાપનમંદિરના જગદીશગિરિ ગોસાંઈની નિયુક્તિ થતા આગામી ડી.એલ.એડ. પ્રવેશ વર્ષ-૨૦૨૬-૨૭ અંગેની બેઠકમાં ગાંધીનગર જઈ આવ્યા.
- સમગ્ર માસ દરમિયાન જમીનનું સ્વાસ્થ્ય સુધારે અને તે ફળદ્રુપ બને તે અર્થે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સઘન જાગૃતિ અભિયાન ''ભૂમિ સુપોષણ'' ચલાવવામાં આવેલ. તે અંતર્ગત જિલ્લાના વિવિધ ગામોમાં વિસ્તરણ પ્રવૃત્તિઓ જેવી કે જમીન ચકાસણી નિદર્શન, ખેત મુલાકાત, ખેડૂત તાલીમ, જાગૃતિ કાર્યક્રમ, ખેડૂત મિટિંગ વગેરે કરવામાં આવેલ છે.

**આંબલા સમાચાર**

- તા.૦૩ અને ૦૪ના રોજ વિશ્વગ્રામ સંસ્થાના શ્રી સંજયભાઈ તથા તુલાબહેન આવેલ. તે તા.૦૪ના રોજ 'સ્કૂલ સે મિલે સ્કૂલ' કાશ્મીર સાથેના કાર્યક્રમની વિગતે વાતો કરી હતી.
- તા.૦૫ના રોજ કાર્યકરોની એક બેઠક કૉમર્સ વિષય શરૂ રાખવા તથા મોજીલી શાળામાં ધોરણ-૦૯ અને ૧૦ની સ્વનિર્ભર શાળા શરૂ કરવા સંદર્ભે શ્રી અરુણભાઈ દવેની અધ્યક્ષતામાં મળી ગઈ.
- તા.૦૬ના રોજ ભાવનગર ખાતે એન.સી.સી.ના એ.એન.ડી.ની મિટિંગમાં શ્રી મહર્ષિભાઈ જઈ આવ્યા.
- તા.૦૭ના રોજ સંસ્થાના પૂર્વવિદ્યાર્થી અને પ્રસિદ્ધ નાટયકાર અભિનેતા તેમજ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના મુખ્ય કલાકાર શ્રીમતી દિશાબહેન વાંકાણી (દયાબહેન)અને શ્રી મયુરભાઈ વાંકાણી (સુંદરમામા)ના પિતાશ્રી ભીમભાઈ વાંકાણીનું લાંબી બીમારી પછી અવસાન થયેલ. દક્ષિણામૂર્તિદેવ દિવ્યાત્માને શાંતિ આપે.
- તા.૦૮ના રોજ ૩ નેવલ એન.સી.સી.યુનિટ દ્વારા 'એ' સર્ટિફિકેટની પરીક્ષામાં પાસ થયેલ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ અર્પણ કરવાનો કાર્યક્રમ ભાવનગર એન.સી.સી. કમાન્ડિંગ ઓફિસરના મુખ્ય મહેમાન પદે યોજાઈ ગયો. આ કાર્યક્રમ સંચાલન શ્રી મહર્ષિભાઈ સોલંકીએ કરેલ.
- તા.૧૪ના રોજ લોકશાળાના કાર્યકરો મતદાન અંગેની કામગીરી માટે તાલીમ લેવા ભાવનગર જઈ આવ્યા.
- દર વર્ષની જેમ આ વર્ષે પણ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના આર્થિક સહયોગથી સંસ્થામાં તથા બાલવાડી, ખારડી વિસ્તારમાં મફત છાશ કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે.
- શ્રી ગૌરાંગભાઈ અને શ્રી મુકેશભાઈના માર્ગદર્શન સાથે મનાલી મુકામે વિદ્યાર્થીઓનો પ્રવાસ કાર્યક્રમ યોજાઈ ગયો.

**મણાર સમાચાર**

- માર્ચ એપ્રિલ - દરમિયાન લેવાયેલ ધો. ૧૦ અને

૧૨ની બોર્ડની પરીક્ષાનું ઉત્તરવહી મૂલ્યાંકન શાળાના શિક્ષકોને સોંપાયેલ.

- તા. ૦૬થી ૧૭ સુધી ધોરણ ૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષાઓ લેવામાં આવી.
- તા. ૦૭ના રોજ લોકભારતી સણોસરાથી નિગમભાઈ શુક્લ, વિનીતભાઈ સવાણી, નિયામક શ્રી મેહુલભાઈ ભટ્ટ સાથે ખેતી વિભાગમાં મગફળીના બિયારણ વાવેતર સંદર્ભે વિચારણા માટે અને ગોડાઉન ચકાસણી માટે આવી ગયા.
- તા. ૧૩ના રોજ મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓને શપથ ગ્રહણ કરાવવામાં આવ્યા.
- તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીની કામગીરીની તાલીમોમાં તેમજ તા. ૨૬ એપ્રિલે યોજાયેલ ચૂંટણી પ્રક્રિયામાં શાળાના સમગ્ર સ્ટાફે પોતાની ફરજ નિભાવી.
- તા. ૨૨ એપ્રિલના રોજ શાળામાં ધોરણ ૯ અને ૧૧ની છાત્રાલય પ્રવેશ પરીક્ષા યોજાવામાં આવી હતી.
- તા. ૨૩ એપ્રિલના રોજ શાળામાં 'વિશ્વ પુસ્તક દિવસ' તેમજ 'શ્રી ગંગાજી પ્રગટ્ય દિન'ની ઉજવણી કરવામાં આવી.
- શ્રી વિનોદભાઈ વાઘેલા માધ્યમિકસંઘના ૨૯માં અધિવેશનમાં વડતાલ મુકામે જઈ આવ્યા.
- સ્માર્ટ ડિજિટલ બોર્ડની તાલીમ ભાવનગર ખાતે આયોજન થયેલી જેમાં શ્રી વિનોદભાઈ વાઘેલા જઈ આવ્યા.
- શ્રી અરૂણભાઈ દવે સાથે મુંબઈથી શ્રી જ્યોતિબેન, રાજકોટથી શ્રી પુષ્પા બેન, રશ્મિબેન સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયાં.
- ચિલ્ડ્રન યુનિવર્સિટીના રજીસ્ટ્રાર શ્રી કૃણાલભાઈ પંચાલ તથા પ્રોફેસર પંડયાજી અને તેમનો પરિવાર સંસ્થાની શુભેચ્છા મુલાકાતે તા. ૨૩ના રોજ આવી ગયો.

**માઈધાર સમાચાર**

- તા. ૩ના રોજ જામવાળી ઉત્તર બુનિયાદીના ટ્રસ્ટીઓ સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા. ૫ના રોજ ધોરણ ૯ની પ્રવેશ પરીક્ષા યોજવામાં આવી. વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે ડૉ.ભાવનાબેન પાઠક, શ્રી પાતુભાઈ આહિર, શ્રી કલ્યાણભાઈ ડાંગર, શ્રી અરજણભાઈ ડાંગર અને શ્રી નિર્મળભાઈ પરમારે સંસ્થા પ્રણાલી વિશે અને વાલીઓની જવાબદારીઓ અંગે વાત કરી.
- તા.૯ના રોજ ડૉ. નલિનભાઈ પંડિત સાહેબ ગ્રીષ્મ શિબિર આયોજન માટે આવી ગયા.
- તા. ૧૪ થી ૨૩ સુધી આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો તાલીમમાં લેવા આવ્યા.
- તા. ૧૭ થી ૨૨ સુધી શ્રી અરુણભાઈ દવે સાથે જ્યોતિબેન મહેતા, શ્રી પુષ્પાબહેન અને શ્રી રશ્મિબહેન વ્યાસ સંસ્થાની પરિચયાત્મક મુલાકાતે આવી ગયાં.
- તા. ૨૨ના રોજ શ્રી ભાવનાબહેન પાઠક, શ્રી પાતુભાઈ આહિર અને શ્રી જ્યોતિબહેન કદમગિરિ ખાતે પૂ.મોરારિબાપુના આશ્રમે પૂ.બાપુને માઈધાર ભિક્ષા લેવા- પધારવાનું આમંત્રણ આપવા માટે જઈ આવ્યાં.
- તા.૨૩ના રોજ શ્રી ભાવનાબેન પાઠકે સાંજની પ્રાર્થનામાં 'વિશ્વ પુસ્તક દિવસ' નિમિત્તે

પ્રાસંગિક વાતો કરી.

- તા.૨૮-૨૯ બે દિવસ ભરતભાઈ દવેએ પ્રાર્થના અનુસંધાને વૈશ્વિક તાપમાન વધવાના કારણો, લૂથી બચવાના ઉપાયો અને પર્યાવરણ સુરક્ષા માટે આપણી ફરજો અંગે વિસ્તૃત વાર્તાલાપ કર્યો હતો. આ વર્ષે પેસેફિક સમુદ્રમાં સર્જનારી સુપર અલનીનો ઘટના અને તેની ભારતમાં ચોમાસા ઉપર થનારી સંભાવિત અસરો વિષે દ્રશ્ય-શ્રાવ્ય સાધનો દ્વારા વિગતે સમજણ આપી.
- તા.૩૦ના રોજ ગણેશ શાળા ટીમાણામાં યોજાયેલ વાલીમિલન તેમજ સંસ્કૃતિક કાર્યક્રમમાં શ્રી ભાવનાબહેન પાઠક પ્રાસંગિક વાતો કરવા જઈ આવ્યાં.

**શ્રદ્ધાંજલિ**

- લોકભારતીના પૂર્વકાર્યકર અને વત્સલ વૈદ્યરાજ શ્રી ગુલાબરાય મજેઠિયાનું તા. ૦૭-૦૪-૨૦૨૬ના રોજ ૮૫ વર્ષની વયે રાજકોટ મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના પૂર્વકાર્યકર શ્રી બાલુભાઈ ગજેરાના ધર્મપત્નિ સ્વ. શ્રી લાભુબહેન ગજેરાનું તા. ૦૫-૦૫-૨૦૨૬ના રોજ ૮૦ વર્ષની વયે અમરેલી મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

**લીમડાની અભિલાષા...**

-અર્ચના દવે

હે હિમાલય બાપુ,
મારે પણ તમારે ખોળે બેસવું છે.
તમારી માટીમાં ઊગવું છે.
દેવદાર,પાઈન,સાગ, સાલ, બ્રહ્મકમળ,
બ્લ્યુબેરી તમને બહુ લાડકાં!
ને હું સાવકો? સાવ પરાયો?
ધરતીમાતાના કેટલાયે કામ કરું - મહેકતી મંજરી,
શીતળ છાયો, મીઠી લીંબોળી આપું !
ખિસકોલી, કોયલ, મોર, બુલબુલ, પોપટ, ચકલાઓ-
કોઈની બેઠક, કોઈનો માળો બની જાઉં...!
મારી છાલ,અમૃતા-ગળો,ગુંદર દિવ્ય ઔષધિઓનો ગુલાલ કરું.
શુદ્ધ પ્રાણવાયુ પ્રસરાવું, નિરાયમ સૌને રાખું.
હે હિમાલય બાપુ,
મારે પણ આવવું છે ઉત્તરાંચલમાં!
કાઠિયાવાડી ગ્રીષ્મ-તાપ મને પણ બેહોશ કરી દે છે!
મારે હિમાલયી ધરામાં અંકૂરિત થવું છે.
એક અભિલાષા છેઃ તમારી ઠંડકમાં,ફ્લાવર વેલીમાં આવવાની-
તમારી કલરવી કેડીઓમાં, નિનાદ કરતી નદીઓને કાંઠે ઊગવાની !

(તા.૧-૫-૨૦૨૬, બુદ્ધપૂર્ણિમા-વૈશાખી પૂનમ)
મો.૭૨૮૫૦૭૩૨૮૭

## શિક્ષણ ગુણવત્તા સંવર્ધન એકમ દ્વારા ધરમપુર વિસ્તારની આશ્રમશાળાઓમાં ચાલતી શૈક્ષણિક પ્રવૃત્તિઓ









## લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા શ્રી લાલચંદભાઈ વોરા બાળ કેળવણી મંદિર બગસરા ખાતે યોજાયેલ ગ્રીષ્મ શિબિર












To.

From :

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*
**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** मेहुलभाई भट्ट - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।
**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-